અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654



પેજ-08

રણબીર કપૂર -સાઈ પલ્લવી, સહ-નિર્માતા નીરજ સંઘઈ અમિત શાહને મળ્યા....

હવામાન

શહેર	મહત્તમ	લઘુત્તમ
અમદાવાદ	32.00	19.00
વડોદરા	33.00	19.00
સુરત	33.00	18.00

પેજ 5



એક મહિનામાં સોનાના ભાવમાં રૂ. 22,000નો ઘટાડો, હવે ખરીદી....

28 NOVEMBER-2026 SATURDAY

ટેરિફ મુદ્દે ટ્રમ્પ સામે ડેમોક્રેટ્સનો હુમલો, સોળ દેશો પર....



પેજ 10

.....સુવિચાર.....

પ્રગતિનો એક જ રસ્તો છે, ક્યારેય પાછળ વળીને ન જોવું.

પેજ-09

લિયોનેલ મેસી તેવેઝના વિદાય મેચમાં રમશે....



વર્ષ-16 । અંક-014 । વિક્રમ સંવત-2082 । કારતક વદ - 04 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

લોકસભાની બેઠકોમાં 50% વધારો અને મહિલાઓને 33% અનામત આપવાનો પ્રસ્તાવ.....

સીમાંકન અને મહિલા અનામત બિલને મોદી કેબિનેટની મંજૂરી

(એજન્સી) નવી દિલ્હી | તા. 27

કેન્દ્રીય કેબિનેટે બંધારણીય સુધારા ખરડાને મંજૂરી આપી છે, જે સીમાંકન પ્રક્રિયા દ્વારા મહિલાઓ માટે બેઠકો અનામત રાખવાની જોગવાઈ કરે છે. તમામ રાજ્યોમાં બેઠકોની સંખ્યામાં ૫૦ ટકાનો વધારો કરવામાં આવશે અને આ વ્યવસ્થા ૨૦૫૧ સુધી અમલમાં રહેશે. સરકારે ૩૦ નવેમ્બરથી લોકસભાનું સત્ર બોલાવ્યું છે. અગાઉ એવી અટકળો હતી કે આ ખરડો લોકસભામાં રજૂ કરવામાં આવી શકે છે; કેન્દ્રીય કેબિનેટની મંજૂરી સાથે હવે આ બાબતની પુષ્ટિ થઈ ગઈ છે. દક્ષિણ ભારતના રાજ્યોએ એવી ચિંતા વ્યક્ત કરી હતી કે લોકસભામાં તેમનું પ્રતિનિધિત્વ ઘટી શકે છે. સરકારે હવે તમામ રાજ્યોમાં બેઠકોની સંખ્યામાં ૫૦ ટકાનો વધારો કરીને આ ચિંતાનું નિરાકરણ કર્યું છે. આ અંગે ચર્ચા કરવા માટે, વડાપ્રધાન મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટની બેઠક બપોરે ૧:૦૦ વાગ્યે યોજાઈ હતી, જેમાં તમામ મંત્રીઓને હાજર રહેવા સૂચના આપવામાં આવી હતી.



કેટલી બેઠકો વધી શકે છે? : સીમાંકન પ્રક્રિયા બાદ, લોકસભામાં બેઠકોની કુલ સંખ્યા ૮૫૦ સુધી પહોંચી શકે છે. સરકારે સીમાંકન ખરડામાં મહિલા અનામતની જોગવાઈનો સમાવેશ કર્યો છે, જે ૨૦૨૯ની લોકસભા ચૂંટણીમાં મહિલાઓ માટે ૩૩ ટકા પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરશે. આ યોજના હેઠળ, લોકસભા બેઠકોની સંખ્યા ઉત્તર પ્રદેશમાં ૮૦ થી વધીને ૧૨૦, બિહારમાં ૪૦ થી ૭૦, મહારાષ્ટ્રમાં ૪૮ થી ૭૨, પશ્ચિમ બંગાળમાં ૪૨ થી ૬૩ અને તમિલનાડુમાં ૩૯ થી વધીને લગભગ ૫૯ થઈ શકે છે.

લોકસભાની બેઠકોમાં 50% સુધીનો વધારો : કેબિનેટની મંજૂરી બાદ લોકસભાની વર્તમાન બેઠકોની સંખ્યામાં 50 ટકા સુધીનો વધારો કરવાનો પ્રસ્તાવ આગળ વધશે. સીમાંકન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ લોકસભાનું નવું માળખું તૈયાર થશે. બેઠકોની સંખ્યા વધવાથી સંસદમાં વધુ સાંસદોને સ્થાન મળી શકે છે અને પ્રતિનિધિત્વના માળખામાં મોટો ફેરફાર જોવા મળી શકે છે.

મહિલાઓને 33 ટકા અનામત આપવાનો પ્રસ્તાવ

સીમાંકન સાથે મહિલા અનામતના અમલને પણ આ બંધારણીય સુધારા સાથે જોડવામાં આવ્યો છે. સરકારનો હેતુ 2029ની લોકસભા ચૂંટણીથી મહિલાઓને 33 ટકા અનામત આપવાનો છે. આ વ્યવસ્થા અમલમાં આવે તો લોકસભામાં મહિલાઓનું પ્રતિનિધિત્વ નોંધપાત્ર રીતે વધી શકે છે. મહિલા અનામત બિલ ના અમલથી લોકસભાની બેઠકોમાં મહિલાઓની ભાગીદારી વધારવા માટે નવી તકો ઊભી થશે અને રાજકીય નિર્ણય પ્રક્રિયામાં મહિલાઓનું પ્રતિનિધિત્વ વધુ મજબૂત બની શકે છે.મહિલા અનામતના અમલ માટે સીમાંકનને મહત્વપૂર્ણ કડી માનવામાં આવી રહી છે.

સીમાંકન બિલને નિષ્ફળ બનાવવા માટે અમારી પૂરી તાકાત લગાવી દઈશું : રાહુલ ગાંધી

(એજન્સી) નવી દિલ્હી | તા. 27

રાહુલ ગાંધીએ કહ્યું, 'અમે તેને રોકવા માટે અમારી પૂરી તાકાત લગાવી દઈશું, જેમ અમે ગયા વખતે કર્યું હતું. અમે તમામ વિરોધ પક્ષોને એકસાથે લાવવાનો પૂરો પ્રયાસ કરીશું, જોકે ઘણો આધાર તેમના પોતપોતાના વલણ પર પણ રહેશે.' આ બેઠક દરમિયાન, રાહુલ ગાંધીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે પક્ષ સીમાંકન બિલને રોકવા માટે પોતાની પૂરી તાકાત લગાવી દેશે.



■ ૨૫ વર્ષ સુધી કોઈ ફેરફાર નહીં: કોંગ્રેસ

તેમણે વધુમાં આરોપ લગાવ્યો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ મહિલા અનામતના બહાને સીમાંકન પંચની રચના અને સીમાંકન પ્રક્રિયાને આગળ વધારવા માંગે છે. કોંગ્રેસની માંગ છે કે લોકસભાની વર્તમાન કુલ બેઠકોની સંખ્યા, તેમજ દરેક રાજ્યને ફાળવવામાં આવેલી બેઠકોની સંખ્યા, આગામી ૨૫ વર્ષ સુધી યથાવત રહેવી જોઈએ.
ગૌરવ ગોગોઈના જણાવ્યા અનુસાર, કોંગ્રેસની એવી પણ માંગ છે કે મહિલાઓ માટે ૩૩ ટકા અનામતનો અમલ હાલની ૫૪૩ બેઠકોના માળખામાં જ કરવામાં આવે.

ચૂંટણી પંચની નિષ્પક્ષતા પર ઉઠાવ્યા સવાલો

કોંગ્રેસ સાંસદે ચૂંટણી પંચની નિષ્પક્ષતા પર પણ સવાલો ઉઠાવ્યા. તેમણે પૂછ્યું કે, જે ચૂંટણી પંચની પોતાની કામગીરી જ તપાસના દાયરામાં છે, તેની હેઠળ નિષ્પક્ષ સીમાંકન પ્રક્રિયાની અપેક્ષા કેવી રીતે રાખી શકાય? તેમણે વધુમાં આરોપ લગાવ્યો કે સરકાર સંસદને સુચારુ રીતે ચલાવવા માંગતી જ નથી; આખરે, જે લોકો એક જ દિવસમાં અનેક સાંસદોને સસ્પેન્ડ કરી દે છે, તેઓ ખરેખર સંસદ યોગ્ય રીતે ચાલે તેવું કેવી રીતે ઈચ્છી શકે?ગોગોઈએ ભારપૂર્વક કહ્યું કે, સરકાર સીમાંકન પ્રક્રિયા દ્વારા દેશના બંધારણમાં ફેરફાર કરવા માંગે છે. આવતીકાલની બેઠકમાં ડીએમકે ની સહભાગિતા અંગે જણાવવામાં આવ્યું હતું કે, યાદી દરેક પક્ષને મોકલી આપવામાં આવશે અને આવતીકાલે તમામ પક્ષો સાથે ચર્ચા કરવામાં આવશે.

ગુજરાતમાં 4.48 કરોડ મતદારોની નવી યાદી જાહેર થઈ

મતદારોની સંખ્યામાં 1.92 ટકાનો વધારો

દિલ્હી | ગુજરાતમાં આગામી ચૂંટણીની તૈયારીઓના ભાગરૂપે ભારતના ચૂંટણી પંચ દ્વારા ફોટો મતદાર યાદીની (Gujarat Voter List 2026) ખાસ સંક્ષિપ્ત સુધારણા (SSR-2027) અંતર્ગત રાજ્યની એકીકૃત મુસદ્દા મતદાર યાદી શુક્રવારે, 27 નવેમ્બરે પ્રસિદ્ધ કરવામાં આવી છે. નવી યાદી મુજબ ગુજરાતમાં કુલ 4,48,77,288 મતદારો નોંધાયા છે. તેમાં 2,30,90,067 પુરુષ, 2,17,86,150 મહિલા અને 1,071 થર્ડ જેન્ડર મતદારોનો સમાવેશ થાય છે. અગાઉની આખરી મતદાર યાદીની સરખામણીએ રાજ્યમાં 8,46,563 મતદારોનો ચોખ્ખો વધારો થયો છે. ચૂંટણી પંચે 17 ફેબ્રુઆરી, 2026ના રોજ પ્રસિદ્ધ કરેલી આખરી મતદાર યાદીમાં ગુજરાતમાં કુલ 4,40,30,725 મતદારો નોંધાયા હતા.

પંજાબમાં ISI માટે જાસુસી કરનાર આરોપીની ધરપકડ

સેના સાથે જોડાયેલી જાણકારી લીક કરવાનો આરોપ

(એજન્સી) પંજાબ | તા. 27

પંજાબ પોલીસની કાઉન્ટર ઈન્ટેલિજન્સ વિંગ (બઠિંડા યુનિટ) એ જાસૂસીના એક નેટવર્કનો પર્દાફાશ કર્યો છે અને પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી, ISI ના એજન્ટો માટે કામ કરતા હોવાના આરોપસર એક વ્યક્તિની ધરપકડ કરી છે. રાષ્ટ્રીય સુરક્ષાના સંદર્ભમાં પંજાબ પોલીસ માટે આ કાર્યવાહીને એક મોટી સફળતા માનવામાં આવી રહી છે. ધરપકડ કરાયેલ વ્યક્તિની ઓળખ ફિરોઝપુર જિલ્લાના જાખરાવા ગામના રહેવાસી સતનામ સિંહ ઉર્ફે 'સત્તુ' તરીકે થઈ છે.



રાષ્ટ્રીય સુરક્ષાના સંદર્ભમાં પંજાબ પોલીસ માટે આ કાર્યવાહીને એક મોટી સફળતા માનવામાં આવી રહી છે. ધરપકડ કરાયેલ વ્યક્તિની ઓળખ ફિરોઝપુર જિલ્લાના જાખરાવા ગામના રહેવાસી સતનામ સિંહ ઉર્ફે 'સત્તુ' તરીકે થઈ છે. બઠિંડા સ્થિત કાઉન્ટર ઈન્ટેલિજન્સ યુનિટે ચોક્કસ ગુપ્ત માહિતીના આધારે, સ્થાનિક બઠિંડા પોલીસ અને મિલિટરી ઈન્ટેલિજન્સ યુનિટ સાથે મળીને આ ઓપરેશન પાર પાડ્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર, પાકિસ્તાન સ્થિત એજન્ટો સાથેના કથિત સંબંધોની માહિતી મળ્યા બાદ આરોપીની અટકાયત કરવામાં આવી હતી.

અગાઉના ત્રણ કેસોમાં વોન્ટેડ

બઠિંડાના સિવિલ લાઈન્સ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા (BNS) 2023 ની કલમ 113(3) અને 152, તેમજ 'ઓફિશિયલ સિક્રેટ્સ એક્ટ, 1923' (સરકારી ગુપ્તચર કાયદો) ની કલમ 3 હેઠળ FIR (નં. 0346, તારીખ 25 નવેમ્બર, 2026) નોંધવામાં આવી છે. પોલીસ તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે આરોપી ફિરોઝપુર જિલ્લામાં નોંધાયેલી અન્ય ત્રણ FIR ના સંબંધમાં પહેલેથી જ વોન્ટેડ હતો.

બાળકના જન્મ પર પુરુષ કર્મચારીઓને મળશે ૧૫ દિવસની રજા



(એજન્સી) તમિલનાડુ | તા. 27

તમિલનાડુ સરકારે રાજ્યના પુરુષ સરકારી કર્મચારીઓના હિતમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લેતા તેમને ૧૫ દિવસની પિતૃત્વ રજા (પેટરનિટી લીવ) આપવાની જાહેરાત કરી છે. મુખ્યમંત્રી સી. જોસેફ વિજયે ગુરુવારે આ અંગે સત્તાવાર જાહેરાત કરવાની સાથે જ જરૂરી આદેશો પણ જારી કરી દીધા છે. રાજ્યના ઈતિહાસમાં પ્રથમ વખત પુરુષ કર્મચારીઓને આ પ્રકારની સુવિધા મળવા જઈ રહી છે. રાજ્ય સરકારના જણાવ્યા અનુસાર, પુરુષ કર્મચારીઓ દ્વારા લાંબા સમયથી પિતૃત્વ રજાની માંગ કરવામાં આવી રહી હતી. કર્મચારીઓની આ લાગણી અને જરૂરિયાતને ધ્યાનમાં રાખીને સરકારે આ ઐતિહાસિક નિર્ણય લીધો છે. આ નિર્ણય પાછળ સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકના ઉછેરમાં પિતાની ભૂમિકાને મહત્વ આપવાનો છે, જેથી તેઓ પણ પોતાના નવજાત શિશુની યોગ્ય દેખભાળ કરી શકે. સરકારે આ પિતૃત્વ રજાનો લાભ લેવા માટે ચોક્કસ સમયમર્યાદા નિર્ધારિત કરી છે. નવા નિયમ મુજબ, પરિણીત પુરુષ સરકારી કર્મચારીઓ બાળકના જન્મના ૧૫ દિવસ પહેલા અથવા બાળકના જન્મ થયાના ૬ મહિનાની અંદર ગમે ત્યારે આ ૧૫ દિવસની રજા મેળવી શકશે. આ વ્યવસ્થાને કારણે કર્મચારીઓને પોતાની અને પરિવારની અનુકૂળતા મુજબ રજા પસંદ કરવાનો પૂરતો વિકલ્પ મળી રહેશે. તમિલનાડુ સરકારનું સ્પષ્ટ માનવું છે કે બાળકની સંભાળ અને ઉછેરની જવાબદારી માત્ર માતા પૂરતી મર્યાદિત ન હોવી જોઈએ, પરંતુ તેમાં પિતાનો સક્રિય સહયોગ પણ એટલો જ આવશ્યક છે.

YouTubeનું ભારતમાં મોટું એક્શન

3 મહિનામાં 34.4 લાખ વીડિયો ડિલીટ, અમેરિકા પણ પાછળ!

(એજન્સી) નવી દિલ્હી | તા. 27

દુનિયાના સૌથી મોટા વીડિયો પ્લેટફોર્મ YouTube પર નિયમોના ઉલ્લંઘન બદલ ભારતમાં મોટી કાર્યવાહી કરવામાં આવી છે. એપ્રિલથી જૂન 2026 દરમિયાન YouTubeએ ભારતમાં અપલોડ કરવામાં આવેલા 34.4 લાખ વીડિયો ડિલીટ કર્યા છે. અગાઉના ક્વાર્ટરની સરખામણીએ આ આંકડામાં 28 ટકાનો વધારો થયો છે. દુનિયાભરમાં આ સમયગાળા દરમિયાન ડિલીટ કરવામાં આવેલા કુલ વીડિયોમાંથી લગભગ 31 ટકા વીડિયો એકલા ભારતના હતા.નકશા જુઓતો તે 100 ટકા શરમજનક છે. એપ્રિલથી જૂન 2026ના ક્વાર્ટરમાં YouTubeએ સમગ્ર દુનિયામાં કુલ 1.1 કરોડ વીડિયો હટાવ્યા હતા. આ યાદીમાં 34.4 લાખ વીડિયો સાથે ભારત પ્રથમ ક્રમે રહ્યું હતું. જ્યારે અમેરિકામાંથી 12.4 લાખ વીડિયો ડિલીટ કરવામાં આવ્યા હતા, જે યાદીમાં બીજા ક્રમે છે. આમ, અમેરિકાની સરખામણીએ ભારતમાં લગભગ ત્રણ ગણા વીડિયો હટાવવામાં આવ્યા હતા.આ યાદીમાં ઈન્ડોનેશિયા 9.2 લાખ વીડિયો સાથે ત્રીજા ક્રમે રહ્યું હતું. YouTube અપલોડ કરાયેલા વીડિયાનો દેશ નક્કી કરવા માટે અપલોડરનું IP એડ્રેસ તપાસે છે. જોકે, ભારતમાં કઈ કેટેગરીના વીડિયો સૌથી વધુ ડિલીટ કરવામાં આવ્યા તેની સ્પષ્ટ માહિતી કંપનીએ આપી નથી.

ગ્લોબલ ટેક જગત અને AI હાર્ડવેર માર્કેટમાં સૌથી મોટો અને સનસનાટીભર્યો ધડાકો

(એજન્સી) નવી દિલ્હી | તા. 27

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ની દુનિયામાં હાઈ-એન્ડ ચિપ્સની માંગ આસમાને પહોંચી છે, ત્યારે હવે આ ક્ષેત્રમાં સૌથી મોટો બદલાવ આવવા જઈ રહ્યો છે. એનવિડિયા સામે નવો પડકાર ઊભો કરતા ગૂગલ અને ઓપનએઆઈ જાતે ચિપ બનાવશે તેવા અહેવાલોથી સમગ્ર વૈશ્વિક ટેકનોલોજી અને સેમિકન્ડક્ટર જગતમાં ભારે હડકંપ અને ચકચાર મચી ગઈ છે. આ હિલચાલ ત્યારે શરૂ થઈ છે જ્યારે એનવિડિયાના સીઈઓ પદે વિવાદાસ્પદ રીતે વિદાય થયા પછી તેનાથી પણ વધુ અકલ્પનીય રીતે જેન્સેન હુઆંગનું પુનરાગમન થયું છે. આમ જેન્સેન હુઆંગ કંપનીમાં પરત તો આવ્યા, પરંતુ કંપની માટે સ્થિતિ પહેલાં જેવી નહીં હોય. વોલસ્ટ્રીટ જનલના અહેવાલ મુજબ કસ્ટમ-મેડ ચિપ્સનું બજાર ઝડપથી વૃદ્ધિ પામી રહ્યું છે અને



હરીફો આ બજારમાં મોટો હિસ્સો મેળવવા આતુર છે. જો કે તેની જૂની ટીમમાં હુઆંગના જમાઈ નિકો કેપ્રેઝે કેટલાક ચિપ ઉત્પાદકોને ખાતરી આપી છે કે તેમનો કારોબાર સ્થિર છે, પરંતુ એનવિડિયા હવે જે પડકારોનો સામનો કરી રહ્યુ છે તેની અવગણના કરવી અઘરી છે. આમ હાલમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)નું બજાર એકદમ અસ્થિર બન્યું છે અને ગ્રાહકો ચિપ્સના સપ્લાયના સ્ત્રોતનું વૈવિધ્યીકરણ કરી રહ્યા છે ત્યારે હુઆંગે આ સ્થિતિમાં ફરીથી પુરવાર કરવું પડશે કે તે કંપની ચલાવવા સક્ષમ છે. હુઆંગની સામે હજી પણ તેની વર્તણૂકને લઈને તપાસ જારી જ છે, તેમણે ત્રીજી ડિસેમ્બરે સેનેટની સમિતિ સમક્ષ લાઈવ સ્ટ્રીમ જુબાની આપવાની છે. આમ હુઆંગના પડકારો હજી પૂરા થયા નથી. હુઆંગના પુનરાગમનના સમાચાર પછી વધેલો શેર મંગળવારે પાછો છ ટકા તૂટ્યો હતો.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ આંકડા જાહેર કર્યા, સતત બીજા સપ્તાહે ઘટાડો નોંધાયો

ભારતના વિદેશી મુદ્રા ભંડારમાં ફરી ઘટાડો

(એજન્સી) નવી દિલ્હી | તા. 27

ભારતના વિદેશી મુદ્રા ભંડારમાં વધુ એક ઘટાડો જોવા મળ્યો છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના તાજેતરના આંકડા મુજબ, 20 નવેમ્બરે પૂરા થયેલા સપ્તાહમાં દેશનો વિદેશી મુદ્રા ભંડાર 4.443 અબજ ડોલર ઘટીને 700.898 અબજ ડોલર પર આવી ગયો છે. તેના અગાઉના સપ્તાહમાં પણ 14.205 અબજ ડોલરનો મોટો ઘટાડો નોંધાયો હતો, જેના કારણે ભંડાર ઘટીને 705.342 અબજ ડોલર થયો હતો. આ વર્ષે 4 સપ્ટેમ્બરના રોજ, ભારતનો વિદેશી મુદ્રા ભંડાર 785.706 અબજ ડોલરની વિક્રમી ઊંચાઈએ પહોંચ્યો હતો. ત્યારથી તેમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. તે સમયે, બેંકોએ એક વિશેષ યોજના હેઠળ વિદેશમાં વસતા ભારતીયો પાસેથી રેકોર્ડ 133 અબજ ડોલરની વિદેશી મુદ્રા એકત્ર કરી હતી, જેના કારણે દેશના વિદેશી મુદ્રા ભંડારમાં નોંધપાત્ર વધારો થયો હતો. RBIના આંકડા મુજબ, વિદેશી મુદ્રા અસ્કયામતોએ વિદેશી મુદ્રા ભંડારનો સૌથી મોટો હિસ્સો છે. 20 નવેમ્બરે પૂરા થયેલા સપ્તાહમાં, આ અસ્કયામતો 266 મિલિયન ડોલર ઘટીને 583.186 અબજ ડોલર થઈ ગઈ છે. વિદેશી મુદ્રા અસ્કયામતોમાં માત્ર યુએસ ડોલર જ નહીં, પરંતુ યુરો, બ્રિટિશ પાઉન્ડ અને જાપાનીઝ યેન જેવી અન્ય વિદેશી મુદ્રાઓનો પણ સમાવેશ થાય છે. યુએસ ડોલરની સામે આ મુદ્રાઓના મૂલ્યમાં થતા ફેરફારો પણ વિદેશી મુદ્રા ભંડારના આંકડા પર અસર કરે છે.



સતત બીજા સપ્તાહે સુવર્ણ ભંડારમાં નોંધપાત્ર ઘટાડો : દેશના સુવર્ણ ભંડારમાં પણ સતત બીજા સપ્તાહે નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. RBI અનુસાર, આ સમયગાળા દરમિયાન સુવર્ણ ભંડાર 4.095 અબજ ડોલર ઘટીને 94.519 અબજ ડોલર થઈ ગયો છે. આ ઉપરાંત, આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ પાસે રહેલા સ્પેશિયલ ડ્રોઇંગ રાઇટ્સમાં 67 મિલિયન ડોલરનો ઘટાડો થયો છે, જેનાથી તે ઘટીને 18.451 અબજ ડોલર પર આવી ગયા છે. તે જ સમયે, IMF પાસે ભારતની રિઝર્વ સ્થિતિમાં પણ 15 મિલિયન ડોલરનો ઘટાડો નોંધાયો છે, જેનાથી તે 4.743 અબજ ડોલર થઈ ગઈ છે.

શેરમાર્કેટ ધડામ..સેન્સેક્સ 989.34 પોઇન્ટ તૂટ્યો

મુંબઈ | ભારતીય શેરબજાર પાટા પરથી ઉતરી ગયું છે. સેન્સેક્સ 989.34 પોઇન્ટ તૂટીને 83,339.26 અંકે બંધ થયો. જ્યારે BSE 50 277.30 પોઇન્ટના ઘટાડા સાથે 25,607.20 અંકે બંધ થયો છે. સેક્ટોરલ સૂચકાંકોના દેખાવ પર નજર કરીએ તો, આજે સમગ્ર બજારમાં નરમાઈ (ઘટાડો) જોવા મળી હતી. આઈટી (IT) સેક્ટરને સૌથી મોટો ફટકો પડ્યો હતો, જેમાં 'નિફ્ટી આઈટી' (Nifty IT) સૂચકાંક1.88%ના નોંધપાત્ર ઘટાડા સાથે બંધ થયો હતો. આ ઉપરાંત, ઓટોમોબાઈલ અને રિયલ એસ્ટેટ શેરોમાં પણ ભારે વેચવાલી જોવા મળી હતી; ટ્રેડિંગ સત્રના અંતે 'નિફ્ટી ઓટો' (Nifty Auto) સૂચકાંક 1.48% અને 'નિફ્ટી રિયાલ્ટી' (Nifty Realty) સૂચકાંક 1.43% ઘટ્યા હતા. આ ત્રણ મુખ્ય ક્ષેત્રોમાં 1% થી 1.5% થી વધુનો ઘટાડો થવાને કારણે બજારના સેન્ટિમેન્ટ પર નકારાત્મક અસર પડી હતી.

Nippon India Mutual Fund

Mutual Fund Investor Awareness Program

To increase awareness about Mutual Funds, we conduct Investor Awareness Programmes (IAPs) across the country. The schedule of upcoming IAPs is as mentioned below

Date	Time	Location
30 November, 2026	6:00 PM	Ahmedabad

Venue : AMA - Ahmedabad Management Association, 1, Dr. Vikram Sarabhai Marg, University Area, Ahmedabad - 380015.

Name : Parvindar Singh | Mobile : 9327002503

Nippon Life India Asset Management Limited | CIN : L65910MH1995PLC220793

Mutual Fund Investments are subject to market risks, read all scheme related documents carefully.

આમ આદમી પાર્ટીના નેતાઓએ ધોળકાના સરગવાળાના પીડિત ખેડૂતોની લીધી મુલાકાત

AAP પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, કિસાન મોરચા પ્રમુખ પ્રવીણ રામ અને નેશનલ જોઈન્ટ સેક્રેટરી રાજુભાઈ સોલંકી સરગવાળા પહોંચ્યા

(એજન્સી) અમદાવાદ । તા. 27

ધોળકાના સરગવાળામાં ખેડૂતો પર થયેલા અત્યાચારના મુદ્દે આજે આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, કિસાન મોરચાના પ્રદેશ પ્રમુખ પ્રવીણ રામ અને નેશનલ જોઈન્ટ સેક્રેટરી રાજુભાઈ સોલંકી સહિતના આગેવાનો સરગવાળા પહોંચ્યા હતા. આમ આદમી પાર્ટીના આગેવાનોએ પીડિત ખેડૂતોની મુલાકાત લઈને તેમની વ્યથા જાણી હતી અને ખેડૂતોને ન્યાય અપાવવા માટે તેમની સાથે મજબૂતીથી ઊભા રહેવાની ખાતરી આપી હતી. આ મુલાકાત દરમિયાન આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, ધોળકા તાલુકાના સરગવાળા ગામે પાઈપલાઈનનો શાંતિપૂર્ણ રીતે વિરોધ કરી રહેલા ખેડૂતો પર ભાજપ સરકાર દ્વારા ખોટી FIR કરવામાં આવી છે અને ખેડૂતોને દબાવવા માટે 'હત્યાની કોશિશ' જેવી ગંભીર કલમો લગાવવામાં આવી છે. ભાજપ સરકાર કંપનીઓની સરકાર છે. ખેડૂતોની સહમતી વગર પાઈપલાઈન નખાઈ રહી હતી ત્યારે શાંતિપૂર્ણ રીતે વિરોધ કરી રહેલા ખેડૂતો પર અંગ્રેજોએ પણ ન કર્યો હોય એ રીતે અત્યાચાર કરવામાં આવ્યો. હડદડ કાંડમાં જે પેટર્ન જોવા મળી હતી, એ જ પેટર્ન સરગવાળામાં પણ જોવા મળી. તેમના પોતાના માણસો દ્વારા ખેડૂતો પર હુમલો થાય અને ખેડૂતો પર દબાણ બનાવવામાં કેસ કરવામાં આવે છે. બ્રિજરાજ સોલંકી સહિત 6 ખેડૂતોને ખોટી રીતે જેલમાં નાખવામાં આવ્યા છે.

વધુમાં આમ આદમી પાર્ટીના નેતા ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, આજે અમે આ ખેડૂતોના પરિવારોની પીડા જાણવા અને આગળની પ્રોસેસ વિશે માહિતી આપવા પધાર્યા હતા. આ ગેસની પાઈપલાઈન દ્વારકા જિલ્લામાંથી પણ નીકળે છે, અને ત્યાં પણ વિરોધ થઈ રહ્યો છે. તો ખેડૂતોને દબાવીને કંપનીઓ સહેલાઈથી પાઈપલાઈન નાખી શકે, એવી ભાજપ સરકારની નીતિ છે. આજે આ ખેડૂતોનો વારો આવ્યો છે, કાલે બીજા ખેડૂતોનો વારો આવશે. માટે મારી અપીલ છે કે તમામ ખેડૂતો એક થઈએ. ભાજપના કોળી સમાજના નેતાઓએ આ મુદ્દે પોતાના સમાજના ખેડૂતોના પક્ષમાં રહીને નિવેદન આપવું જોઈએ. ખેડૂતો પર થઈ રહેલા અન્યાય સામે તમામ સમાજના આગેવાનો આગળ આવે અને ખેડૂતોને સાથ આપે.

ખેડૂતોને ન્યાય અપાવવા માટે આમ આદમી પાર્ટી તેમની સાથે છે અને ખેડૂતોના કેસ લડવાથી લઈને કેસ રદ કરાવવા તથા ખેડૂતોને જેલમાંથી બહાર કઢાવવા સુધીની જવાબદારી આમ આદમી પાર્ટીએ લીધી છે. આમ આદમી પાર્ટી દ્વારા ખેડૂતોના સમર્થનમાં આગામી 29 નવેમ્બરના રોજ વટામણ ચોકડી પાસે ખેડૂત મહાપંચાયતનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહાપંચાયતમાં મોટી સંખ્યામાં ખેડૂતો અને સમાજના આગેવાનો જોડાઈને ખેડૂતોને ન્યાય અપાવવા માટે એકજૂટ થાય તેવી અમારી અપીલ છે.



ગુજરાતના નાથ દ્વારકાના નાથના આંગણે આવે છે ત્યારે દુષ્કાળગ્રસ્ત ખેડૂતોના ઘરે એક રાત રોકાય : ઈસુદાન ગઢવી

(એજન્સી) અમદાવાદ | તા. 27

આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ મુખ્યમંત્રીના દ્વારકા પ્રવાસ અંગે મહત્વની માંગણીઓ કરતા જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રીનું પદ કોઈ એક પરિવાર, જ્ઞાતિ કે પાર્ટીનું નહીં પરંતુ સર્વ સમાજ અને સર્વ વર્ગનું ગરિમામય પદ છે, તેથી જ તેમને 'ગુજરાતના નાથ' કહેવાય છે. આજે જ્યારે ગુજરાતના નાથ દ્વારકાના નાથના આંગણે દર્શન કરવા પધારી રહ્યા છે, ત્યારે દેવભૂમિ દ્વારકા, જામનગર અને પોરબંદર જેવા દુષ્કાળગ્રસ્ત વિસ્તારોની સ્થિતિ પર ધ્યાન આપવું અત્યંત જરૂરી છે. જેમ મુખ્યમંત્રી આદિવાસી વિસ્તારમાં બે-ત્રણ દિવસ રોકાયા હતા, તેમ તેઓ દ્વારકા, જામનગર અને પોરબંદરના ગામડાઓમાં ખેડૂતોના ઘરે એક-એક રાત રોકાય તેવી વિનંતી છે; ભલે તેનાથી તેમની પાર્ટીને ફાયદો થાય, પણ તેઓ ખેડૂતોની વાસ્તવિક પીડાથી વાકેફ થશે. હાલ ખેડૂતો કર્જમાં ડૂબેલા છે, ખાતામાં નાણા નથી, શિયાળુ પિયત શક્ય નથી, ઉઘરાણીના ફોન અને પીજીવીસીએલના દંડનો માર સહન કરી રહ્યા છે, તેમજ નર્મદા કે સિંચાઈ તો દૂર, પીવાના પાણીની પણ તંગી છે. આ ઉપરાંત પશુઓ માટે ઘાસચારાની અછત છે, દુષ્કાળ જાહેર થયાને મહિનો થવા છતાં રાહત કાર્યો શરૂ



થયા નથી અને અગાઉ કમોસમી વરસાદમાં બે હેક્ટરે ૪૪,૦૦૦ ની સામે આ વખતે જાહેર કરેલા માત્ર ૮,૫૦૦ પણ ખેડૂતોને મળ્યા છે કે કેમ તે અંગે મુખ્યમંત્રી સ્થળ પર જઈને તપાસ કરે અથવા મીડિયા સંબોધનમાં આ સવાલોના જવાબ આપે.

બીજી તરફ દ્વારકાના નાથને પ્રાર્થના કરતા ઈસુદાન ગઢવીએ કહ્યું કે, ગુજરાતના નાથ કદાચ ધ્વજા ચઢાવીને પોતાનું સીએમ પદ અકબંધ રહે અને લોકો બધી પીડા ભૂલીને જ્ઞાતિ-જાતિના વાડામાં વીંટાઈને ફરી ભાજપને મત આપે તેવી પ્રાર્થના કરશે, પરંતુ ભગવાન દ્વારકાધીશ તેમને પૂછે કે માલધારીઓ, ખેડૂતો અને ગરીબ વર્ગ પીડિત છે ત્યારે તેમણે ગુજરાતના નાથ તરીકેની જવાબદારી કેટલી નિભાવી? દ્વારકાધીશને હાથ જોડીને વિનંતી છે કે તેઓ મુખ્યમંત્રીને એવી સદબુદ્ધિ આપે જેથી દર્શન કર્યા બાદ તેઓ ખેડૂતોના ખાતામાં ૪૪,૦૦૦ જમા કરાવે અથવા એવો ચમત્કાર કરે કે ખેડૂતોના દેવા માફ થઈ જાય, નહીંતર તેઓ જનતાના પૈસે ચાર્ટર પ્લેન અને હેલિકોપ્ટરમાં આવીને માત્ર દર્શન કરી પાછા ગાંધીનગર ઉડી જશે. તેમણે દ્વારકાવાસીઓ વતી સૌને આવકારતા ખેડૂતોને પણ અપીલ કરી કે તેઓ સોશિયલ મીડિયાના માધ્યમથી ગુજરાતના નાથને પોતાના પ્રશ્નો પૂછે અને દ્વારકાના નાથને પ્રાર્થના કરે.

1. મુખ્યમંત્રી ચાર્ટર પ્લેનમાં આવી દ્વારકા દર્શન કરી પાછા ગાંધીનગર ન ઉડી જાય, ખેડૂતોના પ્રશ્નોના જવાબ આપે: ઈસુદાન ગઢવી
2. દ્વારકા, જામનગર અને પોરબંદરના ખેડૂતો કર્જમાં ડૂબ્યા, ₹૪૪,૦૦૦ ની સામે માત્ર ₹૮,૫૦૦ કેમ?: ઈસુદાન ગઢવી
3. દ્વારકાધીશ મુખ્યમંત્રીને સદબુદ્ધિ આપે અને ખેડૂતોના દેવા માફ કરાવે તેવી પ્રાર્થના: ઈસુદાન ગઢવી
4. આદિવાસી સમાજની જેમ દુષ્કાળગ્રસ્ત સૌરાષ્ટ્રના ખેડૂતોના ઘરે પણ મુખ્યમંત્રી રાત્રિ રોકાણ કરે: ઈસુદાન ગઢવી
5. પીજીવીસીએલના દંડ, ઉઘરાણી અને પાણીની તંગી વચ્ચે ખેડૂતો પીડાય છે, સરકાર સ્થળ પર સ્થિતિ જુએ: ઈસુદાન ગઢવી
6. મુખ્યમંત્રીનું પદ સર્વ સમાજનું છે, દ્વારકા પ્રવાસમાં ખેડૂતોની વાસ્તવિક પીડા જાણવા ગામડાઓમાં જાય: ઈસુદાન ગઢવી

ખેડૂતો અને બ્રિજરાજ સોલંકીના સમર્થનમાં 29 નવેમ્બરે વટામણ ખાતે ખેડૂત મહાપંચાયત યોજાશે: રમેશ મેર

ભાજપ સરકારના ખેડૂતો પરના દમન સામે હવે તમામ સમાજે એક થવું પડશે



અમદાવાદ | આમ આદમી પાર્ટીના સુરેન્દ્રનગર જિલ્લા પ્રમુખ અને ખેડૂત નેતા રમેશ મેરે પ્રેસ કોન્ફરન્સના માધ્યમથી જણાવ્યું હતું કે, હાલ ભાજપ સરકાર, અમુક કંપનીઓ અને કંપનીના ભાડુતી લોકો દ્વારા ખેડૂતો પર ખોટા કેસો કરવામાં આવી રહ્યા છે લાઠીચાર્જ કરવામાં આવી રહ્યો છે અને ખેડૂતોની પોતાની માલિકીની જમીનમાંથી તેમને હટાવવાનું કામ કરવામાં આવી રહ્યું છે. શા માટે ખેડૂતો પર જ અત્યાચાર કરવામાં આવે છે?

ખેડૂતોની પોતાની જમીનમાંથી તેમને હટાવી ખોટા કેસો કરવામાં આવે છે, ભાજપ સરકાર ખેડૂતો પર અત્યાચાર કેમ કરે છે?

તેમની જ જમીનો ઉપર જબરદસ્તી કરવામાં આવે છે? સમગ્ર ગુજરાતમાં કોળી સમાજના લોકોએ ભાજપને ખોબલેને ખોબલે મત આપ્યા છે, પરંતુ કોળી સમાજના દીકરા - દીકરીઓ પર ખોટા કેસો કરવામાં

કોળી સમાજે ભાજપને ખોબલે ખોબલે મત આપ્યા, છતાં કોળી સમાજના દીકરા-દીકરીઓ પર ખોટા કેસો કરવામાં આવે છે

આવી રહ્યા છે. ભાવનગરમાં મહિલાઓને કસ્ટડીમાં રાખીને ઢોર માર મારવામાં આવ્યો હતો. એવી જ રીતે જસદણ વિંછીયામાં કોળી સમાજના દિકરા દીકરીઓ પર ખોટા કેસ કરીને તેમને જેલમાં મોકલવામાં આવ્યા. વધુમાં આમ આદમી પાર્ટીના નેતા રમેશ મેરે જણાવ્યું હતું કે, બોટાદના કડદાકાંડ આંદોલન બાદ ખેડૂતોને ચાર ચાર મહિના સુધી જેલમાં રાખવામાં આવ્યા હતા. સરગવાળામાં પણ જ્યારે જીએસપીએલની લાઈનો આવી તો એ પાઈપલાઈનને બચાવવા માટે ક્યાંક ને ક્યાંક ભાજપે ઠેકો લઈ લીધો હોય એવું લાગી રહ્યું છે, તો ત્યાં ખેડૂતોના સમર્થનમાં આમ આદમી પાર્ટીના પ્રદેશ યુવા મોરચાના પ્રમુખ બ્રિજરાજ સોલંકી પહોંચ્યા હતા.

તો તેમના સહિત બીજા અન્ય આગેવાનો પર ખોટા કેસ કરીને જેલમાં મોકલ્યા. તો હું ખેડૂત સમાજ સહિત તમામ સમાજને આહવાહન કરું છું કે ભાજપ સરકાર સતત ખેડૂતો પર દમન કરી રહી છે, તો હવે આપણે એક થઈએ. આમ આદમી પાર્ટી દ્વારા 29 નવેમ્બરના રોજ ધોળકા તાલુકાના વટામણ ખાતે બપોરે બે કલાકે ખેડૂત મહાપંચાયતનું આયોજન કર્યું છે, તો ખેડૂતો અને બ્રિજરાજ સોલંકીના સમર્થનમાં વધુમાં વધુ લોકો પધારે એવી અમારી અપીલ છે.

યુવા પાટીદાર આગેવાન જયેશ પટેલ આપમાં જોડાયા



અમદાવાદ | આજે આમ આદમી પાર્ટીના પરિવારમાં યુવા પાટીદાર આગેવાન જયેશભાઈ પટેલ જોડાયા હતા. SPG ગ્રુપના માધ્યમથી પાટીદાર અનામત આંદોલનમાં સક્રિય ભૂમિકા ભજવનાર જયેશભાઈ પટેલ સામાજિક સરોકાર સાથે લાંબા સમયથી જોડાયેલા રહ્યા છે. યુવાનો વચ્ચે તેમનું સામાજિક જોડાણ અને સક્રિયતા તેમની આગવી ઓળખ રહી છે. આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ સહ-પ્રભારી ગુલાબસિંહ યાદવ અને સેન્ટ્રલ ઝોન પ્રભારી એડવોકેટ ચંદ્રશેખર રાવતની ઉપસ્થિતિમાં જયેશભાઈ પટેલે આમ આદમી પાર્ટીની વિચારધારામાં વિશ્વાસ વ્યક્ત કરીને પાર્ટીમાં જોડાવાનો નિર્ણય લીધો હતો. આમ આદમી પાર્ટીને વિશ્વાસ છે કે તેમના અનુભવ, સામાજિક જોડાણ અને યુવા ઊર્જાથી પાર્ટીના સંગઠનને નવી મજબૂતી મળશે.

પશ્ચિમ રેલવે ચલાવશે અમદાવાદ અને તિરુવનંતપુરમ વચ્ચે વન-વે સ્પેશિયલ ટ્રેન

અમદાવાદ | પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને અમદાવાદ અને તિરુવનંતપુરમ નોર્થ વચ્ચે વિશેષ ભાડા સાથે વન-વે સ્પેશિયલ ટ્રેન ચલાવવામાં આવી રહી છે. આ ટ્રેનની વિગતો નીચે મુજબ છે:ટ્રેન સંખ્યા 09475 અમદાવાદ-તિરુવનંતપુરમ નોર્થ વન-વે સ્પેશિયલ ટ્રેન. ટ્રેન સંખ્યા 09475 અમદાવાદ-તિરુવનંતપુરમ નોર્થ વન-વે સ્પેશિયલ ટ્રેન 29 નવેમ્બર, 2026 (રવિવાર)ના રોજ અમદાવાદથી રાત્રે 01:00 કલાકે ઉપડશે અને બીજા દિવસે (સોમવાર) 16:30 કલાકે તિરુવનંતપુરમ નોર્થ પહોંચશે.આ ટ્રેન માર્ગમાં આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, વાપી, પાલઘર, વસઈ રોડ, પનવેલ, રોહા, રત્નાગિરી, મડગાંવ, થોકુર, મેંગલુરુ, ઉલ્લાલ, ષોરનૂર, એર્નાકુલમ, અલપ્પુઝા અને કોલ્લમ સ્ટેશનો પર રોકાશે.આ ટ્રેનમાં સ્લીપર શ્રેણી અને સામાન્ય દ્વિતીય શ્રેણીના કોચ રહેશે.ટ્રેન સંખ્યા 09475નું બુકિંગ 28 નવેમ્બર, 2026થી તમામ પેસેન્જર રિઝર્વેશન સેન્ટરો તથા આઈઆરસીટીસીની વેબસાઇટ પર શરૂ થશે.ટ્રેનના સ્ટોપેજ, સમય તથા કોચની સંરચના અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને ભારતીય રેલવેની વેબસાઇટ www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

વગર વરસાદે ઓઢવ રિંગ રોડે પડ્યો ભુવો, AAP નેતા જૈમિન દેસાઈએ તંત્રનો ઉધડો લીધો

અમદાવાદ | અમદાવાદના ઓઢવ રિંગ રોડ બ્રિજ પૂરો થતાં વસ્ત્રાલ તરફ જવાના રસ્તા પર મોટો ભુવો પડી જતાં સ્થાનિક રહીશો, વાહનચાલકો અને રાહદારીઓ ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. રસ્તા પર પડેલા આ ભુવાના કારણે ગમે ત્યારે ગંભીર અકસ્માત સર્જાવાની ભીતિ સેવાઈ રહી છે. આ અંગે એક જાગૃત નાગરિક દ્વારા આમ આદમી પાર્ટીના યુવા નેતા જૈમીનભાઈ દેસાઈને જાણ કરવામાં આવતાં તેમણે તાત્કાલિક સ્થળની મુલાકાત લીધી હતી અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ટોલ ફ્રી નંબર પર ફરિયાદ નોંધાવી ભુવો પૂરવા તેમજ રસ્તાનું સમારકામ કરવા તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી હતી. જોકે, ફરિયાદ અને રજૂઆત કરવા છતાં તંત્રના અધિકારીઓ દ્વારા હજુ સુધી કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યાં નથી, જેના કારણે સ્થાનિક લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.AAP યુવા નેતા જૈમિન દેસાઈએ જણાવ્યું હતું કે, એક તરફ અમદાવાદને સ્માર્ટ સિટી બનાવવાની વાતો કરવામાં આવે છે, તો બીજી તરફ શહેરના મુખ્ય માર્ગો પર પડેલા ભુવા પણ તંત્ર દ્વારા સમયસર પૂરવામાં આવતા નથી. શું તંત્ર કોઈ મોટી દુર્ઘટના સર્જાય અને નિર્દોષ નાગરિકોના જીવ જોખમમાં મુકાય ત્યાર બાદ જ જાગશે? આમ આદમી પાર્ટી માંગ કરે છે કે ઓઢવ રિંગ રોડ બ્રિજ પાસે વસ્ત્રાલ તરફ જવાના રસ્તા પર પડેલા ભુવાને તાત્કાલિક પૂરવામાં આવે અને રસ્તાનું યોગ્ય સમારકામ કરવામાં આવે, જેથી કોઈ જાનહાનિ કે અકસ્માત સર્જાય નહીં.





સ્વનિર્ભર શાળાઓની ફી નક્કી કરતી FRCને બંધ કરવા માગ : શાળા સંચાલક મહામંડળનો DEOને સત્તા સોંપવા CMને પત્ર



(એજન્સી) અમદાવાદ | તા. 27

રાજ્યની સ્વનિર્ભર શાળાઓની ફી નક્કી કરતી ફી નિર્ધારણ સમિતિ (FRC)ને બંધ કરી અગાઉની જેમ જિલ્લા શિક્ષણાધિકારી (DEO) અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને સત્તા સોંપવા રાજ્ય શાળા સંચાલક મહામંડળે મુખ્યમંત્રીને પત્ર લખી રજૂઆત કરી છે. વર્ષ 2017ના ફી નિયમન કાયદા બાદ ફીના ધોરણોમાં વધારો ન થયાનો આક્ષેપ કરી, FRC બંધ નહીં કરાય તો સરકાર સામે હાઈકોર્ટમાં જવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે. રાજ્ય શાળા સંચાલક મહામંડળના અધ્યક્ષ ભાસ્કર પટેલે જણાવ્યું હતું કે, વર્ષ 2017માં ગુજરાત સરકારે FRCનો કાયદો અમલમાં મૂક્યો હતો. 25 એપ્રિલ 2017ના રોજ રાજ્યની સ્વનિર્ભર શાળાઓમાં પ્રાથમિકમાં 15 હજાર, માધ્યમિકમાં 25 હજાર, સામાન્ય પ્રવાહમાં 27 હાજર અને વિજ્ઞાન પ્રવાહમાં 30 હજાર ફીના ધોરણ નક્કી કરવામાં આવ્યા હતા. જ્યારે રાજ્ય સરકાર એમની શાળાઓમાં એવું સ્વીકારે છે કે દર વર્ષે 7 ટકા વધારો આપવો જોઈએ. બીજી તરફ 9 વર્ષ પૂર્ણ થવા છતાં સ્વ નિર્ભર શાળાઓને કોઈ વધારો મળ્યો નથી.

FRC બિન જરૂરી ઊભું કરેલું નાટક હોવાનું કહી ભાસ્કર પટેલે જણાવ્યું કે, અત્યારે 63 ટકા જેટલો વધારો કરવો જોઈએ અને રાજ્યની સ્વનિર્ભર શાળાઓને તેનો લાભ મળવો જોઈએ, તેને લઈ જઈશ રાજ્ય શાળા સંચાલક મહામંડળ દ્વારા મુખ્યમંત્રીને લેખિતમાં રજૂઆત કરી છે. રાજ્ય સરકારે એક કમિટીની નિમણૂંક કરી હતી, તેનો અહેવાલ પણ 2023થી શિક્ષણ વિભાગમાં કબાટમાં બંધ છે. જો આ અંગે તાત્કાલિક નિર્ણય નહીં લેવામાં આવે તો રાજ્ય શાળા સંચાલક મહામંડળ દ્વારા રાજ્ય સરકાર સામે નામદાર હાઈકોર્ટમાં જવાની ફરજ પડશે.

FRCમાં ઘણા લાંબા સમય સુશી ફાઈલો પડી રહે છે, તેમજ ફી વધારો માંગવા 2-2 કિલોની ફાઈલો બનાવીને મોકલવી પડે છે. અગાઉ DEO દ્વારા પોતાની વિવેક બુદ્ધિ વાપરી શાળાઓને ફી વધારો આપવામાં આવતો હતો, જેથી બિન જરૂરી ઊભું કરેલું FRCનું નાટક બંધ કરવા પણ મુખ્યમંત્રી પાસે માગ કરી છે.

આગની જ્વાળાઓ દૂર-દૂર સુધી દેખાઈ : ઈસનપુર ભૈરવનાથ રોડ ઉપર મોબાઈલ ટાવરમાં આગ

અમદાવાદ | અમદાવાદ શહેરના ઈસનપુર વિસ્તારમાં આવેલા ભૈરવનાથ રોડ ઉપર મોડીરાત્રે એક મોબાઈલ ટાવરના ઉપરના ભાગે અચાનક આગ લાગવાની ઘટના બની હતી. આગની જ્વાળાઓ ઝડપથી નીચેના ભાગ સુધી પ્રસરતા સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. જોકે ફાયર બ્રિગેડની ત્રણથી વધુ ગાડીઓએ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવી લેતા કોઈ જાનહાનિ થઈ નહોતી.

ટાવરના ઉપરના ભાગે લાગેલી આગ જોતજોતામાં વિકરાળ બની નીચે સુધી પહોંચી જતાં સ્થાનિક રહીશોએ તાત્કાલિક ફાયર વિભાગને જાણ કરી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખી તંત્ર દ્વારા સુરક્ષાના ભાગરૂપે ભૈરવનાથ રોડ બંધ કરી દેવામાં આવ્યો હતો અને ફાયરની ટીમે આગ બુઝાવી હતી. આ દુર્ઘટનામાં મોબાઈલ ટાવરના કેબલ સહિતના ઉપકરણો બળી ગયા હતા, પરંતુ સદનસીબે કોઈ જાનહાનિ નોંધાઈ નથી.

લાંભામાં શાકભાજીની લારીવાળા પાસેથી પૈસા ઉઘરાવી શખસે ગાડીવાળાને આપ્યાં

(એજન્સી) અમદાવાદ | તા. 27



અમદાવાદમાં રોડ ઉપર શાકભાજી સહિત અન્ય લારીઓના દબાણના કારણે ટ્રાફિક સમસ્યા થતી હોય છે. રોડ ઉપર લારીઓ સહિતના દબાણો હટાવવાની જવાબદારી મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગની છે, ત્યારે એસ્ટેટ વિભાગના દબાણની ગાડીના કોન્ટ્રાક્ટના માણસો દ્વારા લારીઓ વાળા પાસેથી પૈસા લેતા હોવા અંગેનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. એક વ્યક્તિ લારીઓ વાળા પાસેથી પૈસા ઉઘરાવીને ભેગા કરીને GJ01 DT 2965ની ગાડીમાં બેઠેલા વ્યક્તિને આપવામાં આવે છે, જે પૈસા આપ્યા બાદ ગાડી લઈને ત્યાંથી તેઓ જતા રહે છે. આ વીડિયો શહેરના લાંભા વોર્ડમાં આવતા ઈસનપુર આસપાસની હદનો હોવાનું જાણવા મળ્યું છે. દક્ષિણ ઝોનના એસ્ટેટ વિભાગના ડેપ્યુટી એસ્ટેટ ઓફિસર કિશોર પટેલને દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, આ વીડિયો અમારા ધ્યાન ઉપર આવ્યો છે. લાંભા વોર્ડમાં આવતી જગ્યા પરનો આ વીડિયો છે. દક્ષિણના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર દિનેશ ગુરવે જણાવ્યું હતું કે, વાઈરલ વીડિયોના આધારે તપાસ કરવામાં આવી છે. દબાણની ગાડીમાં એક કાયમી ડ્રાઈવર અને કાયમી મજૂર તેમજ બે કોન્ટ્રાક્ટરના માણસો છે. કાયમી મજૂર અને ડ્રાઈવરને સસ્પેન્ડ કરવાની કાર્યવાહી કરવામાં આવશે. તેમજ કોન્ટ્રાક્ટરના બંને માણસોને છૂટા કરવાની સૂચના કોન્ટ્રાક્ટર એજન્સીને આપી દેવામાં આવી છે. અગાઉ જાણ કરાતી હોવાનો અને પૂરતી કામગીરી ન થવાનો આક્ષેપ શહેરમાં ટ્રાફિક સમસ્યા માટે જવાબદાર લારીઓ અને અન્ય દબાણો દૂર કરવા માટે એસ્ટેટ વિભાગની ગાડીઓ ફરે છે.

AMTSના નવા રૂટ-સ્ટોપ-સમય માટે નાગરિકો પાસેથી સૂચનો મંગાયા: બજેટમાં સમાવેશ થઈ શકે

(એજન્સી) અમદાવાદ | તા. 27



અમદાવાદના નાગરિકો જાહેર પરિવહન સેવાનો વધુમાં વધુ ઉપયોગ કરે તે હેતુથી અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ (AMTS) દ્વારા શહેરમાં નવી બસો અને નવા રૂટ શરૂ કરવાનું આયોજન હાથ ધરાયું છે. આ માટે AMTS તંત્ર દ્વારા આગામી 7 ડિસેમ્બર સુધીમાં શહેરીજનો પાસેથી નવા રૂટ, બસ સ્ટોપ અને ફ્રિકવન્સી અંગેના સૂચનો મંગાવવામાં આવ્યા છે, જેનો અભ્યાસ કરીને આગામી AMTS બજેટમાં નવા રૂટોની જાહેરાત કરવામાં આવી શકે છે. નાગરિકો હાલમાં જ્યાં બસ સેવા ઉપલબ્ધ ન હોય અથવા અપૂરતી હોય તેવા વિસ્તારો અને સોસાયટીઓ, નવા રૂટ અથવા વર્તમાન રૂટમાં ફેરફાર, મુખ્ય માર્ગોને જોડતી ફીડર સેવા તેમજ મેટ્રો સ્ટેશન, રેલવે સ્ટેશન, કોલેજ-યુનિવર્સિટી, હોસ્પિટલ અને ઔદ્યોગિક-વ્યાપારી વિસ્તારો સાથેના જોડાણ અંગે અભિપ્રાય આપી શકશે. આ ઉપરાંત નવા બસ સ્ટોપના સ્થળ અને બસોની અવરજવરના સમય તથા ફ્રિકવન્સી અંગેના સૂચનોને પણ રૂટના આયોજનમાં ધ્યાને લેવામાં આવશે.

રસ ધરાવતા નાગરિકોએ પોતાનું નામ, મોબાઈલ નંબર અને રહેઠાણનો વિસ્તાર દર્શાવીને 7 ડિસેમ્બર સુધીમાં ઈ-મેઈલ (amtsamc@gmail.com) અથવા વ્હોટ્સએપ નંબર 7069015735 પર પોતાના સૂચનો મોકલવાના રહેશે. આ ઉપરાંત નાગરિકો લેખિતમાં પણ 'ટ્રાન્સપોર્ટ મેનેજર, અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ, જમાલપુર દરવાજા બહાર, અમદાવાદ-380022' ના સરનામે પત્ર દ્વારા પોતાના સૂચનો મોકલી શકે છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

નહેરમાંથી બે વર્ષીય બાળકનો મૃતદેહ, પચાસ લાખના વીમા કૌભાંડની આશંકા

બારડોલી કેસમાં બાળકનો મૃતદેહ મળતા ચકચાર જાગી

(એજન્સી) બારડોલી । તા. 27



સુરત જિલ્લાના બારડોલીના સેજવાડ ગામની સીમમાં મુખ્ય ધોરીમાર્ગ પરથી પસાર થતી નહેરના પાણીમાં મહારાષ્ટ્રના જળગાંવના અપહૃત પરિવારના છ સભ્યોને ધકેલી દેવાની ઘટનામાં બે વર્ષીય બાળક પ્રથમેશનો મૃતદેહ મળી આવ્યો છે, જેના કારણે કુલ ચાર સભ્યોના મૃતદેહ મળી આવ્યા છે અને પોલીસ તપાસમાં મૃતક દંપતી પોતે જ પચાસ લાખ રૂપિયાના બોગસ વીમા કૌભાંડમાં આરોપી હોવાનું ખુલતા ભારે ચકચાર મચી ગઈ છે. સરભોણ ગામના ચાંદદેવી ફળિયા નજીકથી પસાર થતી નાની નહેરમાં કચરા અને વનસ્પતિ વચ્ચે ફસાયેલી હાલતમાં એક બાળકનો મૃતદેહ મળતા તે મહારાષ્ટ્રના પરિવારના બે વર્ષીય પુત્ર પ્રથમેશનો હોવાની પુષ્ટિ કરવામાં આવી હતી. આ અગાઉ કવિતાબાઈ, પતિ નીતિન ઉર્ફે ભૂરિયો અને નવ વર્ષીય પુત્રી સ્વીટીનો મૃતદેહ મળી આવ્યો હતો. આ ઘટનામાં તેર વર્ષનો પુત્ર કરેલ નહેરના પાણીમાં તરીને બહાર નીકળી જતા સમગ્ર બનાવનો પર્દાફાશ થયો હતો, જ્યારે હજુ સોળ વર્ષના તરુણ હરીશની શોધખોળ જારી રાખવામાં આવી છે. ફરાર મુખ્ય આરોપી પ્રદીપ ઉર્ફે આંબ્યાને ઝડપી પાડવા માટે પોલીસની છ અલગ-અલગ ટીમો દ્વારા સઘન શોધખોળ ચાલી રહી છે.

પોલીસ તપાસમાં પ્રાથમિક તબક્કે સામે આવ્યું છે કે દંપતી કવિતાબાઈ સંજય પાટીલ અને તેનો બીજો પતિ નીતિશ ઉર્ફે નીતિન ઉર્ફે ભૂરિયો પાટીલ પણ બોગસ વીમા કૌભાંડમાં આરોપી છે. ઓગણીસમી નવેમ્બર બબ્બે હજાર છવ્વીસના રોજ જળગાંવ જિલ્લાના મેહુણબારે પોલીસ મથકમાં વીમા કંપની દ્વારા કવિતાબાઈ અને તેના બીજા પતિ નીતિશ પાટીલ ઉપરાંત આકાશ પાટીલ, પ્રેમચંદ પાટીલ અને એક તપાસ અધિકારી સહિત કુલ પાંચ જણા સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

મરનાર કવિતાબાઈના અગાઉના પતિ સંજય કાશીનાથ પાટીલના નિધન બાદ કવિતાબાઈએ કાર દ્વારા બનાવટી અકસ્માત દર્શાવી પૂણે અદાલતમાં પચાસ લાખ રૂપિયાના વળતરનો દાવો કર્યો હતો. વીમા કંપનીની તપાસમાં અકસ્માત બોગસ જણાતા કવિતાબાઈએ અઢારમી જૂન બબ્બે હજાર છવ્વીસના રોજ અદાલતમાંથી આ દાવો પરત ખેંચી લીધો હતો, જોકે તે અગાઉ ચોવીસમી સપ્ટેમ્બર બબ્બે હજાર પચ્ચીસના રોજ અગાઉના પતિના ડેબિટ કાર્ડ પરની વીમા પોલિસી હેઠળ પોતાના બેંક ખાતામાં દસ લાખ રૂપિયા જમા કરાવી લીધા હતા.

જળગાંવમાં ઓગણીસમી નવેમ્બર બબ્બે હજાર છવ્વીસના રોજ બોગસ વીમા કૌભાંડની ફરિયાદ નોંધાયાના માત્ર બે જ દિવસ બાદ એકવીસમી નવેમ્બર બબ્બે હજાર છવ્વીસના રોજ આ દંપતી સહિતના પરિવારને બારડોલીની નહેરમાં ધકેલી દેવામાં આવ્યો હતો. આ સમયગાળાને લઈને એવી પ્રબળ આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે કૌભાંડના અન્ય સૂત્રધારોએ કડીઓ ભૂંસવા માટે આ કાવતરું રચ્યું હોઈ શકે છે. પોલીસ હાલ આ ઘટના અને બોગસ વીમા કૌભાંડ વચ્ચેની કડી મેળવવા માટે ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે. ઉપરાંત જળગાંવ પોલીસ પણ તપાસ માટે બારડોલી ગ્રામ્ય પોલીસ મથકમાં આવીને પકડાયેલા દયાનંદ ઉર્ફે ખાંડિયા તેમજ વાહન ચાલક નરેન્દ્ર પાટીલ અને સગા-સંબંધીઓની પૂછપરછ કરીને નિવેદન નોંધી રહી છે. સુરત સહિત સમગ્ર ગુજરાતમાં આંતરરાજ્ય ગુનાહિત પ્રવૃત્તિઓ, બોગસ દાવાઓ અને ગંભીર કાવતરાંઓ સામે કાયદાકીય તંત્રની સતર્કતા અને સંકલિત તપાસ અત્યંત મહત્ત્વપૂર્ણ બની રહે છે.

નવસારી પોલીસે હાઈબ્રિડ ગાંજાનું નેટવર્ક ઝડપ્યું, વડોદરા અને નવસારીમાં ડ્રગ્સ કનેક્શન



નવસારી | નવસારી એલસીબી અને ગણદેવી પોલીસે ખારેલ ટોલ પ્લાઝા પાસેથી રૂપિયા ત્રણ પોઈન્ટ પિસ્તાળીસ કરોડનો નવ કિલોથી વધુ હાઈબ્રિડ ગાંજો ઝડપી પાડી બેંગકોકથી મુંબઈ થઈ વાપી અને વડોદરા સુધી ચાલતા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે, જેમાં ચાર આરોપીઓની ધરપકડ બાદ વડોદરામાંથી પણ વધુ એક આરોપી પ્રીત પટેલ ઝડપાયો છે. મીડિયા અહેવાલ અનુસાર ચાર દિવસ પહેલાં ખારેલ ટોલ પ્લાઝા નજીક બે કાર તપાસતાં નવ કિલો ત્રણસો પંચોતેર ગ્રામ હાઈબ્રિડ ગાંજો મળ્યો હતો, જે મામલે પ્રમોદ પાઠક, વિષ્ણુ રામકિશન, પ્રેમચંદ ઉર્ફે રાહુલ યાદવ અને મિકેશ પ્રવીણભાઈ પટેલની ધરપકડ કરાઈ હતી. ત્રીસ નવેમ્બર સુધીના રિમાન્ડ દરમિયાન બેંગકોકના રોની મારફતે મુંબઈ થઈ વિવિધ શહેરોમાં સપ્લાય થતી વિગતો સામે આવી છે. ઓગણીસ નવેમ્બરે આરોપીઓ આશરે સાડા દસ કિલો ગાંજા સાથે વડોદરા આવ્યા હતા અને આજવા રોડ પર લવડેક કોમ્પ્લેક્સ પાસે વાપીના જયંતીને એક કિલો માલ આપ્યો હતો, જ્યારે ઉધાર ન મળતાં બાકીનો જથ્થો લઈ પરત ફરતી વખતે ઝડપાયા હતા.

ફતેગંજ સર્કલ પાસે અકસ્માતમાં છ ઘાયલ, ચર્ચા જાગી, ટેમ્પો ચાલકની ધરપકડ કરાઈ

(એજન્સી) વડોદરા । તા. 27

શહેરના મુખ્ય માર્ગ પર મોડીરાત્રે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે, જેમાં રસ્તાના વિભાજકના કટથી યુ-ટર્ન લઈ રહેલી એક માલવાહક વાનને પુરપાટ ઝડપે આવતા ટેમ્પોએ ટક્કર મારતા છ વ્યક્તિઓ ઘાયલ થયા છે અને પોલીસે ટેમ્પો ચાલકની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરી છે,



તેમજ સ્થાનિકોના મતે જો આ ઘટના દિવસે બની હોત તો મોટી જાનહાનિ થઈ હોત.

મીડિયા અહેવાલ મુજબ, શહેરમાં વાહનોની અતિશય ઝડપને કારણે અકસ્માતના બનાવો સતત સામે આવી રહ્યા છે. આવા જ એક બનાવમાં મુખ્ય માર્ગ પર આવેલા સર્કલ નજીક ગઈ મધરાત્રે રસ્તાના વિભાજકના કટથી યુ-ટર્ન લઈ રહેલી માલવાહક વાનને અત્યંત ઝડપે આવતા ટેમ્પોએ જોરદાર ટક્કર મારી હતી અને વાનને ફંગોળી દીધી હતી.

આ અકસ્માત એટલો ગંભીર હતો કે ટક્કરનો મોટો ધડાકો સાંભળીને પસાર થતા વાહનચાલકો અને આસપાસના રહીશો ચોંકી ઉઠ્યા હતા અને ગભરાઈ ગયા હતા. માલવાહક વાન આશરે પંદરથી વીસ ફૂટ જેટલી ઢસડાઈ હતી અને અંદરથી લોકોની ચીસો સંભળાઈ હતી. આ બનાવમાં માલવાહક વાનના ચાલક વિષ્ણુભાઈ યાદવ તેમજ શાહીન પઠાણ, જયાબેન બજાણીયા, લક્ષ્મીબેન બજાણીયા, જ્યોતિબેન બજાણીયા અને આશાબેન બજાણીયા સહિત કુલ છ વ્યક્તિઓને ઈજાઓ પહોંચી હતી. ઘટના બાદ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ખસેડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

બાબરા પાલિકામાં કર્મચારીનો ફિનાઈલ પીવાનો પ્રયાસ, ત્રણ મહિનાથી પગાર ન મળતા વિવાદ

(એજન્સી) બાબરા । તા. 27

સ્થાનિક નગરપાલિકા ખાતે છેલ્લા ત્રણ મહિનાથી પગાર ન મળવાના મુદ્દે પિતાની સાથે રજૂઆત કરવા ગયેલા સફાઈ કર્મચારીએ કચેરીમાં ફિનાઈલ પી લેતા ભારે ચકચાર મચી ગઈ છે, જેમાં કર્મચારીને તાત્કાલિક સારવાર અર્થે દવાખાને ખસેડવામાં આવ્યા છે અને બાકી પગાર તથા કથિત યાતનાના આક્ષેપોને લઈને નવો વિવાદ ઊભો થયો છે.

મીડિયા અહેવાલ મુજબ, સ્થાનિક નગરપાલિકામાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા વિનોદભાઈ રમેશભાઈ વાળોદરા તેમજ તેમના પરિવારના અન્ય ત્રણ સભ્યોને છેલ્લા ત્રણ મહિનાથી પગાર મળ્યો ન હોવાથી બુધવારે યોજાયેલી સાધારણ સભાની બેઠક દરમિયાન તેઓ પોતાના પિતા સાથે બાકી પગાર અંગે મુખ્ય અધિકારી વેકરીયા અને નગરપાલિકાના પ્રમુખ સમક્ષ રજૂઆત કરવા ગયા હતા.

તે સમયે તેમને થોડા દિવસ રાહ જોવા માટે જણાવવામાં આવ્યું હતું. આ સાંભળીને પરિવારનું ગુજરાન કેવી રીતે ચલાવવું તેવો પ્રશ્ન ઉઠાવીને વિનોદભાઈના પિતાએ પોતાની આર્થિક મુશ્કેલી અને વ્યથા વ્યક્ત કરી હતી, જ્યારે તે દરમિયાન વિનોદભાઈએ પિતાના હાથમાંથી ફિનાઈલની બોટલ લઈને પોતે ફિનાઈલ પી લીધું હતું અને તુરંત તેમને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

આ બનાવ અંગે સ્થાનિક પોલીસ મથકમાં જાણવા જોગ નોંધ દાખલ કરીને આગળની કાયદેસરની તપાસ શરૂ કરવામાં આવી છે. ઘટના બાદ નગરપાલિકાના સફાઈ કર્મચારીઓના બાકી પગારનો મુદ્દો ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે.

આ મામલે સફાઈ કર્મચારીના પ્રસારિત થયેલા વીડિયોમાં નગરપાલિકાના કેટલાક સભ્યોના નામો સહિત પૂર્વ પદાધિકારી કિરીટ પરવાડિયા સહિતના લોકોએ યાતના પહોંચાડીને પગાર રોકી રાખ્યા હોવાના આક્ષેપો કરવામાં આવ્યા છે. આ આક્ષેપોને કારણે સ્થાનિક રાજકારણ અને વહીવટી વર્તુળોમાં ગરમાવો જોવા મળી રહ્યો છે.

ફેક એપ્લિકેશનથી ઠગાઈ કરનાર શખ્સ ઝડપાયો, ટાયર ખરીદી ઠગાઈ કરનાર પકડાયો

(એજન્સી) વડોદરા । તા. 27

શહેરના નિઝામપુરા વિસ્તારમાં ટાયરની દુકાન ધરાવતા વેપારી સાથે ઓનલાઈન ચુકવણીના નામે ઠગાઈ કરનાર શખ્સને પોલીસે ઝડપી પાડ્યો છે, જેમાં ગ્રાહકે ચાર ટાયર ખરીદીને ખોટી અરજી દ્વારા નાણાં ચૂકવ્યા હોવાનો સંદેશ બતાવીને છેતરપિંડી કરી હતી અને પોલીસે આરોપીની



ધરપકડ કરીને અન્ય વેપારીઓ સાથે પણ આવી ઠગાઈ થઈ છે કે કેમ તે દિશામાં તપાસ શરૂ કરી છે.

મીડિયા અહેવાલ મુજબ, નિઝામપુરા વિસ્તારમાં આવેલા ઈંધણ કેન્દ્ર નજીક ટાયરની દુકાન ચલાવતા ઈરફાનભાઈ શેખે પોલીસને માહિતી આપી હતી કે ગત ત્રેવીસમી તારીખે બપોરે એક ગ્રાહક તેમની દુકાને આવ્યો હતો અને ચાર ટાયર ખરીદીને પાંચ હજાર આઠસો રૂપિયાની ઓનલાઈન ચુકવણી કરી હતી. ગ્રાહકે નાણાં ચૂકવ્યા હોવાનો સંદેશ પણ બતાવ્યો હતો, પરંતુ ત્યારબાદ વેપારીના ખાતામાં રકમ જમા થઈ નહોતી.

આ બનાવ અંગે સ્થાનિક પોલીસે તપાસ હાથ ધરી હતી અને બગીચા નજીકથી દ્વિચક્રી વાહન પર ટાયર લઈને પસાર થતા રામ ઉર્ફે સોનુ સુનિલભાઈ કુશ્વાહને ઝડપી પાડ્યો હતો. પોલીસ માહિતી મુજબ, આરોપી નવા સમા માર્ગ પર આવેલી ઔદ્યોગિક સોસાયટી વિસ્તારનો રહેવાસી હોવાનું સામે આવ્યું છે. પોલીસ તપાસ દરમિયાન એવી હકીકત બહાર આવી હતી કે આરોપીએ ખોટી એપ્લિકેશન મારફતે નાણાં ચૂકવ્યા હોવાનું બતાવીને વેપારી સાથે ઠગાઈ કરી હતી. ડિજિટલ ચુકવણીના સમયમાં આ પ્રકારની છેતરપિંડીથી વેપારીઓમાં સતર્કતાની જરૂરિયાત ઊભી થઈ છે.

કરજણના કાર્યક્રમમાં ભાજપ આગેવાનો ગેરહાજર રહ્યા, યુવા સંવાદ અને રેલીમાં ગેરહાજરી



વડોદરા | વડોદરા જિલ્લા ભાજપ દ્વારા આયોજિત સંવિધાન ગૌરવ દિવસના કાર્યક્રમો દરમિયાન કરજણની કોલેજમાં યોજાયેલા યુવા સંવાદ અને રેલીમાં ધારાસભ્ય અક્ષય પટેલ, યુવા ભાજપના પ્રદેશ ઉપપ્રમુખ અંકિતા પરમાર અને મહામંત્રી જયદીપસિંહ ચૌહાણ સહિતના આગેવાનો ગેરહાજર રહેતાં રાજકીય વર્તુળોમાં ચર્ચાનો વિષય બન્યો છે. મીડિયા અહેવાલ અનુસાર વડોદરા જિલ્લા ભાજપ દ્વારા સંવિધાન ગૌરવ દિવસની ઉજવણીના ભાગરૂપે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા, જેમાં કરજણની કોલેજ ખાતે જિલ્લા સંગઠનના મંત્રી જનકભાઈ પરમારના નેજા હેઠળ યુવા સંવાદ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં અંકિતા પરમાર, અક્ષય પટેલ અને જયદીપસિંહ ચૌહાણ હાજર રહેવાના હતા, પરંતુ તેઓ ગેરહાજર રહ્યા હતા. ધારાસભ્ય અક્ષય પટેલ તાલુકા પંચાયતના લોકાર્પણ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા, પરંતુ ત્યારબાદ સામાજિક પ્રસંગ માટે બહારગામ જતાં સંવિધાન ગૌરવ રેલીમાં પણ ઉપસ્થિત રહી શક્યા નહોતા. બીજી તરફ, કાર્યક્રમમાં જિલ્લા ભાજપ પ્રમુખના બદલે મહામંત્રી હાજર રહેશે તેમ જણાવાયું હોવા છતાં તેઓ પણ ન આવતાં આ મુદ્દો ચર્ચામાં રહ્યો હતો.

દેડિયાપાડામાં આવાસ યોજનામાં વહીવટી છબરડો, ગરીબ લાભાર્થીના રૂ.30 હજાર અન્યના ખાતામાં જમા

સત્યવલંબ બારોટ | રાજપીપલા

નર્મદા જિલ્લાના દેડિયાપાડા તાલુકામાં ગરીબ પરિવારોને પાકા મકાન મળે તેવા આશયથી કેન્દ્ર સરકાર દ્વારા અમલી બનાવવામાં આવેલી પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ)માં વહીવટી બેદરકારીની ગંભીર ફરિયાદ સામે આવી છે. પ્રાપ્ત માહિતી મુજબ દેડીયાપાડા ના વહીવટી તંત્ર એ સરકારી યોજનામાં ગરીબ



લાભાર્થીને મકાન બનાવવા માટે મળવાપાત્ર સહાયનો પ્રથમ હપ્તો જ અન્ય લાભાર્થીના બેંક ખાતામાં જમા થઈ ગયો હોવાનો આક્ષેપ છે. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે આ મામલે છેલ્લા બે વર્ષથી રજૂઆતો કરવા છતાં કોઈ નક્કર ઉકેલ આવ્યો ન હોવાની લાભાર્થી ફરિયાદ કરી રહ્યા છે.મળતી માહિતી મુજબ, નર્મદા જિલ્લાના દેડિયાપાડા તાલુકાના ઘનખેતર ગામના લાભાર્થી વસાવા સોનજીભાઈ પુનિયાભાઈને પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) વર્ષ 2022-23 હેઠળ આવાસ સહાય મંજૂર કરવામાં આવી હતી. ઉપલબ્ધ સરકારી હુકમ મુજબ કુલ રૂ.1,20,000ની સહાય મંજૂર કરવામાં આવી હતી, જેમાં પ્રથમ હપ્તા તરીકે રૂ.30 હજારની રકમ દર્શાવવામાં આવી છે.પરંતુ લાભાર્થીના આક્ષેપ મુજબ, તેમના હકની પ્રથમ હપ્તાની રૂ.30 હજારની રકમ તેમના બેંક ખાતામાં જમા થવાને બદલે અન્ય લાભાર્થીના ખાતામાં જમા થઈ ગઈ હતી. આ બાબત સામે આવ્યા બાદ સોનજીભાઈએ સંબંધિત કચેરીઓમાં રજૂઆતો શરૂ કરી હતી, પરંતુ બે વર્ષનો સમય વીતી જવા છતાં તેમની સમસ્યાનો ઉકેલ આવ્યો નથી. લાભાર્થી વસાવા સોનજીભાઈ પુનિયાભાઈનો આક્ષેપ છે કે તેઓ છેલ્લા બે વર્ષથી પોતાની સમસ્યાના ઉકેલ માટે અનેક વખત રૂબરૂ સંબંધિત કચેરીઓમાં જઈ અધિકારીઓ સમક્ષ રજૂઆતો કરી ચૂક્યા છે. વારંવાર કચેરીના ધક્કા ખાવા છતાં કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવતી નથી.લાભાર્થીના જણાવ્યા મુજબ, જ્યારે પણ તેઓ પોતાની ફરિયાદ લઈને કચેરીમાં જાય છે ત્યારે તેમને ક્યારેક 'નોટિસ આપીશું', તો ક્યારેક 'જણાવીશું' કે 'થઈ જશે તેવા જવાબો આપવામાં આવે છે. આ રીતે છેલ્લા બે વર્ષથી અધિકારીઓ તેમને ગોળગોળ ફેરવી રહ્યા હોવાનો ગંભીર આક્ષેપ લાભાર્થીએ કર્યો છે.જ્યારે સંબંધિત અધિકારી એ પણ આ છબરડો થયો હોવાનું સ્વીકાર્યું છે . હવે જોવું રહ્યું કે જિલ્લા વહીવટી તંત્ર લાભાર્થીને ન્યાય અપાવે છે કે પછી બે વર્ષથી ચાલી રહેલી આ ફરિયાદનો સિલસિલો હજુ પણ ચાલુ રહે છે!

સંતરામપુર તાલુકાના બાબરોલ ખાતે ખેત બચાઓ અભિયાન અંતર્ગત પ્રાકૃતિક ખેતી પદ્ધતિ થી શાકભાજી પાકોની ખેતી અંગે એક દિવસીય જિલ્લા કક્ષાનું સેમિનાર યોજાયો

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના બાબરોલ ગામે આજ રોજ 'ખેત બચાઓ



અભિયાન' અંતર્ગત પ્રાકૃતિક ખેતી પદ્ધતિથી શાકભાજી પાકોની ખેતી, બાગાયત વિભાગની વિવિધ સહાય યોજનાઓ તથા ઓઈલ પામની વૈજ્ઞાનિક ખેતી અંગે એક દિવસીય જિલ્લા કક્ષાના ખેડૂત તાલીમ-સેમિનારનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં સંતરામપુર તાલુકા સહિત આસપાસના વિસ્તારોમાંથી આશરે 300 જેટલા ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.તાલીમ કાર્યક્રમ દરમિયાન મદદનીશ બાગાયત નિયામક શ્રી મનોજ આર. ટાક દ્વારા બાગાયતી પાકો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે ઓઈલ પામ પાકનું મહત્વ, યોગ્ય જમીન અને હવામાનની પસંદગી, ગુણવત્તાયુક્ત રોપાઓનું વાવેતર, ખાતર અને સિંચાઈ વ્યવસ્થાપન, જીવાત-રોગ નિયંત્રણ, પાકની જાળવણી, સમયસર કાપણીની વૈજ્ઞાનિક પદ્ધતિઓ તેમજ માર્કેટિંગ અંગે વિગતવાર માહિતી આપી હતી. આ ઉપરાંત, બાગાયતી પાકોમાં પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવવા ખેડૂતોને અનુરોધ કર્યો હતો.આ પ્રસંગે બાગાયત અધિકારી શ્રી સચિન ડી. ધોતી દ્વારા ખેડૂતોને બાગાયત વિભાગની વિવિધ સહાય યોજનાઓ, પ્રાકૃતિક ખેતીના વિવિધ આયામો તથા ઓઈલ પામની ખેતી દ્વારા લાંબા ગાળે વધુ આવક મેળવવાની તકો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે ઉપસ્થિત તમામ ખેડૂતોને આધુનિક અને વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિઓ સાથે પ્રાકૃતિક ખેતી અપનાવવા તથા ઓઈલ પામ સહિતના વિવિધ બાગાયતી પાકોની ખેતી કરીને ખેતી ખર્ચમાં ઘટાડો અને આવકમાં વધારો કરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

ધોરાજીમાં કપાસના ભાવ ઊંચા, ખેડૂતોમાં ચર્ચા

(એજન્સી) ધોરાજી । તા. 27

ધોરાજી પંથકમાં ચાલુ વર્ષે કપાસના બજારમાં તેજી જોવા મળી રહી છે, જેમાં સ્થાનિક બજાર સમિતિ ખાતે પ્રતિ મણ અઢારસોથી ઓગણીસો રૂપિયા સુધીના ભાવ બોલાઈ રહ્યા છે અને ગત વર્ષે મબલખ ઉત્પાદન છતાં પૂરતા ભાવ ન મળતાં મુશ્કેલીમાં મુકાયેલા ખેડૂતોને ઓછા ઉત્પાદન વચ્ચે સારા ભાવથી થોડી રાહત મળી છે, જોકે ઉત્પાદન ઘટતાં ખેડૂતોની ચિંતા હજુ યથાવત રહી છે.ચાલુ વર્ષે ધોરાજી પંથકમાં અપૂરતા અને અનિયમિત વરસાદની સીધી અસર કપાસના પાક પર પડી છે. તેમાંય જીવાતોના ઉપદ્રવને કારણે પાકની ગુણવત્તા અને ઉત્પાદનમાં ઘટાડો નોંધાયો હોવાનું સામે આવ્યું છે. ખેડૂતો દ્વારા બિયારણ, ખાતર, જંતુનાશક દવાઓ, મજૂરી અને સિંચાઈ પાછળ મોટો ખર્ચ કરવામાં આવ્યો હોવા છતાં ધાર્યું ઉત્પાદન મળી શક્યું નથી. પરિણામે ખેતરમાંથી મળતી કુલ આવકને લઈને ખેડૂતોમાં ચિંતાની લાગણી જોવા મળી રહી છે. બીજી તરફ ગત વર્ષે વરસાદ સારો રહેતાં કપાસનું પુષ્કળ ઉત્પાદન થયું હતું અને બજારમાં આવક વધતાં પુરવઠાની સરખામણીએ ભાવ દબાયા હતા. તે સમયે અનેક ખેડૂતોને કપાસના વેચાણમાં ખેતીનો ખર્ચ કાઢવો પણ મુશ્કેલ બન્યો હતો. આ વર્ષે પરિસ્થિતિએ પલટો લીધો છે અને ઓછા ઉત્પાદનને કારણે બજારમાં આવક મર્યાદિત રહેવા સાથે માંગ જળવાઈ રહેતાં ભાવમાં સુધારો જોવા મળ્યો છે. હાલમાં પ્રતિ મણ અઢારસોથી ઓગણીસો રૂપિયા સુધીના ભાવ મળતાં ખેડૂતોને ગત વર્ષની સરખામણીએ સારી આવક મળી રહી છે. ખેડૂતોની મુખ્ય વેદના એ છે કે વધુ ઉત્પાદન સાથે આવા સારા ભાવ મળ્યા હોત તો તેમની આર્થિક સ્થિતિ વધુ સારી રીતે સુધરી શકી હોત. ઓછા ઉત્પાદનના કારણે ઊંચા ભાવનો પૂરો લાભ ખેડૂતોને મળી શકતો નથી.

મહીસાગર જિલ્લામાં "બાળ વિવાહ મુક્ત ભારત અભિયાન" અંતર્ગત જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો



જગદીશ ત્રિવેદી | મહીસાગર

'બાળ, નાની ઉંમર અને બળજબરીપૂર્વકના લગ્ન નાબૂદી માટેના આંતરરાષ્ટ્રીય દિવસ' નિમિત્તે "બાળ વિવાહ મુક્ત ભારત અભિયાન" અંતર્ગત ચાલી રહેલા ૧૦ દિવસીય જનજાગૃતિ અભિયાનની આજ રોજ લુણાવાડા તાલુકાના ચાટકાબેલી ખાતે વિવિધ સમાજના આગેવાનોની ઉપસ્થિતિમાં વિશેષ ઉજવણી કરવામાં આવી હતી.આ કાર્યક્રમનું આયોજન બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી (મહીસાગર), જિલ્લા બાળ સુરક્ષા એકમ (મહીસાગર) તથા ગાયત્રી સેવા સંસ્થાના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું. મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ

લુણાવાડા તાલુકાના ચાટકાબેલી ખાતે વિવિધ સમાજના આગેવાનોની ઉપસ્થિતિમાં બાળ વિવાહ નાબૂદી માટે સામૂહિક પ્રતિજ્ઞા લેવાઈ.....

પ્રસંગે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરીના ચીફ ઓફિસર સુ.શ્રી રેણુકાબેન મેડાએ શાબ્દિક સ્વાગત કરી અભિયાનની રૂપરેખા રજૂ કરી હતી.કાર્યક્રમમાં ઉપસ્થિત જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ-મહીસાગરના ફુલ ટાઈમ સેક્રેટરી શ્રી કે.ટી. ગુરનાની સાહેબ, ચાઈલ્ડ વેલ્ફેર કમિટી-મહીસાગરના ચેરમેન શ્રી મયંકભાઈ જોષી, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી શ્રી જિગ્નેશ પંચાલ, મહિલા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. શ્રી વી.વી. બારીયા સહિતના મહાનુભાવોએ પ્રાસંગિક ઉદ્બોધન કરી બાળ વિવાહના સામાજિક અને કાયદાકીય દૂષણો અંગે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.આ તકે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે જનજાગૃતિ અંગેના પોસ્ટર અને સ્ટીકરોનું વિમોચન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી દ્વારા ઉપસ્થિત સૌને 'બાળ વિવાહ મુક્ત' સમાજ નિર્માણ માટેની સામૂહિક પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી.

કેબિનમાંથી ગાંજો કબજે કરાયો

વાઘોડિયા રોડ પર પીઝાની આડમાં ગાંજો ઝડપાયો

(એજન્સી) વડોદરા । તા. 27

શહેરના વાઘોડિયા રોડ વિસ્તારમાં ખાણીપીણીની કેબિનના ઓઠા હેઠળ પ્રતિબંધિત ગાંજાનું વેચાણ કરતા યુવકને સ્થાનિક પોલીસે ઝડપી પાડ્યો છે, જેમાં આરોપી પાસેથી ગાંજાનો જથ્થો કબજે કરવામાં આવ્યો છે અને ગાંજો પૂરો પાડનાર શખ્સની શોધખોળ શરૂ કરવામાં આવી છે, જેના કારણે સમગ્ર વિસ્તારમાં ભારે ચર્ચા જાગી છે.

સ્થાનિક પોલીસને મળેલી બાતમીના આધારે વાઘોડિયા ડભોઈ રિંગ રોડ પર ગુરુકુળ સર્કલ નજીક આવેલા રહેણાંક મકાનની બાજુમાં ડી. એસ. પીઝા નામની કેબિન ખાતે દરોડો પાડવામાં આવ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન હર્ષ રાજેશભાઈ શાહ નામનો યુવક મળી આવ્યો હતો, જે સ્થાનિક રહેણાંક મકાનનો રહેવાસી હોવાનું સામે આવ્યું છે. પોલીસે તેની કેબિનની તપાસ કરતા પંચોતેર દશાંશ ઓગણસાઈઠ ગ્રામ ગાંજો મળી આવ્યો હતો, જેની અંદાજિત કિંમત ત્રણ હજાર સાતસો એંસી રૂપિયા આંકવામાં આવી છે. પોલીસે આ મુદ્દામાલ કબજે કરીને આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ પૂછપરછ દરમિયાન આરોપી હર્ષ શાહે જણાવ્યું હતું કે તે છેલ્લા આઠ વર્ષથી પીઝા બનાવીને તેનું વેચાણ કરે છે અને આ ધંધાની આડમાં તેણે ગાંજાનું વેચાણ શરૂ કર્યું હતું. તેણે કબૂલાત કરી હતી કે કેલનપુર ખાતે રહેતા પંકિલ પાસેથી તેણે ગાંજો મેળવ્યો હતો. આરોપીના જણાવ્યા અનુસાર, પંકિલ તેને એંસી ગ્રામ ગાંજો આપી ગયો હતો. આ માહિતીના આધારે પોલીસે ગાંજાનો જથ્થો પૂરો પાડનાર પંકિલને ઝડપી પાડવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે અને સમગ્ર નેટવર્ક અંગે વધુ વિગતો મેળવવામાં આવી રહી છે.

નશાકારક પદાર્થના વેચાણ અને સંગ્રહના મામલે પોલીસ દ્વારા આરોપીની ભૂમિકા, ગ્રાહકો અને સપ્લાય ચેઈન અંગે ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી રહી છે. આસપાસના વિસ્તારમાં અન્ય કોઈ સ્થળે આ પ્રકારની પ્રવૃત્તિ ચાલી રહી છે કે કેમ તે અંગે પણ તંત્ર સતર્ક બન્યું છે.

ત્રીસ નવેમ્બર અંતિમ તારીખ નક્કી

વડોદરામાં ખાનગી સ્કૂલોનો વિરોધ, ભારે ચર્ચા જાગી

(એજન્સી) વડોદરા । તા. 27

શિક્ષણ અધિકાર કાયદા હેઠળના વિદ્યાર્થીઓની ફી વધારાની માગ અને સરકારના શિક્ષણ સુધારા વિધેયકના વિરોધ સહિતના મુદ્દે ખાનગી શાળા સંચાલકોએ રાજ્ય સરકાર સામે વિરોધ નોંધાવીને ફી નિર્ધારણ સમિતિ સમક્ષ દરખાસ્ત રજૂ કરવાની પ્રક્રિયાનો બહિષ્કાર કર્યો છે, જેમાં વડોદરા ઝોનની ત્રણસોથી વધુ ખાનગી શાળાઓએ ફી માટેની દરખાસ્ત રજૂ કરી નથી અને અંતિમ તારીખ નજીક હોવા છતાં સરકાર વાટાઘાટો ન કરે ત્યાં સુધી દરખાસ્ત ન કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

મીડિયા અહેવાલ મુજબ, ફી માટેની દરખાસ્ત રજૂ કરવા

આજનું રાશિ ભવિષ્ય

મેષ : અ. લ. ઈ.

તમારૂં ઝડપી પગલું લાંબા સમયથી તોળાતી સમસ્યાને ઉકેલશે. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે। સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે.

વૃષભ : બ. વ. ઉ.

આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો। પોતાનું ધન સંચય કેવી રીતે કરવું છે તે હુનર તમે આજે શીખી શકો છો અને આ હુનર ને શીખી તમે પોતાનું ધન બચાવી શકો છો.

મિથુન : ક. છ. ઘ.

તમારા પ્રચંડ પ્રયાસો તથા પરિવારના સભ્યોની સમયસર મદદ વાંછિત પરિણામ લાવશે. વર્તમાન મનોબળ જાળવી રાખવા માટે સખત મહેનત જાળવી રાખો. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે.

કર્ક : ડ. હ.

અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. તમારું ધન ક્યાં ખર્ચ થાય છે આના ઉપર તમારે નજર રાખવાની જરૂર છે નહીંતર આવનારા સમય માં તમને તકલીફ થયી શકે છે. પરિવારના સભ્યો સાથે કેટલીક હળવાશભરી પળો વિતાવો. પ્રેમમાં સંતાપ સહન કરવો પડે એવી શક્યતા નકારી શકાય નહીં.

સિંહ : મ. ટ.

રમતગમત તથા અન્ય આઉટડોર પ્રવૃત્તિઓમાં ભાગ લેવાથી તમે તમારી ખોવાયેલી શક્તિ ભેગી કરવામાં તમને મદદ મળશે. ધન સંબંધી કોઈ બાબત આજે ઉકેલી શકાય છે અને તમને ધન લાભ પણ થયી શકે છે. પારિવારિક મોરચો ખુશખુશાલ તથા સરળ નથી લાગતો.

કન્યા : પ. ઠ. ણ.

લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. કાર્યક્ષેત્ર અથવા વેપાર માં તમારી કોઈ બેદરકારી તમને આજે નુકસાન કરાવી શકે છે. પાડોશી સાથેનો ઝઘડો તમારો મૂડ બગાડી નાખશે. પણ તમારો મિજાજ ગુમાવતા નહીં કારણ કે આ બાબત બળતામાં ઘી ઉમેરશે.

તુલા : ર. ત.

તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. આજે તમારા પ્રિયપાત્રની લાગણીઓ સમજજો.

વૃશ્ચિક : ન. ય.

તમે નવરાશની લહેજત માણવાના છો. આજ માટે તમારો સફળતા મંત્ર હોવો જોઈએ-તમારા નાણા એવા લોકોની સલાહ મુજબ રોકવા જોઈએ જેઓ કશુંક નવું કરવામાં માને છે તથા સારા અનુભવોને યાદ રાખો. માતા-પિતાની તબિયતમાં સુધારો થશે.

ધન : ભ. ધ. ફ. ઢ.

ઓફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું આજે તમે જે સામાજિક મેળાવડામાં સહભાગી થવાના છો તેમાં તમે આકર્ષણનું કેન્દ્ર હશો.

મકર : ખ. જ.

તમને તમારા ટેન્શનમાંથી મુક્તિ મળે એવી શક્યતા છે. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. તમારા જીવનસાથીની તબિયત ચિંતા કરાવી શકે છે. અંગત સંબંધો સંવેદનશીલ તથા મૂલ્યવાન છે. જો તમે પરિણીત છો.

કુંભ : ગ. સ. શ. ષ.

બાળકો તમારી સાંજને આહલાદક બનાવી દેશે. દોડધામભર્યા અને નીરસ દિવસની અલવિદા કહેવા એક સારા ડીનરનું આયોજન કરો. તેમનો સાથ તેમારા શરીરમાં નવું જોમ ભરી દેશે. આ રાશિ ના વેપારીઓ ને આજે પોતાના ઘર ના તે સભ્યો થી દૂર રહેવું જોઈએ જે લોકો ઉધારી પૈસા માંગે તો છે.

મીન : દ. ચ. ઝ. થ.

તમારી પ્રચંડ બૌદ્ધિક ક્ષમતા તમને વિકલાંગતા સામે લડવામાં મદદ કરશે. માત્ર હકારાત્મક વિચારો રાખીને તમે સમસ્યા સામે લડી શકો છો. તમારું કોઈ મિત્ર આજે તમારા થી મોટી રકમ ઉધાર માંગી શકે છે, જો તમે તેને આ રકમ આપો છો તો તમે નાણાકીય સંકટ માં આવી શકો છો.

વોક-વે સાથે બ્યૂટીફિકેશન

બહુચરાજીના ઐતિહાસિક બાંધલિયા તળાવનું વોક-વે સાથે બ્યૂટીફિકેશન કરાશે, છેલ્લા 29 વર્ષથી રાહ જોવાઈ રહી હતી!



(એજન્સી) બહુચરાજી | તા.27

યાત્રાધામ બહુચરાજીમાં બહુચર માતાજીના મંદિરના ઉત્તર પ્રવેશદ્વાર પાસે આવેલું ઐતિહાસિક બાંધલિયા તળાવ હવે વિકાસના નવા યુગમાં પ્રવેશવા જઈ રહ્યું છે. વર્ષોથી ગંદકી અને ઉકરડામાં ફેરવાયેલા આ તળાવનું મારુતિ-સુઝુકી દ્વારા સીએસઆર હેઠળ બ્યૂટીફિકેશન અને વોક-વે સહિતનો વિકાસ કરવામાં આવનાર છે. 1997થી વિકાસની રાહ જોતા આ તળાવને મૂળ સ્વરૂપમાં લાવવાની કામગીરી હાથ ધરાતાં સ્થાનિકોમાં આશા જાગી છે, જ્યારે બીજી તરફ તળાવની જમીન પર થયેલા દબાણો દૂર કરવાની તૈયારીથી દબાણકર્તા વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે. તળાવના વિકાસ માટે જિલ્લા વહીવટી તંત્ર, બહુચરાજી માતાજી ટેમ્પલ ટ્રસ્ટ અને બહુચરાજી નગરપાલિકા વચ્ચે સંકલન સાધીને કંપની દ્વારા વિકાસનું આયોજન કરવામાં આવ્યું છે. તળાવના પ્લાન, ડિઝાઈન અને એસ્ટિમેટ સહિતની પ્રાથમિક પ્રક્રિયા હાથ ધરાઈ છે. વિકાસના પ્રથમ તબક્કામાં નગરપાલિકા દ્વારા તળાવનું પાણી ખેંચી ખાલી કરવાની તેમજ તળાવમાં ફેલાયેલી કુંભવેલ, વનસ્પતિ અને ગંદકી દૂર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ કામગીરી પૂર્ણ થયા બાદ તળાવની જમીન પર થયેલા દબાણો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરાશે તેવી તૈયારી વચ્ચે વેપારીઓમાં દોડધામ જોવા મળી રહી છે. એક સમયે આ તળાવના નિર્માળ જળથી શ્રદ્ધાળુઓ આચમન કરતા હતા. માનાજીરાવ ગાયકવાડ મહારાજાએ મંદિરના નિર્માણ સમયે બંધાવેલા આ ઐતિહાસિક તળાવનું ધાર્મિક અને ઐતિહાસિક મહત્વ રહ્યું છે.

ફરી એકવાર ઉગ્ર અથડામણ સર્જાઈ!

પાલનપુરના ભાગળ ગામે જૂની અદાવતમાં બે કોમના ટોળાંનો સામસામે પથ્થરમારો

(એજન્સી) પાલનપુર | તા.27

પાલનપુર તાલુકાના ભાગળ ગામે જૂની અદાવતને લઈને બે કોમનાં લોકો વચ્ચે ફરી એકવાર ઉગ્ર અથડામણ સર્જાઈ હતી. બંને પક્ષનાં ટોળાં સામસામે આવી જતાં પથ્થરમારો અને છૂટા હાથની મારામારી થઈ હતી. ઈંટો અને પથ્થરોથી એકબીજા પર હુમલા કરવામાં આવ્યા હતા. આ અથડામણમાં મહિલાઓ પણ જોડાઈ હતી. ઘટનામાં ચાર જેટલા લોકો ઈજાગ્રસ્ત થતાં તેમને સારવાર માટે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પાલનપુર તાલુકાના ભાગળ ગામે બે કોમ વચ્ચે જૂની અદાવતને લઈને ફરીથી માથાકૂટ થતાં ગામમાં તંગદિલીનો માહોલ સર્જાયો



હતો.જૂની અદાવતનું મનદુઃખને લઈને શરૂ થયેલી બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં બંને પક્ષના લોકો સામસામે આવી ગયા હતા. જોતજોતામાં બંને કોમનાં ટોળાં એકઠાં થઈ ગયાં હતાં દરમિયાન બંને પક્ષના લોકોએ એકબીજા પર ઈંટો અને પથ્થરોના છૂટા ઘા કર્યા હતા. માત્ર પથ્થરમારો જ નહીં, પરંતુ બંને પક્ષના લોકો વચ્ચે છૂટા હાથની મારામારી પણ થઈ હતી. આ અથડામણમાં મહિલાઓ પણ જોડાતાં મામલો વધુ ઉગ્ર બન્યો હતો. બંને તરફથી થયેલા હુમલામાં ચાર જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.ઘટનાની જાણ થતાં પાલનપુર તાલુકા પોલીસ સહિતનો કાફલો તાત્કાલિક ભાગળ ગામે દોડી ગયો હતો. પોલીસે ગામમાં પરિસ્થિતિ કાબૂમાં લેવા પ્રયાસો હાથ ધર્યા હતા. સાથે જ કોઈ વધુ અનિચ્છનીય બનાવ ના બને તે માટે પોલીસ દ્વારા ગામમાં કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યું હતું. બે કોમ વચ્ચે ફરીથી અથડામણ થતાં પોલીસ તંત્ર પણ સતર્ક બન્યું છે.

હાજીપીર માર્ગને મળી નવી ઓળખ! ત્રણ સ્થળે ભવ્ય કેન્ટિલિવર સાઇનબોર્ડ સ્થાપિત



હાજીપીર, મુરૂ અને હાજીપીર ફાટક ખાતે દિશાસૂચક બોર્ડ લગાવાયા; વાહનચાલકો અને પ્રવાસીઓને મળશે સરળ માર્ગદર્શન

જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

કચ્છના મહત્ત્વપૂર્ણ હાજીપીર માર્ગ પર મુસાફરોની સુવિધામાં વધુ એક ઉમેરો થયો છે. આજે હાજીપીર ખાતે એક, મુરૂ ખાતે એક અને હાજીપીર ફાટક ખાતે એક મળી કુલ ત્રણ કેન્ટિલિવર દિશાસૂચક સાઈનબોર્ડ લગાવવામાં આવ્યા છે.આ સાઈનબોર્ડ પર વિવિધ ગામો અને સ્થળોનાં નામ સાથે અંતર દર્શાવવામાં આવ્યું છે. જેના કારણે આ માર્ગ પરથી પસાર થતા વાહનચાલકો, પ્રવાસીઓ અને હાજીપીરનાં દર્શને આવતા શ્રદ્ધાળુઓને દિશા અને અંતર અંગે સરળતાથી માહિતી મળી રહેશે.હાજીપીર માર્ગના વિકાસની સાથે આવી સુવિધાઓનો ઉમેરો મુસાફરો માટે આવકારદાયક પગલું છે.

ગૌસેવાના કાર્યમાં મમુભાઈ દેસાઈ અને તેમની ટીમ હંમેશાં અગ્રેસર; ઘાયલ ગૌમાતાની સારવાર માટે તાત્કાલિક દોડી આવ્યા

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

ગૌસેવા અને જીવદયાને જીવનનો સેવાયજ્ઞ બનાવનાર હિન્દુ યુવા સંગઠન ગૌરક્ષક દળ નખત્રાણા ટીમ દ્વારા વધુ એક સરાહનીય સેવાકાર્ય કરવામાં આવ્યું હતું.આજરોજ નખત્રાણાના જૂના વાસ વિસ્તારમાં ગૌમાતાનું શિંગડું તૂટી જતાં ઈજાગ્રસ્ત હાલતમાં હોવાની જાણ સંગઠનની ટીમને થતાં જ મમુભાઈ દેસાઈ અને તેમની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. ગૌમાતાને જરૂરી સારવાર મળી રહે તે માટે તાત્કાલિક વ્યવસ્થા કરવામાં આવી હતી. આ સેવાકાર્યમાં અન્ય ગૌપ્રેમી ભાઈઓ પણ ઉત્સાહભેર



જોડાયા હતા.ઉલ્લેખનીય છે કે મમુભાઈ દેસાઈ અને તેમની ટીમ ગૌસેવા તથા જીવદયાના કાર્યમાં હરહંમેશ અગ્રેસર રહે છે. કોઈપણ મૂંગા જીવ મુશ્કેલીમાં હોવાની જાણ થતાં જ મદદ માટે આગળ આવીને સેવા કરવાની તેમની ભાવના ખરેખર સરાહનીય છે.મૂંગા પશુઓ પોતાની પીડા વ્યક્ત કરી શકતા નથી, ત્યારે તેમની વેદના સમજીને તેમની મદદે પહોંચવું એ જ સાચી માનવતા છે. મમુભાઈ દેસાઈ અને તેમની ટીમની આ સેવાભાવી પ્રવૃત્તિ અન્ય લોકો માટે પણ પ્રેરણારૂપ બની રહી છે.મમુભાઈ દેસાઈ અને તેમની સમગ્ર ટીમની ગૌસેવા, જીવદયા અને સેવાભાવનાને હૃદયપૂર્વક સલામ!

કાનજીદાદા કાપડીને ભાજપના ધર્મસ્થાન સંપર્ક જિલ્લા સેલમાં નવી જવાબદારી

જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

કચ્છ ભાજપ બક્ષીપંચ મોરચાના પૂર્વ ઉપપ્રમુખ, ભુજ એપીએમસીના પૂર્વ ચેરમેન, નખત્રાણા હોટેલ એસોસિએશનના પ્રમુખ, ગરીબનાથ સેવા વિકાસ ટ્રસ્ટના મેનેજિંગ ડિરેક્ટર તેમજ અખિલ કચ્છ કાપડી વૈષ્ણવ સાધુ સમાજના ઉપપ્રમુખ કાનજીદાદા કાપડીની ધર્મસ્થાન સંપર્ક જિલ્લા સેલના સહ-સંયોજક તરીકે નિમણૂક કરવામાં આવતાં તેમને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.વિવિધ



સહ-સંયોજક તરીકે નિમણૂક થતાં શુભેચ્છકોમાં આનંદની લાગણી; મુકેશભાઈ એલ. રાણવાએ પાઠવ્યા હાર્દિક અભિનંદન

સામાજિક અને સંગઠનાત્મક ક્ષેત્રે જોડાયેલા કાનજીદાદા કાપડીને નવી જવાબદારી મળતાં તેમના પરમમિત્ર અને તાલુકા ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ મુકેશભાઈ એલ. રાણવાએ હર્ષની લાગણી સાથે હાર્દિક અભિનંદન પાઠવ્યાં હતાં. મુકેશભાઈ રાણવાએ આશા વ્યક્ત કરી હતી કે કાનજીદાદા આ નવી જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવી સંગઠન તથા સમાજના હિતમાં વધુ યોગદાન આપશે. તેમણે કાનજીદાદાના ઉજ્જવળ ભવિષ્ય અને કાર્યસફળતા માટે હૃદયપૂર્વક શુભકામનાઓ પાઠવી હતી.

મંજૂરી ન મળે ત્યાં સુધી દુકાન નહીં ખોલવા સ્પષ્ટ આદેશ

સુરેશ ફરસાણના ચવાણામાંથી નીકળી ગરોળી: ફૂડ શાખાએ દુકાન 3 દિવસ બંધ રાખવા આપી નોટિસ!



(એજન્સી) જામનગર | તા.27

જામનગરના પ્રખ્યાત સુરેશ ફરસાણના ચવાણામાંથી ગરોળી નીકળી હોવાની વિગત સામે આવતા ભારે ચકચાર મચી ગઈ છે. ચવાણામાંથી ગરોળી નીકળતા ફૂડ વિભાગ દ્વારા તાત્કાલિક ચેકિંગ કરવામાં આવ્યું હતું. ફૂડ શાખાની ટીમે દુકાન અને રસોડામાં સઘન ચેકિંગ હાથ ધરીને સ્વચ્છતા તથા ખાદ્ય પદાર્થોની ગુણવત્તા અંગે તપાસ કરી હતી. ફરસાણની દુકાનમાં આવી ગંભીર બેદરકારી અને ખાદ્ય સામગ્રીમાં ગરોળી નીકળવાના મામલાને લઈને સ્થાનિક સ્તરે પણ ચર્ચા શરૂ થઈ છે.ફૂડ શાખાની તપાસ દરમિયાન આ ફરસાણની દુકાનમાંથી ખરાબ તેલ પણ મળી આવ્યું હોવાનું સામે આવ્યું છે. ખાદ્ય સુરક્ષા અને ગુણવત્તાના મુદ્દે ફૂડ શાખા દ્વારા કડક વલણ અપનાવીને દુકાન 3 દિવસ બંધ રાખવા નોટિસ આપવામાં આવી છે. દુકાન અને રસોડાની સ્થિતિ તેમજ મળી આવેલા ખરાબ તેલ સહિતની બાબતોને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા આ પગલાં ભરવામાં આવ્યા છે.ફૂડ વિભાગ દ્વારા આગામી મંજૂરી ન આપવામાં આવે ત્યાં સુધી દુકાન નહીં ખોલવા સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો છે. 3 દિવસ બંધ રાખવાની નોટિસ સાથે નિયમોનું પાલન અને જરૂરી સુધારા અંગેની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જ આગળની મંજૂરી અંગે વિચારણા કરવામાં આવશે. જામનગરમાં ફૂડ શાખાની આ કાર્યવાહી બાદ અન્ય ખાદ્ય સામગ્રી અને ફરસાણના વિક્રેતાઓમાં પણ તકેદારી અંગે ચર્ચા જોવા મળી રહી છે.

ગ્રામ પંચાયતની ચૂંટણીમાં જાતિવાર અનામત બેઠકોની ફાળવણી કેવી રીતે થાય છે? સરપંચ અને વોર્ડ સભ્યો માટે કાયદામાં અલગ જોગવાઈઓ

ગુજરાત પંચાયત અધિનિયમ, 1993 અને 1994ના નિયમો હેઠળ SC, ST, OBC તથા મહિલાઓ માટે અનામતની વ્યવસ્થા – બેઠકની ફાળવણીમાં વસ્તીનું પ્રમાણ અને રોટેશન પદ્ધતિ મહત્ત્વપૂર્ણ

મલેક યસદાની | ભરૂચ

ગ્રામ પંચાયતની ચૂંટણી નજીક આવતાં જ સરપંચ અને વોર્ડ સભ્યોની બેઠકો કઈ જાતિ કે વર્ગ માટે અનામત રહેશે તે અંગે ગામડાંઓમાં ચર્ચાઓ શરૂ થઈ જાય છે. ઘણી વખત અનામત બેઠકોની ફાળવણી અંગે મતભેદો પણ ઊભા થાય છે. ત્યારે પ્રશ્ન એ થાય છે કે ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સરપંચ અને સભ્યોની બેઠકોનું અનામતીકરણ કયા કાયદા હેઠળ થાય છે અને તેની પ્રક્રિયા શું છે?ગુજરાતમાં ગ્રામ પંચાયતની ચૂંટણીનું સંચાલન ગુજરાત પંચાયત અધિનિયમ, 1993 તથા તેના હેઠળ બનાવવામાં આવેલા ચૂંટણી સંબંધિત નિયમો મુજબ થાય છે. આ કાયદામાં અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST), સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC/OBC) તથા મહિલાઓ માટે અનામતની જોગવાઈ કરવામાં આવી છે.વોર્ડ સભ્યોની બેઠકોનું અનામતીકરણ : ગુજરાત પંચાયત અધિનિયમ, 1993ની કલમ 9(5) હેઠળ ગ્રામ પંચાયતના સભ્યોની બેઠકોના અનામતીકરણની જોગવાઈ છે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે ગામની કુલ વસ્તીમાં તેમની વસ્તીના પ્રમાણને ધ્યાનમાં રાખીને બેઠકો અનામત રાખવામાં આવે છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે પણ કાયદામાં અનામતની જોગવાઈ છે. આ ઉપરાંત મહિલાઓ માટે બંધારણીય અને કાયદાકીય જોગવાઈ મુજબ અનામત બેઠકો ફાળવવામાં આવે છે. બાકીની બેઠકો બિનઅનામત એટલે કે સામાન્ય વર્ગ માટે રહે છે.સરપંચની બેઠકનું અનામતીકરણ અલગ પ્રક્રિયા: સરપંચની બેઠકનું અનામતીકરણ વોર્ડ સભ્યોની બેઠકો કરતાં અલગ રીતે થાય છે. ગુજરાત પંચાયત અધિનિયમ, 1993ની કલમ 51માં સરપંચના પદના અનામતીકરણ અંગે જોગવાઈ કરવામાં આવી છે. રાજ્યમાં સંબંધિત અનામત વર્ગોની વસ્તી અને કાયદામાં નિર્ધારિત પ્રમાણને ધ્યાનમાં રાખીને સરપંચનાં પદોનું અનામતીકરણ કરવામાં આવે છે. આ પ્રક્રિયામાં રોટેશન પદ્ધતિ પણ મહત્ત્વ ધરાવે છે. એટલે કોઈ ગામમાં સરપંચની બેઠક સામાન્ય વર્ગ માટે હોય તો તે જ ગામના વોર્ડમાં SC, ST અથવા OBC માટે અનામત બેઠકો હોઈ શકે છે. બંનેની ફાળવણી એક જ માપદંડથી થતી નથી.રોટેશન પદ્ધતિ શું છે? : અનામત બેઠકોની ફાળવણીમાં રોટેશન પદ્ધતિનો અર્થ એ છે કે અગાઉની ચૂંટણીમાં જે બેઠક જે વર્ગ માટે અનામત હતી, આગામી ચૂંટણીમાં લાગુ પડતા નિયમો અને સત્તાવાર ફાળવણીના આધારે તેમાં ફેરફાર થઈ શકે છે.ગુજરાતમાં ગ્રામ પંચાયતના સભ્યોની અનામત બેઠકો અને સરપંચનાં અનામત પદોની ફાળવણી માટે અલગ અલગ 1994ના નિયમો બનાવવામાં આવ્યા છે. તેથી માત્ર અગાઉની ચૂંટણીમાં બેઠક અનામત હતી તે જ કારણસર આગામી ચૂંટણીમાં પણ તે જ બેઠક અનામત રહેશે એવું જરૂરી નથી.અનામતીકરણ સામે વાંધો ઉઠાવી શકાય? : જો કોઈ ગ્રામ પંચાયતમાં અનામત બેઠકની ફાળવણી કાયદા અને નિયમો મુજબ થઈ નથી તેવી શંકા હોય તો સંબંધિત નાગરિકો સત્તાવાર અનામતીકરણનો હુકમ, વસ્તીની વિગતો, વોર્ડ રચનાનો રેકોર્ડ અને અગાઉની ચૂંટણીઓનું રોટેશન રજિસ્ટર મેળવી તપાસ કરી શકે છે.માત્ર ગામમાં કોઈ એક વર્ગની વસ્તી વધારે છે તે આધારે બેઠક આપમેળે સામાન્ય વર્ગમાં ફેરવાતી નથી. તેના માટે કાયદામાં નિર્ધારિત પ્રક્રિયા, વસ્તીનું પ્રમાણ અને લાગુ પડતા અનામતીકરણના નિયમોનું પાલન જરૂરી છે.અનુસૂચિત વિસ્તારોમાં વિશેષ જોગવાઈ : ગુજરાતના જે ગામો બંધારણની પાંચમી અનુસૂચિ હેઠળના અનુસૂચિત વિસ્તારમાં આવે છે ત્યાં પંચાયતની બેઠકોના અનામતીકરણ માટે વિશેષ જોગવાઈઓ લાગુ પડે છે. આવા વિસ્તારોમાં અનુસૂચિત જનજાતિ માટે ઓછામાં ઓછી 50 ટકા બેઠકો અનામત રાખવાની તથા સરપંચનું પદ ST માટે અનામત રાખવાની જોગવાઈ છે. તેથી અનુસૂચિત વિસ્તાર અને સામાન્ય વિસ્તારના નિયમોમાં તફાવત સમજવો જરૂરી છે. જાગૃત નાગરિકોએ શું કરવું જોઈએ? : ગ્રામ પંચાયતની ચૂંટણીમાં બેઠકની ફાળવણી અંગે કોઈ વિવાદ હોય તો નાગરિકોએ લાગુ પડતા કાયદા, સરકારી ઠરાવો અને ચૂંટણી સત્તાધિકારીના સત્તાવાર રેકોર્ડના આધારે રજૂઆત કરવી જોઈએ. વસ્તી ગણતરી, વોર્ડની રચના, અગાઉના અનામતીકરણના હુકમો અને રોટેશનની વિગતો મેળવીને જ કાયદાકીય સ્થિતિ સ્પષ્ટ થઈ શકે છે.ગ્રામ પંચાયતની ચૂંટણીમાં અનામતીકરણ એ માત્ર બેઠક ફાળવવાની પ્રક્રિયા નથી, પરંતુ બંધારણીય પ્રતિનિધિત્વ અને સામાજિક ન્યાય સાથે જોડાયેલી વ્યવસ્થા છે. તેથી દરેક ગામમાં આ પ્રક્રિયા પારદર્શક રીતે અને કાયદાકીય જોગવાઈઓનું પાલન કરીને થાય તે લોકશાહી વ્યવસ્થાની દૃષ્ટિએ જરૂરી છે.

જૂનાગઢ ૧૮૧ અભયમની સમયસૂચક કામગીરીથી ઘર છોડીને નીકળી ગયેલી પરિણીતા પરિવાર સાથે પુનઃ જોડાઈ

નરેન્દ્ર દવે જૂનાગઢ

પતિ સાથેના પારિવારિક વિખવાદ અને ઘરેલુ હિંસાના કારણે માનસિક તણાવમાં આવી સવા વર્ષના પુત્રને ઘરે મૂકીને ઘર છોડીને નીકળી ગયેલી પરિણીતાને જૂનાગઢની ૧૮૧ અભયમ ટીમે સમયસૂચક કામગીરી અને અસરકારક કાઉન્સેલિંગ દ્વારા મદદ પૂરી પાડી હતી. ૧૮૧ ટીમે પતિ અને સાસુને સમજાવટ કરીને પારિવારિક વિવાદનો સુખદ ઉકેલ લાવ્યો હતો. લગ્નજીવનનાં બે વર્ષ દરમિયાન પતિના વારંવારના ઝઘડા અને મારપીટના કારણે મહિલા માનસિક તણાવનો સામનો કરી રહી હતી. આ ઉપરાંત સાસુ સાથેના પારિવારિક મનદુઃખને કારણે પણ ઘરમાં અણબનાવની સ્થિતિ રહેતી હતી. તાજેતરમાં પતિ સાથે ફરીથી થયેલા વિવાદ અને મારપીટની ઘટનાથી વ્યથિત થઈ મહિલા સવા વર્ષના પુત્રને ઘરે જ મૂકીને ઘરેથી નીકળી ગઈ હતી.દરમિયાન રસ્તા પર એકલી અને રડતી હાલતમાં જોવા મળેલી મહિલાની સ્થિતિ અંગે એક જાગૃત નાગરિકે તેની સાથે વાતચીત કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, મહિલા અત્યંત વ્યથિત હોવાથી વાતચીત કરી શકતી નહોતી. જેથી નાગરિકે તાત્કાલિક ૧૮૧ અભયમ હેલ્પલાઈન પર સંપર્ક કરીને મદદ માગી હતી. મદદ માટેનો કોલ મળતાં જ ૧૮૧ અભયમની કાઉન્સેલર મેત્રા રિંકલ, કોન્સ્ટેબલ ઉજાલાબેન ખાણીયા અને પાયલોટ મનોજભાઈ વારસુરની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ટીમે મહિલાને સંવેદનશીલતા થી સાંત્વના આપી વિશ્વાસમાં લીધા બાદ અભયમ વાનમાં સુરક્ષિત રીતે બેસાડી તેમના ઘરે પહોંચાડ્યા હતાં. ઘરે પહોંચ્યા બાદ ટીમે પતિ સાથે અલગથી કાઉન્સેલિંગ કર્યું હતું.આ દરમિયાન પત્ની પ્રત્યે સન્માનજનક વર્તન રાખવા અને ઘરેલુ વિખવાદનો ઉકેલ હિંસાને બદલે સંવાદથી લાવવા સમજાવ્યું હતું. ટીમે પતિને સમજાવ્યું હતું કે, જે હાથથી પિતાએ પોતાના બાળકને પ્રેમ આપવાનો છે, એ જ હાથથી તેની માતા પર હિંસા થાય તો બાળકના માનસિક વિકાસ અને સંસ્કાર પર તેની નકારાત્મક અસર પડી શકે છે. પત્ની જીવનસાથી છે, તેની સાથે પ્રેમ, સન્માન અને સમજણપૂર્વક વર્તવું એ પારિવારિક જવાબદારી છે. ટીમની સમજાવટ બાદ પતિને પોતાની ભૂલનો અહેસાસ થયો હતો. તેણે પત્નીની માફી માગી ભવિષ્યમાં આવું વર્તન નહીં કરવાની ખાતરી આપી હતી. ત્યારબાદ સાસુ-વહુ વચ્ચે પણ સંવાદ અને સમજાવટ દ્વારા ગેરસમજ દૂર કરવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા.આમ, ૧૮૧ અભયમની ટીમે સંવેદનશીલ અભિગમ અને અસરકારક કાઉન્સેલિંગ દ્વારા મહિલાને પરિવાર સાથે પુનઃ જોડવામાં મદદ કરી હતી.

જામનગર શહેરમાં ડેંગ્યુના રોગચાળા સામે મહાનગરપાલિકા એક્શનમાં

છેલ્લા 3 મહિનામાં જ 86 દર્દીઓનો રિપોર્ટ પોઝિટિવ

(એજન્સી) જામનગર | તા.27

જામનગર શહેરમાં વરસાદી સિઝન પૂર્ણ થયા બાદ મચ્છરજન્ય રોગચાળાએ માથું ઊંચક્યું છે. ખાસ કરીને ડેંગ્યુના કેસમાં છેલ્લા ત્રણ મહિનાથી નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. ચાલુ વર્ષના જાન્યુઆરીથી અત્યાર સુધીમાં જામનગર શહેરમાં ડેંગ્યુના કુલ 96 કેસ નોંધાતાં મહાનગરપાલિકાનું આરોગ્ય વિભાગ એક્શનમાં આવ્યું છે. રોગચાળાને કાબૂમાં લેવા માટે શહેરના વિવિધ વિસ્તારોમાં ડોર ટુ ડોર સર્વે, દવાનો છંટકાવ, દવાઓ અને જરૂરી ગોળીઓનું વિતરણ તેમજ ફોગિંગની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જામનગર મહાનગરપાલિકાના મુખ્ય આરોગ્ય અધિકારી ડો.એમ.એચ.ગોરીના જણાવ્યા અનુસાર, ચાલુ વર્ષ દરમિયાન શહેરમાં ડેંગ્યુના કુલ 96 કેસ નોંધાયા છે. જેમાં ખાસ કરીને છેલ્લા ત્રણ મહિનામાં જ 86 કેસ સામે આવ્યા છે. સપ્ટેમ્બર મહિનામાં ડેંગ્યુના 8 કેસ નોંધાયા હતા, જ્યારે ઓક્ટોબર મહિનામાં આ આંકડો વધીને 35 થયો હતો. બીજી તરફ, ચાલુ નવેમ્બર મહિનામાં અત્યાર સુધીમાં ડેંગ્યુના 39 કેસ નોંધાઈ ચૂક્યા છે. આમ, વરસાદી સિઝન બાદ



મચ્છરોના ઉપદ્રવ સાથે ડેંગ્યુના કેસમાં વધારો થયો હોવાનું સામે આવ્યું છે.


ડેંગ્યુ સહિતના મચ્છરજન્ય રોગચાળાને અટકાવવા માટે મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારોમાં સઘન કામગીરી શરૂ કરવામાં આવી છે. આરોગ્ય વિભાગની ટીમો દ્વારા ઘરે ઘરે જઈને સર્વે કરવામાં આવી રહ્યો છે. ઘરમાં તેમજ આસપાસના વિસ્તારમાં પાણી ભરેલાં ખુલ્લાં પાત્રો, ટાંકીઓ, કુંડીઓ અને અન્ય પાણીના સંગ્રહસ્થાનોની તપાસ કરવામાં આવે છે. જ્યાં મચ્છરના પોરા મળી આવે ત્યાં પોરાનાશક દવાનો છંટકાવ કરી તેનો નાશ કરવામાં આવે છે.આ ઉપરાંત નાગરિકોને જરૂરી દવાઓ અને ગોળીઓનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. મચ્છરોના ઉપદ્રવને નિયંત્રણમાં લેવા માટે વિવિધ વિસ્તારોમ

1.83 ફિટમેન્ટ ફેક્ટરના આધારે પગાર ગણતરી | કર્મચારી સંગઠનોની 3.83 ફિટમેન્ટ ફેક્ટરની માંગ

8મા પગાર પંચ હેઠળ કર્મચારીઓના પગારમાં સરેરાશ 15400ના વધારાની શક્યતા, એરિયર કેટલું થશે?

(એજન્સી) નવી દિલ્હી | તા.27

કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનરો માટે 8મા પગાર પંચને લઈને મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. ગ્લોબલ બ્રોકરેજ ફર્મ જેપી મોર્ગનના અંદાજ મુજબ, 8મા પગાર પંચની ભલામણો લાગુ થયા બાદ કર્મચારીઓ અને પેન્શનરોને દર મહિને સરેરાશ 15,400 રૂપિયા વધારાના મળી શકે છે. આ ઉપરાંત દરેક લાભાર્થીને સરેરાશ આશરે 3.40 લાખ રૂપિયાનું એરિયર્સ પણ મળવાનું અનુમાન છે. જેપી મોર્ગને પોતાની 'ઇન્ડિયા ઇક્વિટી સ્ટ્રેટેજી રિપોર્ટ 2027'માં આ આકલન રજૂ કર્યું છે, જે મુજબ દેશના આશરે 1.2 કરોડ કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનરોને તેનો સીધો લાભ થશે. નાણાકીય વર્ષ 2028 અને 2029 દરમિયાન સરકાર પર પગાર, ભથ્થાં અને પેન્શનનો કુલ 7.2 લાખ કરોડ રૂપિયાનો વધારાનો બોજ પડવાની શક્યતા છે.જેપી મોર્ગને પોતાના આકલનમાં 1.83ના ફિટમેન્ટ ફેક્ટરને આધાર બનાવ્યો છે. આ ગણતરી મુજબ, હાલનો 18,000 રૂપિયાનો લઘુતમ મૂળ પગાર (બેઝિક સેલેરી) વધીને આશરે 33,000 રૂપિયા થઈ શકે છે. બ્રોકરેજ ફર્મના જણાવ્યા અનુસાર, 1.83 ફિટમેન્ટ ફેક્ટરથી



મૂળ પગારમાં કાગળ પર 83 ટકાનો વધારો દેખાશે, પરંતુ તેમાં 60 ટકા મોંઘવારી ભથ્થું (DA) પણ મૂળ પગારમાં ભળી જશે. પરિણામે કર્મચારીઓના વાસ્તવિક પગારમાં આશરે 14 ટકા જેટલો વધારો થવાનું અનુમાન છે.બીજી તરફ, કેન્દ્રીય કર્મચારી સંગઠનોએ 8મા પગાર પંચ સમક્ષ 3.83 ફિટમેન્ટ ફેક્ટર લાગુ કરવાની માંગ મૂકી છે. જો સરકાર દ્વારા આ માંગ સ્વીકારવામાં આવે, તો લઘુતમ મૂળ પગાર 18,000 રૂપિયાથી વધીને સીધો 69,000 રૂપિયાની આસપાસ પહોંચી શકે છે. આ સાથે જ કર્મચારી સંગઠનોએ વાર્ષિક ઇન્ક્રીમેન્ટનો દર હાલના 3 ટકાથી વધારીને 6 ટકા કરવાની પણ રજૂઆત કરી છે.જેપી મોર્ગનના અંદાજ મુજબ, 8મા પગાર પંચની ભલામણો 1 જાન્યુઆરી 2026થી અસરકારક ગણવામાં આવી શકે છે, જ્યારે વધેલા પગારની ચૂકવણી નવેમ્બર 2027થી શરૂ થવાની સંભાવના છે. આ સ્થિતિમાં જાન્યુઆરી 2026થી ઓક્ટોબર 2027 સુધીના કુલ 22 મહિનાનું એરિયર્સ બનશે. બ્રોકરેજ મુજબ, કુલ એરિયર્સની રકમ આશરે 4 લાખ કરોડ રૂપિયા હોઈ શકે છે, જેની ચૂકવણી બે નાણાકીય વર્ષમાં કરવામાં આવશે. નાણાકીય વર્ષ 2028માં 40 ટકા અને નાણાકીય વર્ષ 2029માં બાકીના 60 ટકા એરિયર્સ ચૂકવવામાં આવે તેવી શક્યતા છે. જોકે, આ માત્ર જેપી મોર્ગનનું અનુમાન છે. 8મા પગાર પંચે મે 2027 સુધીમાં પોતાનો રિપોર્ટ સુપરત કરવાનો છે, ત્યારબાદ જ સરકાર પગાર વધારા અને એરિયર્સની ચૂકવણી અંગે અંતિમ નિર્ણય લેશે.

સુરત એરપોર્ટના વિસ્તારેલા ટર્મિનલ બિલ્ડિંગને ગૃહા કાઉન્સિલે 4-સ્ટાર રેટિંગ આપ્યું



(એજન્સી) સુરત | તા.27

ટકાઉ અને પર્યાવરણની જવાબદારીને ધ્યાનમાં રાખીને ઇન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા દર્શાવતા સુરત એરપોર્ટના વિસ્તારેલા ટર્મિનલ બિલ્ડિંગને ગૃહા (GRIHA) તરફથી 4-સ્ટાર રેટિંગ મળ્યું છે. ભારતના ડાયમંડ સિટી અને ગુજરાતના ટેક્સટાઇલ હબ તરીકે ઓળખાતું સુરત દેશનાં સૌથી ઝડપથી વિકસતાં શહેરી કેન્દ્રોમાંના એક તરીકે ઊભરી આવ્યું છે. અહીં પરિવર્તનશીલ શાસન વ્યવસ્થા હેઠળ ઔદ્યોગિક વિકાસની સાથે ટકાઉ ઇન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ વચ્ચે પણ સંતુલન જાળવવામાં આવી રહ્યું છે. વર્ષ 2030 સુધીમાં નગરપાલિકાની ઊર્જાની કુલ જરૂરિયાત નેટ-ઝીરો સ્તરે લાવવાના લક્ષ્ય સાથે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશને પોતાની કામગીરીમાં પુનઃવપરાશી ઊર્જાનો ઉપયોગ 60 ટકા સુધી પહોંચાડી દીધો છે. આ ઉપરાંત, કચરામાંથી ઊર્જા ઉત્પાદન, પાણી, ઉદ્યોગો અને પરિવહન ક્ષેત્રમાં કાર્બન ઉત્સર્જન ઘટાડવા માટે પણ અનેક પહેલ કરવામાં આવી રહી છે. આમ, સુરત રાજ્યમાં કાર્બન ઉત્સર્જન ઘટાડવાની વ્યાપક પ્રક્રિયાને આગળ વધારવામાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે.ગૃહા કાઉન્સિલના વાઇસ પ્રેસિડેન્ટ અને સીઈઓ શ્રી સંજય સેઠે જણાવ્યું હતું કે, "ભારતના ભવિષ્યનાં ઇન્ફ્રાસ્ટ્રક્ચરના મોટા હિસ્સાનું હજુ નિર્માણ થવાનું બાકી છે ત્યારે કાર્યક્ષમ, સુવ્યવસ્થિત રીતે જોડાયેલાં અને પડકારોનો સામનો કરવાની ક્ષમતા ધરાવતાં શહેરો તથા સમુદાયોનું નિર્માણ કરવાની આપણી પાસે એક અનોખી તક છે. આબોહવા પરિવર્તનને કારણે ઊભા થતા જોખમો વધી રહ્યાં છે ત્યારે ઇન્ફ્રાસ્ટ્રક્ચરની રચના માત્ર કાર્બન ઉત્સર્જન ઘટાડવા માટે જ નહીં, પરંતુ પર્યાવરણમાં ઊભા થતા નવા પડકારોનો સામનો કરવા અને તેની સાથે અનુકૂલન સાધી શકે તે રીતે પણ થવી જરૂરી છે. વૈશ્વિક અને રાષ્ટ્રીય સ્તરે આબોહવા પરિવર્તન સામેની કામગીરીના લક્ષ્યો સાથે તાલમેલ જાળવવા માટે આબોહવાને અનુકૂળ આયોજન, સંસાધનોનો કાર્યક્ષમ ઉપયોગ કરીને બાંધકામ અને પડકારો સામે ટકી શકે તેવા ઇન્ફ્રાસ્ટ્રક્ચરની જરૂર છે. આવું ઇન્ફ્રાસ્ટ્રક્ચર આર્થિક વિકાસને ટકાઉ બનાવવાની સાથે સમુદાયોની સુરક્ષા પણ સુનિશ્ચિત કરે છે. સુરત એરપોર્ટનું વિસ્તરેલું ટર્મિનલ બિલ્ડિંગ પર્યાવરણની જવાબદારીને ધ્યાનમાં રાખીને સમજદારીપૂર્વક કરવામાં આવેલી ડિઝાઇન, બાંધકામ અને અમલીકરણનું ઉત્તમ ઉદાહરણ છે."કોઈપણ ઝડપથી વિકસતા શહેર માટે એરપોર્ટ સૌથી મહત્વપૂર્ણ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પૈકીનું એક છે. સુરતનો શહેરી વિસ્તાર ઝડપથી વિસ્તરી રહ્યો છે ત્યારે એરપોર્ટ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયા એરપોર્ટના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયાસો કરી રહી છે. સુરત એરપોર્ટના નવા અને આધુનિક સુવિધાઓથી સજ્જ વિસ્તરેલા ટર્મિનલ બિલ્ડિંગને ઊર્જા કાર્યક્ષમતા અને ટકાઉ વિકાસને લગતી વિશેષતાઓને કારણે ગૃહાનું 4-સ્ટાર રેટિંગ મળ્યું છે. આ ટર્મિનલમાં ગૃહાના નિર્ધારિત મૂળભૂત માપદંડની સરખામણીએ એનર્જી પરફોર્મન્સ ઇન્ડેક્સ (ઈપીઆઈ)માં 63.2 ટકાનો ઘટાડો હાંસલ કરવામાં આવ્યો છે. આ માટે 140 kWp ક્ષમતાની સોલર ફોટોવોલ્ટેઇક સિસ્ટમ અને ઊર્જાની બચત કરતી એલઈડી લાઇટિંગનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

'અમે નોટિસની તપાસ કરી રહ્યા છીએ...', અમેરિકાની ટેરિફની ધમકી પર ભારત સરકારનો જવાબ



(એજન્સી) નવી દિલ્હી | તા.27

અમેરિકા દ્વારા પ્રસ્તાવિત નવા ટેરિફ મુદ્દે ભારત સરકારે સત્તાવાર પ્રતિક્રિયા આપી છે. વાણિજ્ય મંત્રાલયે પોતાના નિવેદનમાં જણાવ્યું છે કે અમેરિકાના વેપાર પ્રતિનિધિ (યુએસટીઆર) ની કલમ 301 હેઠળની તપાસના નિર્ધારણ અને ટિપ્પણી માટેની નોટિસનું ભારતે સંજ્ઞાન લીધું છે અને હાલ તેની તપાસ ચાલી રહી છે.મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે ભારતે સમગ્ર તપાસ પ્રક્રિયામાં રચનાત્મક ભાગીદારી નોંધાવી છે. વાણિજ્ય વિભાગ અગાઉ પણ જણાવી ચૂક્યું છે કે ભારતના કોઈપણ ક્ષેત્રમાં માળખાકીય વધારાની ક્ષમતા નથી, તેમજ વેપાર સંબંધિત ચિંતાઓનો ઉકેલ આ જ વાટાઘાટોના માળખામાં આવવો જોઈએ.યુએસટીઆરના મતે આ ક્ષેત્રને લગતી ભારતની નીતિઓ અયોગ્ય છે અને અમેરિકન વાણિજ્ય પર ભારણ મૂકે છે, જેના કારણે કલમ 301(b) હેઠળ કાર્યવાહી થઈ શકે છે. એજન્સીએ કેટલીક ચીજોને મુક્તિ આપીને અને હાલના કલમ 301 ટેરિફમાં ઘટાડો કરીને ભારતીય ચીજવસ્તુઓ પર 25 ટકા સુધીના શુલ્કનો પ્રસ્તાવ મૂક્યો છે, જોકે વેપાર સમજૂતી થાય તો આ દર ઘટીને 17 ટકા થઈ શકે છે.આ પ્રસ્તાવ 8 મહિનાની તપાસ બાદ આવ્યો છે, જે 16 વેપારી ભાગીદારોની મેન્યુફેક્ચરિંગ નીતિઓ અને અમેરિકાના ઉદ્યોગો પર તેની અસર અંગે હતી. નવા શુલ્કના પ્રસ્તાવમાં સામેલ 14 અર્થતંત્રોમાં ભારતનો પણ સમાવેશ થાય છે, જ્યારે વિગતવાર ટેરિફ દર અને ઉત્પાદનોનો વ્યાપ હજુ જાહેર કરાયો નથી.

સ્વરા બેબી પ્રોડક્ટ્સ લિમિટેડનો આઈપીઓ બુધવાર, 2 ડિસેમ્બર, 2026ના રોજ ખુલશે

(એજન્સી) નવી દિલ્હી | તા.27

સ્વરા બેબી પ્રોડક્ટ્સ લિમિટેડ (the "Company") રૂ. 2ની ફેસ વેલ્યુ ધરાવતા તેના ઇક્વિટી શેર ("Equity Shares") નો આઈપીઓ ("Offer") બુધવાર, 2 ડિસેમ્બર, 2026ના રોજ ખોલવાની દરખાસ્ત ધરાવે છે. એન્કર ઇન્વેસ્ટર્સ માટે બિડીંગની તારીખ બિડ/ઓફર ખુલવાની તારીખના કામકાજના એક દિવસ અગાઉ એટલે કે મંગળવાર, 1 ડિસેમ્બર, 2026 નક્કી કરવામાં આવી છે. બિડ/ઓફર શુક્રવાર, 4 ડિસેમ્બર, 2026ના રોજ બંધ થશે. ઓફર માટે રૂ. 2ની ફેસ વેલ્યુ ધરાવતા પ્રત્યેક ઇક્વિટી શેર દીઠ રૂ. 105થી રૂ. 111નો પ્રાઇઝ બેન્ડ નક્કી કરવામાં આવ્યો છે. રૂ. 2ની ફેસ વેલ્યુ ધરાવતા ઓછામાં ઓછા 135 ઇક્વિટી શેર માટે અને ત્યારબાદ રૂ. 2ની ફેસ વેલ્યુ ધરાવતા 135 ઇક્વિટી શેરના ગુણાંકમાં બિડ કરી શકાશે.આ ઓફરમાં રૂ. 2ની ફેસ વેલ્યુ ધરાવતા કુલ રૂ. 5,000.00 મિલિયન (રૂ. 500 કરોડ) સુધીના ઇક્વિટી શેરનો ફ્રેશ ઇશ્યૂ (the "Fresh Issue") અને કેટલાક વર્તમાન શેરધારકો દ્વારા રૂ. 2ની ફેસ વેલ્યુ ધરાવતા કુલ રૂ. 3,000.00 મિલિયન (રૂ. 300 કરોડ) સુધીના ઇક્વિટી શેરની ઓફર ફોર સેલ (the "Offer for Sale") નો સમાવેશ થાય છે. ઓફર ફોર સેલ હેઠળ બ્રેઇનબીઝ સોલ્યુશન્સ લિમિટેડ દ્વારા રૂ. 2ની ફેસ વેલ્યુ ધરાવતા કુલ રૂ. 1,500 મિલિયન (રૂ. 150 કરોડ) સુધીના ઇક્વિટી શેર અને અનાદ્યા બોન મર્ચારી એલએલપી દ્વારા રૂ. 2ની ફેસ વેલ્યુ ધરાવતા કુલ રૂ. 1,500 મિલિયન (રૂ. 150 કરોડ) સુધીના ઇક્વિટી શેરનું વેચાણ કરવામાં આવશે (the "Promoter Selling Shareholders").



નોકરી છોડ્યા પછી ક્યાં સુધી મળે છે PFનું વ્યાજ, શું છે EPFOના નિયમો

(એજન્સી) નવી દિલ્હી | તા.27

જૂના પ્રોવિડન્ટ ફંડ (PF) ખાતાઓ વિશે ભૂલી જાય છે. એક સામાન્ય ચિંતા એ હોય છે કે જો ખાતામાં ત્રણ વર્ષ સુધી કોઈ નવું યોગદાન (contribution) આપવામાં ન આવે, તો શું વ્યાજ મળવાનું બંધ થઈ જશે? જો તમને પણ આવી ચિંતા હોય, તો EPFOએ આ અંગે સ્પષ્ટતા કરી છે. તાજેતરમાં એક YouTube વિડિયોમાં, એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન (EPFO) એ સ્પષ્ટ કર્યું છે કે માત્ર યોગદાન બંધ થઈ જવાને કારણે ખાતું આપમેળે બંધ થઈ જતું નથી. EPF સ્કીમ, 1952ના ફકરા 72(6) હેઠળ, "ત્રણ વર્ષનો નિયમ" તમામ કર્મચારીઓ માટે એકસરખો લાગુ પડતો નથી. જો કોઈ કર્મચારી 55 વર્ષની ઉંમર પહેલાં નોકરી છોડી દે છે, તો તેમના જૂના PF ખાતા પર 58 વર્ષની ઉંમર સુધી વ્યાજ મળતું રહે છે. ભલે પછી તેમાં કોઈ નવું યોગદાન આપવામાં ન આવ્યું હોય. જેઓ 55 વર્ષ કે તેથી વધુ ઉંમરે નિવૃત્ત થાય છે, તેમના ખાતામાં છેલ્લા યોગદાન પછી 36 મહિના (3 વર્ષ) સુધી વ્યાજ જમા થતું રહે છે. ઉદાહરણ તરીકે, જો કોઈ વ્યક્તિ 58 વર્ષની ઉંમરે નિવૃત્ત થાય છે અને પોતાની રકમ ઉપાડતી નથી, તો તે વ્યક્તિ 61 વર્ષની ઉંમર સુધી ખાતા પર વ્યાજ મેળવવાનું ચાલુ રાખશે. આ સમયગાળા પછી, ખાતું "નિષ્ક્રિય" (inoperative) થઈ જાય છે અને વ્યાજ મળવાનું બંધ થઈ જાય છે.

જૂના ખાતામાંથી રકમ ઉપાડવા માટે સૌપ્રથમ EPFO મેમ્બર પોર્ટલ અથવા 'ઉમંગ' (Umang) એપની મુલાકાત લઈને તપાસો કે તમારો યુનિવર્સલ એકાઉન્ટ નંબર (UAN) સક્રિય છે કે નહીં. ત્યારબાદ, તમારી KYC વિગતો અપડેટ કરો. ખાતરી કરો કે તમારું આધાર, PAN અને બેંક ખાતાની માહિતી, તેમજ તમારી 'Date of Exit' (નોકરી છોડ્યાની તારીખ) યોગ્ય રીતે નોંધાયેલ છે. જો તમારી પાસે UAN ન હોય, અથવા સુરક્ષા કારણોસર તમારું ખાતું બ્લોક કરવામાં આવ્યું હોય, તો તમે તમારી ઓળખની ચકાસણી કરાવવા માટે EPFO ની સ્થાનિક કચેરી (ફિલ્ડ ઓફિસ) ની મુલાકાત લઈ શકો છો અથવા 'નિધિ આપકે નિકટ 2.0' (Nidhi Aapke Nikat 2.0) કેમ્પમાં જઈ શકો છો.જો તમારી અગાઉની કંપની હજુ પણ કાર્યરત હોય, તો તેણે 15 દિવસની અંદર તમારી KYC વિગતોની ચકાસણી કરવી જરૂરી છે.

અમદાવાદમાં 'INS ગુજરાત 2026' 14મી રાષ્ટ્રીય વાર્ષિક નર્સિંગ પરિષદનો આરંભ; દેશભરના નર્સિંગ નિષ્ણાતો એક મંચ પર આવ્યા

(એજન્સી) અમદાવાદ | તા.27

દર્દી-કેન્દ્રિત ઇન્ફ્યુઝન કેર અને ક્લિનિકલ ઉત્કૃષ્ટતાને વેગ આપવાના ઉદ્દેશ્ય સાથે ઇન્ફ્યુઝન નર્સિસ સોસાયટી (INS) ઇન્ડિયા દ્વારા અમદાવાદમાં બે દિવસની 'INS ગુજરાત 2026 - 14મી રાષ્ટ્રીય વાર્ષિક પરિષદ'નો આજથી આરંભ થયો છે. "એવરી ડ્રોપ મેટર્સ: એલિવેટેડ પેશન્ટ-સેન્ટર્ડ ઇન્ફ્યુઝન કેર" થીમ પર આધારિત આ પરિષદમાં દેશભરના નર્સિંગ લીડર્સ, શિક્ષણવિદો, ક્લિનિશિયન્સ, કાર્યરત નર્સો અને નર્સિંગ વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા છે. આ કોન્ફરન્સનો ઉદ્દેશ્ય ક્લિનિકલ



ઉત્કૃષ્ટતાને આગળ વધારવાનો, સલામત ઇન્ફ્યુઝન પ્રથાઓને પ્રોત્સાહન આપવાનો અને દર્દી-કેન્દ્રિત સંભાળને મજબૂત બનાવવાનો છે."એવરી ડ્રોપ મેટર્સ: એલિવેટેડ પેશન્ટ-સેન્ટર્ડ ઇન્ફ્યુઝન કેર" થીમ હેઠળ આયોજિત આ પરિષદનો મુખ્ય હેતુ ક્લિનિકલ જ્ઞાનને મજબૂત કરવાનો, શ્રેષ્ઠ પ્રથાઓના આદાન-પ્રદાનને પ્રોત્સાહન આપવાનો અને દર્દીની સલામતી તથા સંભાળની ગુણવત્તાને કેન્દ્રમાં રાખીને ઇન્ફ્યુઝન થેરાપીમાં નવીનતા લાવવાનો છે. આ પરિષદનું એક મુખ્ય આકર્ષણ ગુજરાતમાં પ્રથમ વખત નર્સિંગ લીડર્સને એક સામાન્ય મંચ પર લાવવાનું વિઝન છે, જેનાથી સહયોગ, વ્યાવસાયિક નેટવર્કિંગ અને ક્લિનિકલ અનુભવોના આદાન-પ્રદાનની નવી તકો ઊભી થશે. નર્સિંગ વિદ્યાર્થીઓ, ફ્રન્ટલાઈન નર્સિંગ વ્યાવસાયિકો, શિક્ષકો અને અનુભવી લીડર્સને એકસાથે લાવીને આ પરિષદ શૈક્ષણિક શિક્ષણ અને ક્લિનિકલ પ્રેક્ટિસ વચ્ચેનો સેતુ બનવા માંગે છે, સાથે જ દર્દીની સંભાળમાં ઉત્કૃષ્ટતા માટે સામૂહિક પ્રતિબદ્ધતાને પ્રોત્સાહન આપે છે. ઇન્ફ્યુઝન થેરાપી આધુનિક આરોગ્યસંભાળનો એક અનિવાર્ય ભાગ છે, જેમાં વિવિધ ક્લિનિકલ વિશેષતાઓમાં નસ વાટે (ઇન્ટ્રાવેનસ) પ્રવાહી, દવાઓ અને અન્ય થેરાપી આપવાનો સમાવેશ થાય છે. ગુણવત્તાયુક્ત ઇન્ફ્યુઝન કેર પૂરી પાડવી એ માત્ર થેરાપી આપવા પૂરતું મર્યાદિત નથી; તેના માટે ક્લિનિકલ ચોકસાઈ, કડક સલામતી પ્રથાઓ, સતત દેખરેખ અને દરેક દર્દીની જરૂરિયાતોને અનુરૂપ કરુણાસભર અભિગમ જરૂરી છે. આ પરિષદની થીમ દર્દીની સલામતી અને સારવારના પરિણામોને સુધારવામાં દરેક ક્લિનિકલ નિર્ણય અને નર્સિંગ હસ્તક્ષેપના મહત્વને રેખાંકિત કરે છે આ પ્રસંગે કર્નલ બિનુ શર્મા (CEO, INS ઇન્ડિયા), કેપ્ટન મધુકર્ય રે (પ્રમુખ, INS ઇન્ડિયા) અને ગવર્નિંગ કાઉન્સિલએ સંયુક્ત નિવેદનમાં જણાવ્યું હતું કે, "સલામત, કરુણાસભર અને અસરકારક આરોગ્યસંભાળ પૂરી પાડવામાં નર્સો કેન્દ્રસ્થાને છે. તેમની ક્લિનિકલ કુશળતા, સતર્કતા અને દર્દીઓ સાથે જોડાવાની ક્ષમતા સારવારના દરેક તબક્કે અર્થપૂર્ણ તફાવત લાવે છે. INS ગુજરાત 2026 દ્વારા અમે એવું મંચ ઊભું કરવા માંગીએ છીએ જ્યાં નર્સિંગ વિદ્યાર્થીઓ, કાર્યરત વ્યાવસાયિકો અને અનુભવી લીડર્સ એકબીજા પાસેથી શીખી શકે, જ્ઞાનનું આદાન-પ્રદાન કરી શકે અને તેમની ક્ષમતાઓને મજબૂત બનાવી શકે. અમારું માનવું છે કે શિક્ષણ, સહયોગ અને નેતૃત્વ વિકાસ દ્વારા અમારા નર્સિંગ કાર્યબળને સશક્ત બનાવવું એ મજબૂત આરોગ્યસંભાળ પ્રણાલીના નિર્માણ અને દર્દીઓના વધુ સારા પરિણામો માટે અત્યંત જરૂરી છે." આ પ્રસંગે સુશ્રી શર્મિષ્ઠા નાયી (ઓર્ગેનાઈઝિંગ ચેરપર્સન, ગુજરાત ૨૦૨૬)એ જણાવ્યું હતું કે, "ઝડપથી બદલાતા આરોગ્યસંભાળ વાતાવરણમાં સતત વ્યાવસાયિક વિકાસના મહત્વ પર પણ આ પરિષદ પ્રકાશ પાડે છે. નર્સિંગ વિદ્યાર્થીઓ અને કારકિર્દીની શરૂઆતના વ્યાવસાયિકો માટે તે સમકાલીન આરોગ્યસંભાળ પ્રથાઓનો પરિચય મેળવવાની, અનુભવી વ્યાવસાયિકો સાથે સંવાદ કરવાની અને ભવિષ્યની નેતૃત્વ ભૂમિકાઓ નિભાવવા માટે જરૂરી કૌશલ્ય અને આત્મવિશ્વાસ વિકસાવવાની તક આપે છે." આ પરિષદનો હેતુ ગુજરાતના નર્સિંગ સમુદાયનું વૈવિધ્યસભર પ્રતિનિધિત્વ એકત્ર કરવાનો છે, જેમાં સરકારી નર્સિંગ કોલેજો, નર્સિંગ સ્કૂલ્સ, શૈક્ષણિક સંસ્થાઓ અને આરોગ્યસંભાળ સંસ્થાઓને ભાગીદારી સરળ બનાવવા અને વ્યાવસાયિક આદાન-પ્રદાન, શિક્ષણ તથા નેતૃત્વ વિકાસની તકો મજબૂત કરવા પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ સંસ્થાઓની વધુ ભાગીદારી શૈક્ષણિક જોડાણને મજબૂત બનાવવામાં અને સમગ્ર નર્સિંગ સમુદાયમાં વ્યાપક સહયોગને પ્રોત્સાહન આપવામાં મદદ કરશે. આ પરિષદ પુરાવા-આધારિત પ્રથાઓ, દર્દી-કેન્દ્રિત ઇન્ફ્યુઝન કેર અને ગુણવત્તાયુક્ત આરોગ્યસંભાળ પૂરી પાડવામાં નર્સિંગ વ્યાવસાયિકોની બદલાતી જવાબદારીઓ પર ચર્ચા કરવા માટે એક મહત્વપૂર્ણ મંચ પૂરું પાડે તેવી અપેક્ષા છે. વિવિધ દ્રષ્ટિકોણ અને અનુભવોને એકસાથે લાવીને, INS ગુજરાત 2026 શિક્ષણ, વ્યાવસાયિક વિકાસ અને દર્દીની સલામતી માટે સહિયારી જવાબદારીની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાનો ઉદ્દેશ્ય ધરાવે છે. INS ગુજરાત આરોગ્યસંભાળ સેવાઓને મજબૂત બનાવવામાં કુશળ, જાણકાર અને સશક્ત નર્સિંગ કાર્યબળના મહત્વને પુનઃસ્થાપિત કરવા માંગે છે. આ પરિષદ ક્લિનિકલ પ્રેક્ટિસને આગળ વધારવા, ભાવિ નર્સિંગ લીડર્સને ઘડવા અને દરેક આરોગ્યસંભાળ નિર્ણયના કેન્દ્રમાં દર્દીઓને રાખવાની સહિયારી પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં બાલુ ફોર્જે અત્યાર સુધીની સૌથી વધુ રૂ. 625 કરોડની આવક કરી; ચોખ્ખો નફો (પીએટી) 17 ટકા વધીને રૂ. 143 કરોડ થયો

(એજન્સી) મુંબઈ | તા.27

અગ્રણી સટિક એન્જિનીયરિંગ અને ઉત્પાદક કંપની બાલુ ફોર્જ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ ("કંપની" અથવા "બીએફઆઈએલ") (BSE: 531112 | NSE: BALUFORGE) એ 30 સપ્ટેમ્બર, 2026ના રોજ પૂર્ણ થયેલા ત્રિમાસિક ગાળા માટે એના ઓડિટ ન થયેલા નાણાકીય પરિણામોની જાહેરાત કરી છે.

Particulars (in Cr)	H1 FY27	H1 FY26	Y-o-Y (%)	Q2 FY27
Revenue from Operations	625.1	523.7	17.3%	324.3
EBITDA	178.5	155.1	15.1%	93.7
EBITDA Margin%	28.6%	29.1%	(50bps)	28.9%
PAT	142.7	122.1	16.9%	76.6
PAT Margin%	22.8%	22.9%	(10bps)	23.6%
EPS (Rs.)	12.1	10.8	12.3%	6.6

આ કામગીરી પર બીએફઆઈએલના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી જસ્પાલ સિંહ ચંડોકે કહ્યું હતું, "નાણાકીય વર્ષ 2026-27નો પ્રથમ અર્ધવાર્ષિક ગાળો બાલુ ફોર્જ માટે રેકોર્ડ કામગીરીનો રહ્યો હતો, જે અમારા વ્યવસાયની મજબૂતી અને વિકાસના આગામી તબક્કા તરફ અમે કરેલી પ્રગતિ દર્શાવે છે. જ્યારે કંપનીની આવક 17 ટકા વધીને રૂ. 625 કરોડ થઈ હતી, ત્યારે તેનો ચોખ્ખો નફો (પીએટી) 17 ટકા વધીને રૂ. 143 કરોડ થયો હતો. ઈબીઆઈટીડીએ 28.6 ટકા માર્જિન સાથે 15 ટકા વધીને રૂ. 179 કરોડ થયો હતો. બીજા ત્રિમાસિક ગાળામાં ઈબીઆઈટીડીએ માર્જિન 130 બીપીએસ સુધરીને 28.9 ટકા થયું હતું. એટલી જ પ્રોત્સાહનજનક રોકડ આવક રીહ હતી, જેમાં કાર્યકારી રોકડપ્રવાહ રૂ. 245 કરોડ પહોંચી ગયો હતો, જે અગાઉના વર્ષની સરખામણીમાં 7 ગણો વધારે હતો. પ્રાપ્ત રકમમાં રૂ. 31.2 કરોડનો ઘટાડો થયો હતો, તો ચોખ્ખો ડેટ-ટૂ-ઈક્વિટી રેશિયો 0.04 ગણાના નીચલા સ્તરે હતો, જે અમારી શિસ્તબદ્ધ કામગીરી અને મજબૂત બેલેન્સ શીટને દર્શાવે છે. અમારા 37-વર્ષના એન્જિનીયરિંગ વારસા પર અમે આંતરરાષ્ટ્રીય સ્તરે સ્પર્ધાત્મક, સટિક ઉત્પાદન પ્લેટફોર્મ ઊભું કરીને વિકાસના આગામી તબક્કામાં પ્રવેશ કર્યો છે. બીજો ત્રિમાસિક ગાળો વૃદ્ધિમાં પ્રદાનની શરૂઆત કરવા અમારી નવી ક્ષમતા અગાઉ આધાર પ્રદાન કરે છે. અમે ફોર્જિંગક્ષમતા 100,000 એમટીપીએથી વધારીને 168,000 એમટીપીએ કરી છે તથા સટિક મશીનિંગક્ષમતા 58,000 એમટીપીએથી વધારીને 80,000 એમટીપીએ કરી છે. અત્યાધુનિક મશીનિંગ, ઓટોમેટેડ ફોર્જિંગ અને વિશેષ ઉત્પાદનમાં રોકાણ અમને વધારે જટિલ, ઊંચા મૂલ્યની ઇન-હાઉસ ક્ષમતા અને આંતરરાષ્ટ્રીય ઓઇએમ સાથે અમારી ભાગીદારીને મજબૂત કરવા અમને સક્ષમ બનાવશે. અમારો મિશ્ર વ્યવસાય ઊંચા મૂલ્યની ઉપયોગિતાઓ તરફ ધીમે ધીમે આગળ વધી રહ્યો છે, જેમાં સંરક્ષણ, એરોસ્પેસ અને રેલવે અમારી રૂ. 2,400 કરોડની ઓર્ડર બુકમાં આશરે 50 ટકા હિસ્સો ધરાવે છે.

એક મહિનામાં સોનાના ભાવમાં રૂ. 22,000નો ઘટાડો, હવે ખરીદી કરવી કે રાહ જોવી?

(એજન્સી) નવી દિલ્હી | તા.27

છેલ્લા એક મહિનામાં સોનાના ભાવમાં અંદાજે રૂ. 22,000નો ઘટાડો નોંધાયો છે. લગ્નની સિઝન શરૂ થાય તે પહેલાં જ ભાવ ઘટવા લાગતાં લોકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. જો કે, ભાવમાં ઘટાડા બાદ હવે પણ લોકોમાં થોડી મૂંઝવણ છે કે સોનું ખરીદવું કે હજુ પણ થોડી રાહ જોવી? સોનાના ભાવમાં ઘટાડા બાદ અત્યારે સોનું ખરીદવાનો યોગ્ય સમય છે કે નહીં? નિષ્ણાતોના મતે એકસાથે આખું સોનું ખરીદવાને બદલે ધીમે-ધીમે ખરીદી કરવી વધુ સમજદારીભર્યું પગલું છે. તેનું મુખ્ય કારણ એ છે કે આગામી દિવસોમાં સોનાના ભાવમાં વધુ વધઘટ થઈ શકે છે. અમેરિકામાં મોંઘવારી અને ત્યાંની કેન્દ્રીય બેંક(ફેડરલ રિઝર્વ)ના વ્યાજદર અંગેની આશંકાઓને કારણે સોનાના ભ

તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, કારતક વદ - 04

ઊંઘમાં જુએ તે સપનાં નહીં, તમને ઊંઘવા ન દે તે સપનાં કહેવાય

વિદાય એ જ જાણે જીવનસંદેશ! ૨૦૧૫ની ૨૭મી જુલાઈએ અબ્દુલ કલામ આઈ.આઈ.એમ. શિલોંગનાં વિદ્યાર્થીઓ સમક્ષ વ્યાખ્યાન આપતા હતા. વ્યાખ્યાન આપતા એકાએક જ તેઓ ઢળી પડયા અને તેમનું અવસાન થયું. જીવનની છેલ્લી ક્ષણો સુધી તેઓ વિદ્યાર્થીઓને સંબોધિત કરતા રહ્યા. એમની વિદાય એ પણ એમના ઉત્કૃષ્ટ જીવનની વિશિષ્ટ ઓળખ બની રહી. આજે આખી દુનિયા જેન-ઝી અને જેન-આલ્ફાની ચિંતા કરે છે. એમાં પણ તાજેતરમાં ચૌદથી ઓગણત્રીસ વર્ષના જેન-ઝીનાં આંદોલનોએ આપણા દેશનાં રાજકારણીઓને એકાએક સફાળા જાગૃત કરી દીધા છે. પોતાની કિશોરાવસ્થામાં જ કોવિડ-૧૯ની મહામારીનો અનુભવ કરનાર જેન-ઝીની ખૂબીઓ અને ખામીઓ વિશે ચોતરફ ચર્ચાઓ ચાલી રહી છે. સોશિયલ મીડિયાનો મોટો પ્રભાવ અનુભવનારી આ પેઢી રાષ્ટ્રના પ્રશ્નો વિશે જાગૃત થઈને આંદોલનો કરી રહી છે. આપણા પડોશી દેશ નેપાળ અને બાંગ્લાદેશમાં આ પેઢીનાં યુવક-યુવતીઓએ વર્ષોથી ચાલતી રાજસત્તાને ઉખેડીને ફેંકી દીધી છે. એથીયે વિશેષ ચૂંટણીઓમાં વિજય મેળવીને આ યુવાનોએ સત્તાસ્થાને બેસીને શાસનની બાગડોર સંભાળી છે, ત્યારે આપણા દેશમાં અને આખી દુનિયામાં આ યુવાપેઢીની ચિંતા ચાલે છે. આજે જેની ચિંતા સેવીએ છીએ એનો ઉકેલ વર્ષો પહેલાં ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામે આપેલો છે. રાષ્ટ્રપતિ થયા બાદ અબ્દુલ કલામ દેશમાં ખૂબ ઘૂમ્યા અને એમણે જોયું કે આ ઊગીને ઊભા થયેલા યુવાનોને જો સવાલ પૂછવાનું કહીએ છીએ, તો તે અચકાય છે. સાવ મૂંગામંતર થઈ જાય છે. એ હકીકત છે કે સવાલ પૂછવા માટે હિંમત એકઠી કરવાની અને પ્રોત્સાહન હોવાની જરૂર છે, પરંતુ એમને લાગ્યું કે સમાજ તરીકે સવાલ ન પૂછવો એ આપણી રીત છે. આથી એમણે બાળકો અને યુવાનોનાં મનમાં રહેલા પ્રશ્નો બહાર લાવવાનો પ્રયત્ન કર્યો. એમને નિર્ભીકતાથી જિજ્ઞાસા પ્રગટ કરવાની મોકળાશ આપી. તેઓ સામે ચાલીને કહેતા કે, 'મને સવાલો પૂછો, તમારી જિજ્ઞાસાઓ દાબી રાખો નહીં' અને ત્યાર બાદ યુવાનોની હિંમત એવી ખૂલી ગઈ કે તેઓ આ 'પિપલ્સ પ્રેસિડેન્ટ' (લોકોનાં રાષ્ટ્રપતિ) અબ્દુલ કલામને જુદાં જુદાં સવાલો પૂછવા લાગ્યા. વિજ્ઞાન, ટેકનોલોજી અને અવકાશના સવાલો તો પૂછયા, પરંતુ કેટલાકે તો એવા સવાલ પણ પૂછયા કે તેઓ શા માટે આટલા લાંબા વાળ રાખે છે અથવા તો તેમણે લગ્ન કેમ કર્યાં નથી? તેઓ કહેતા કે, 'જીવનમાં માત્ર હુકમને અનુસરો નહીં, તમારે પરિવર્તન લાવવાની પણ જરૂર છે.' અને આ પરિવર્તનનો અણસાર એમને બાળકો અને યુવાનોમાં જોવા મળતો. યુવાવર્ગ સાથે વાતચીત કરવાનું એમને ખૂબ પસંદ પડતું અને રાષ્ટ્રપતિપદ છોડ્યા પછી પણ એ પોતાની આ જાણીતી અને માનીતી ભૂમિકામાં પાછા ફર્યા. દેશ-વિદેશમાં ફરીને વક્તવ્યો આપવાં લાગ્યાં. એ કહેતા કે, 'લાંબી સફરમાં સર્પાકાર રસ્તાઓ ચડતાં ચડતાં કોઈ થોડી વાર માટે થંભી જાય અને પાછળ નજર નાખે તો તેણે કાપેલા રસ્તા દૂરથી કેવા સરસ લાગે છે, તેનો ખ્યાલ આવે છે.' અદ્દલ એવી જ રીતે મારી જૂની યાદોની મજા લેવા માટે 'વિંગ્ઝ ઓફ ફાયર' પુસ્તક લખ્યું. આ પુસ્તકમાં એમને માટે સ્થળ અને સમય નહીં, બલ્કે પાત્રો મહત્ત્વનાં હતાં. એ સમયે બાળ અબ્દુલ કલામ રામેશ્વરમમાં આંબલીનાં બીજ એકઠા કરીને દુકાનદારને વેચતા હતા. બીજા વિશ્વયુદ્ધને કારણે આંબલીના બીજની માંગ અચાનક વધી ગઈ હતી. એમાંથી રોજની એક આના જેટલી કમાણી થતી અને એમનો કમાણી કરવાનો આ પહેલો અનુભવ. વિશ્વ યુદ્ધના સમયમાં રામેશ્વરમ સ્ટેશન પર ટ્રેનનું સ્ટોપ જ બંધ થયું. એમના પિતરાઈ ભાઈ સામસુદ્દીન અખબારોનું વિતરણ કરતા હતા અને હવે સ્ટોપ બંધ થતા ટ્રેનમાંથી અખબારોનું બંડલ નીચે ફેંકવામાં આવતું, ત્યારે અબ્દુલ કલામ એ બંડલ પકડવામાં મદદ કરતા અને આમ આ કામમાંથી એમને થોડું વેતન મળતું હતું. આવી રીતે દોડાદોડી કરતા રાત્રે કળતર થતું જેને કારણે ઘણાં વર્ષો સુધી એમની પીંડીઓમાં કળતર થતું રહ્યું. માતાની મધુર સ્મૃતિ એમના ચિત્તમાં સતત જીવનભર રમતી રહી. ચટણી બનાવવા માટે પથ્થર ઉપર કોપરું લસોટતી માતા, ઉકળતા સંભારને કડછાથી હલાવતી માતા, એમને બાજુમાં બેસીને જમવા માટે બોલાવતી માતા આ સઘળી યાદો એમણે એમના ચિત્તમાં જીવનભર સંઘરી રાખી અને વિચાર કરતા હતા કે, 'આ દુનિયામાં કેટકેટલા રૂપે માતાના દીદાર થાય છે.' એક વાર પોતાના ભાઈ-બહેન સાથે તેઓ ભોજન કરતા હતા અને એમની માતા અબ્દુલ કલામને રોટલી આપ્યે જતા હતા. એ સમયે ઘઉંનું રેશનિંગ હતું. ભોજન પૂરું થયા બાદ અબ્દુલ કલામના મોટાભાઈએ એમને ખૂણામાં લઈ જઈને ઠપકો આપ્યો, 'કલામ, તને ખબર છે કે શું બની રહ્યું છે? ઘઉંનું રેશનિંગ છે. તું રોટલી ખાધે જતો હતો અને માતા તને આપી જતી હતી. એણે પોતાની બધી રોટલી તને આપી દીધી. તારે એક જવાબદાર પુત્ર તરીકે આ સમજવું જોઈએ અને માતાને ભૂખી ન રખાય.' આ સાંભળતા જ બાળક અબ્દુલ કલામ દોડીને માતા પાસે ગયા અને એને વળગી પડયા. એમણે માતા વિશેનું એક કાવ્ય પણ લખ્યું છે. જેમાં માતાએ કેવી રીતે એના વાત્સલ્ય, સંભાળ અને શ્રદ્ધાથી અબ્દુલ કલામને બળ આપ્યું. વળી બતાવ્યું કે આવી કપરી પરિસ્થિતિમાં પણ માતા-પિતા કઈ રીતે બાળકોની જરૂરિયાતોને ખ્યાલમાં રાખીને એને માટે રસ્તો કરી આપે છે અને એથીયે વધારે તો જીવનમાં મૂલ્યોની જાળવણી શીખવે છે.

જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં 'ઇન્ડોર પેશન્ટ મેનેજમેન્ટ મોડ્યુલ' સોફ્ટવેર થયું ઇન્સ્ટોલ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જ્યારે ઘરનો કોઈ સ્વજન બીમાર પડે અને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવે, ત્યારે તેના પરિવારજનો માટે એક- એક પળ ખૂબ જ કપરી અને ચિંતાજનક હોય છે. દર્દી કયા વોર્ડમાં છે, તેની સારવાર કઈ રીતે ચાલી રહી છે અને અત્યારે તેની તબિયત કેવી છે-આ જાણવા માટે સગા-સંબંધીઓને હોસ્પિટલ ના એક છેડેથી બીજા છેડે ભટકવું પડતું હતું. પરંતુ હવે, જૂનાગઢ વાસીઓ અને આસપાસના વિસ્તારના દર્દીઓ માટે એક અત્યંત રાહતરૂપ અને આનંદના સમાચાર સામે આવ્યા છે.જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે અત્યાધુનિક 'ઇન્ડોર પેશન્ટ મેનેજમેન્ટ મોડ્યુલ' (Indoor Patient Management Module) ની શરૂઆત કરવામાં આવનાર છે.શું છે આ નવી સુવિધા?આ નવી ડિજિટલ સિસ્ટમ શરૂ થવાથી હવે હોસ્પિટલમાં દાખલ થયેલા દરેક દર્દીની માહિતી આંગળીના ટેરવે ઉપલબ્ધ બનશે. આ મોડ્યુલની મદદથી દર્દી કયા વોર્ડમાં દાખલ છે અને તેની વર્તમાન સ્વાસ્થ્ય સ્થિતિ (Real-time status) શું છે, તેનું લાઈવ ટ્રેકિંગ કરી શકાશે.દર્દીઓ, પરિવારજનો અને સ્ટાફ માટે આશીર્વાદરૂપ:* પરિવારજનોને માનસિક શાંતિ: હોસ્પિટલની બહાર બેઠેલા ચિંતાતુર પરિવારજનોને હવે પોતાના સ્વજનની સ્થિતિ જાણવા માટે વારંવાર વોર્ડમાં દોડાદોડી નહીં કરવી પડે. પારદર્શક અને ઝડપી માહિતી મળવાથી તેમની માનસિક તાણમાં મોટો ઘટાડો થશે.* દર્દીઓને ઝડપી અને સચોટ સારવાર: દર્દીનો તમામ ડેટા એક જ પ્લેટફોર્મ પર ઉપલબ્ધ હોવાથી સારવારમાં કોઈ વિલંબ નહીં થાય અને દર્દીઓને વધુ સારી આરોગ્ય સેવા મળી રહેશે.* ડૉક્ટરો અને નર્સિંગ સ્ટાફની કાર્યક્ષમતામાં વધારો: દિવસ-રાત દર્દીઓની સેવામાં ખડેપગે રહેતા ડૉક્ટરો અને નર્સિંગ સ્ટાફ માટે પણ આ સિસ્ટમ વરદાનરૂપ સાબિત થશે. કાગળની ફાઈલોના ભારણમાંથી મુક્તિ મળશે અને દર્દીઓના મેનેજમેન્ટમાં સરળતા રહેવાથી તેઓ દર્દીઓની સારવાર પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી શકશે.જૂનાગઢ સિવિલ હોસ્પિટલ તંત્રનું આ સંવેદનશીલ અને ટેકનોલોજી યુક્ત પગલું માત્ર એક વહીવટી સુધારો નથી, પરંતુ ગરીબ અને મધ્યમ વર્ગના હજારો દર્દીઓ પ્રત્યેની કરુણા અને સેવાભાવનું ઉત્તમ ઉદાહરણ છે. આ સુવિધાથી સિવિલ હોસ્પિટલની આરોગ્ય સેવાઓ વધુ આધુનિક, ઝડપી અને માનવીય બનશે તેમાં કોઈ શંકા નથી.

જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં લેબોરેટરી બાદ હવે રેડિયોલોજી રિપોર્ટ પણ સીધા વોટ્સએપ પર!

નરેન્દ્ર દવે જૂનાગઢ

જ્યારે પરિવારનું કોઈ સભ્ય બીમાર પડે છે, ત્યારે હોસ્પિટલના ધક્કા, લાંબી કતારો અને રિપોર્ટની રાહ જોવી એ દર્દી અને તેના પરિવારજનો માટે માનસિક અને શારીરિક થાક આપનારી હોય છે. ખાસ કરીને દૂર-સુદૂરના ગામડાઓમાંથી આવતા ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓ માટે રિપોર્ટ લેવા ફરીથી હોસ્પિટલ આવવું એ મોટી મુશ્કેલી હતી. પરંતુ, હવે જૂનાગઢ સિવિલ હોસ્પિટલે ટેકનોલોજીના માધ્યમથી સંવેદનાસભર કદમ ઉઠાવીને દર્દી ઓની આ મોટી ચિંતા દૂર કરી દીધી છે.જૂનાગઢ સિવિલ હોસ્પિટલ તંત્ર દ્વારા અગાઉ દર્દીઓની સુવિધા માટે લેબોરેટરી રિપોર્ટ વોટ્સએપ પર આપવાની સફળ શરૂઆત કરવામાં આવી હતી. હવે હોસ્પિટલ ને વધુ એક ડગલું આગળ વધારીને સંપૂર્ણપણે 'ડિજિટલ' બનાવતા, દર્દીઓને તેમના રેડિયોલોજી રિપોર્ટ (જેમ કે એક્સ-રે, સોનોગ્રાફી વગેરે) પણ સીધા તેમના વોટ્સએપ પર જ ઉપલબ્ધ કરાવવાની સુવિધા શરૂ કરવામાં આવી છે. દર્દીઓ અને પરિવારજનોને શું થશે મોટો ફાયદો?* કતારોમાંથી મુક્તિ: રિપોર્ટ બારી પર લાગતી લાંબી લાઈનોમાં ઊભા રહેવાની ઝંઝટનો અંત આવશે, જે વૃદ્ધો અને અશક્ત દર્દીઓ માટે આશીર્વાદ સમાન સાબિત થશે.* ઝડપી સારવાર: રિપોર્ટ તૈયાર થતાની સાથે જ સીધો મોબાઈલ પર મળી જવાથી ડોક્ટરને બતાવવામાં અને આગળની સારવાર શરૂ કરવામાં વિલંબ નહીં થાય.* રિપોર્ટ સાચવવાની સરળતા: કાગળના રિપોર્ટ ફાટી જવાની કે ખોવાઈ જવાની બીક રહેતી હતી, પરંતુ હવે ડિજિટલ રિપોર્ટ કાયમ માટે મોબાઈલમાં સુરક્ષિત રહેશે.જૂનાગઢ સિવિલ હોસ્પિટલની આ પહેલ માત્ર એક ટેકનિકલ સુધારો નથી, પરંતુ સામાન્ય માણસની મુશ્કેલીઓને સમજીને લેવાયેલો એક માનવીય નિર્ણય છે. સરકારી હોસ્પિટલો પણ હવે આધુનિક સુવિધાઓ સાથે ખાનગી હોસ્પિટલોને ટક્કર આપી રહી છે, તેનું આ ઉત્તમ ઉદાહરણ છે. આ સુવિધાથી સોરઠ પંથકના હજારો દર્દીઓના ચહેરા પર રાહતનું સ્મિત જોવા મળી રહ્યું છે.

કેશોદમાં ભાજપ દ્વારા સંવિધાન દિવસની ઉજવણી કરાઈ

નરેન્દ્ર દવે જૂનાગઢ

ભારતમાં દર વર્ષે 26 નવેમ્બરના રોજ સંવિધાન દિવસ (બંધારણ દિવસ)ની ઉજવણી કરવામાં આવે છે. 26 નવેમ્બર, 1949ના રોજ ભારતની બંધારણ સભાએ દેશના બંધારણ નો સ્વીકાર કર્યો હતો. બંધારણના ઘડવૈયા ડૉ.બાબાસાહેબ આંબેડકર ના અમૂલ્ય યોગદાનને સન્માન આપવા તથા નાગરિકોમાં બંધારણીય મૂલ્યો અને અધિકારો અંગે જાગૃતિ લાવવાના હેતુથી વર્ષ 2015થી 26 નવેમ્બરને સત્તાવાર રીતે સંવિધાન દિવસ તરીકે ઉજવવાનું શરૂ કરવામાં આવ્યું હતું. આ નિમિત્તે કેશોદમાં પણ ભાજપ દ્વારા સંવિધાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. શરદ ચોક ખાતે આવેલા સરદાર વલ્લભભાઈ પટેલના સ્ટેચ્યુને પુષ્પાંજલિ અર્પણ કરી સંવિધાન યાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.શરદ ચોકથી શરૂ થયેલી આ સંવિધાન યાત્રા આંબાવાડી અને કાપડ બજાર સહિતના માર્ગો પરથી પસાર થઈ ચાર ચોક ખાતે પહોંચી હતી. જ્યાં ભારતના બંધારણના ઘડવૈયા ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પમાળા અર્પણ કરી યાત્રાની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.આ કાર્યક્રમમાં કેશોદ નગર પાલિકા નાં પ્રમુખશ્રી પ્રતીક્ષાબેન દેવળીયા, ભાજપ સંગઠનના ભરતભાઈ કોરિયા, ગૌરવ વ્યાસ, હિરેન ભોરણીયા સહિત મહિલા ભાજપ સંગઠનનાં હોદ્દેદારો, કાર્યકરો અને મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા. સંવિધાન દિવસની ઉજવણીના માધ્યમથી બંધારણના મૂલ્યો, લોકશાહી અને રાષ્ટ્રીય એકતાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

જૂનાગઢમાં ગરવા ગિરનારની ગોદમાં આવેલા કાશ્મીરી બાપુના આશ્રમ (આમકુ) ખાતે સાત દિવસ ભાગવત જ્ઞાનયજ્ઞ





નરેન્દ્ર દવે જૂનાગઢ

ગરવા ગિરનારની ગોદમાં આવેલ વિશ્વ વંદનીય સંત શિરોમણી કાશ્મીરી બાપુની તપોભૂમિમા શ્રી દાતારેશ્વર આશ્રમ (આમકુ) ખાતે શ્રી દાતારેશ્વર મહાદેવ તથા શ્રી ખોડીયાર માતાજી અને શ્રી કાર્તિકેય સ્વામિ મહારાજના સાનિધ્યમાં તા. 30-11-2026 થી 6-12-2026 સુધી સાત દિવસીય શ્રીમદ્ ભાગવત કથા અમૃતધારા જ્ઞાનયજ્ઞ નું ભવ્ય દિવ્ય આયોજન કરવામાં આવ્યું છે. વિશ્વના આત્મકલ્યાણ અર્થે આયોજિત કથા આ જગ્યા ના મહંત ૧૦૦૮ નર્મદાપુરી માતાજી ની નિશ્રામાં યોજાઈ રહી છે. આ જ્ઞાનયજ્ઞમાં વ્યાસપીઠ પરથી ભાદરવા ગુરુ આશ્રમના પુરાણાચાર્ય ડો.નિકુંજ મહારાજ ત્રિવેદી ભાવિકોને કથામૃતનું રસપાન કરાવશે. કથાનો પ્રારંભ પોથીયાત્રા સાથે થશે. સાત દિવસ દરમિયાન કથામાં મંગલ પ્રસંગો યોજાશે શ્રી વરાહ ચરિત્ર,શ્રી કપિલ પ્રાગટ્ય, શ્રી નુસિહ પ્રાગટ્ય, શ્રી વામન પ્રાગટ્ય, શ્રી રામ પ્રાગટ્ય, શ્રી કૃષ્ણ પ્રાગટ્ય, નંદ મહોત્સવ, શ્રી ગોવેધન મહોત્સવ,શ્રી કૃષ્ણ રૂક્ષ્મણી વિવાહ, શ્રી સુદામા ચરિત્ર જેવા વિવિધ પાવન પ્રસંગોની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવશે. ત્યારબાદ રવિવારના રોજ કથા વિરામ પામશે અને પૂર્ણાહુતિ થશે.શ્રદ્ધાળુઓ દર્શન અને કથા બંનેનો લાભ લઈ શકે તે માટે કથા શ્રવણ નો સમય સવારે ૯ થી ૧૨ અને બપોરે ૩ થી ૬ કલાક સુધીનો રાખવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે કાશ્મીરી બાપુ આશ્રમ ખાતે દર્શનાર્થીઓ માટે ૩૬૫ દિવસ અને ૨૪ કલાક મહાપ્રસાદની અવિરત વ્યવસ્થા કાર્યરત છે. કથા દરમિયાન પણ પધારતા ભાવિક ભક્તો માટે આશ્રમ ખાતે મહા પ્રસાદનું આયોજન છે આથી કથાનો લાભ લેવા ભાવિક ભકતોને મંહતશ્રી 1008 નર્મદાપુરી માતાજી તથા સેવકગણ દ્વારા ભાવભર્યુ નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

જૂનાગઢ GMERS મેડિકલ કોલેજ સંલગ્ન જનરલ હોસ્પિટલના તબીબોની સફળ કામગીરી

નરેન્દ્ર દવે જૂનાગઢ

GMERS મેડિકલ કોલેજ, જૂનાગઢ સંલગ્ન જનરલ હોસ્પિટલ ના તબીબોએ વધુ એક જટિલ અને જોખમી ઓપરેશન સફળતાપૂર્વક પાર પાડીને ૫૦ વર્ષીય દર્દીનો જીવ બચાવ્યો છે. ઘટનાની વિગત એવી છે કે, ગત તા. ૧૮/૧૧/૨૦૨૬ ના રોજ સાંજે અંદાજે ૪:૩૦ વાગ્યે જેતપુર ખાતે પોતાના ઘરે બે માળ ની છત પરથી નીચે પટકાતા એક ૫૦ વર્ષીય પુરુષને ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ અકસ્માતમાં અંદાજે ૭૫ સેમી (આશરે ૨.૫ ફૂટ) લાંબો લોખંડનો સળિયો દર્દીના જમણા પગના આગળના ભાગથી ઘૂસીને ઘૂંટણની પાછળના ભાગેથી (Popliteal fossa) નીચેના પગ સુધી આરપાર નીકળી ગયો હતો. આ ઉપરાંત દર્દીને ડાબા હાથના કોણીના ભાગે (Left ulna) ખસી જવાની (dislocation) ઈજા તેમજ જમણા હાથની વચ્ચેની આંગળી માં ફ્રેક્ચર થયું હતું. દર્દીને તાત્કાલિક સાંજે ૫:૧૫ વાગ્યે જેતપુર સિવિલ હોસ્પિટલ ખાતે પ્રાથમિક સારવાર આપ્યા બાદ, વધુ સઘન સારવાર અર્થે સાંજે ૭:૦૦ વાગ્યે જૂનાગઢ GMERS મેડિકલ કોલેજ સંલગ્ન જનરલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.સઘન તપાસ અને સફળ સર્જરી: જૂનાગઢ GMERS જનરલ હોસ્પિટલ ખાતે દર્દીને લાવવામાં આવતા તબીબોની ટીમે ત્વરિત નિર્ણય લઈ જરૂરી તમામ તપાસ હાથ ધરી હતી. દર્દીના મગજ (NCCT Brain), કરોડરજ્જુ (CT Whole Spine), છાતી અને પેટના ભાગના રિપોર્ટ નોર્મલ આવ્યા હતા, જેથી કોઈ આંતરિક ગંભીર ઈજા ન હોવાનું જણાયું હતું. જોકે, પગમાં સળિયો મુખ્ય રક્તવાહિનીઓની અત્યંત નજીકથી પસાર થયો હોવાથી જમણા પગની નસોની તપાસ (Artery Doppler) કરવામાં આવી હતી, જે સદનસીબે નોર્મલ આવી હતી. ત્યારબાદ, સર્જરી વિભાગના યુનિટ 3 ના ડૉ.રૈયા ગરચર, ડૉ.સંદીપ ચાવડા અને તેમની ટીમ દ્વારા દર્દીને એનેસ્થેસિયા વિભાગના સહયોગ થી સ્પાઇનલ એનેસ્થેસિયા (Spinal Anesthesia) આપીને અત્યંત ચોકસાઈપૂર્વક ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. ઓપરેશન દરમિયાન પગની કોઈપણ મુખ્ય રક્તવાહિની (Vascular injury) કે હાડકાને નુકસાન પહોંચ્યા વગર જાંઘથી લઈને પગની નીચેના ભાગ સુધી ફસાયેલા લોખંડના સળિયાને સફળતાપૂર્વક બહાર કાઢવામાં આવ્યો હતો, તેમજ હાથના ફ્રેક્ચર અને ડિસલોકેશનની પણ યોગ્ય સારવાર ઓર્થોપેડીક વિભાગ ના ડોક્ટરો દ્વારા કરવામાં આવી હતી.હાલ દર્દીની તબિયત સંપૂર્ણપણે સ્થિર અને સ્વસ્થ છે. સરકારી હોસ્પિટલના તબીબોની સમય સૂચકતા અને કુશળતાને કારણે દર્દીનો પગ તેમજ જીવ બચી જતા પરિવારજનોએ તબીબો અને હોસ્પિટલ તંત્રનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે.

માનકૂવા ખાતે નિ:શુલ્ક આયુષ્યમાન કાર્ડ કેમ્પ યોજાયો, ગ્રામજનોએ મોટી સંખ્યામાં લાભ લીધો

મહેશ એલ. સોની નખત્રાણા

માનકૂવા ગામે આજ રોજ માનવતા અને સેવાભાવનાનું અનોખું ઉદાહરણ જોવા મળ્યું. ગામના જાણીતા સામાજિક આગેવાન શ્રી જીતેનભાઈ સોની તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC) ના સહયોગથી નિ:શુલ્ક આયુષ્યમાન કાર્ડ કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સવારથી જ કેમ્પમાં ગ્રામજનોનો અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળ્યો હતો. વડીલો, મહિલાઓ, યુવાનો સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહી આયુષ્યમાન કાર્ડ કઢાવી આરોગ્ય સેવાનો લાભ લીધો હતો. કેમ્પમાં આવેલા લાભાર્થીઓને આયુષ્યમાન ભારત યોજના અંતર્ગત મળતા લાભો અંગે પણ વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આ સેવાકીય



કાર્યક્રમમાં માનકૂવા ગ્રામ પંચાયતના સરપંચ શ્રી રમેશભાઈ, તાલુકા પંચાયત સદસ્ય શ્રી દેવશીભાઈ પૂજાણી, તેમજ સર્વ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. તમામ મહાનુભાવોએ આવા લોકહિતકારી કેમ્પના આયોજન બદલ આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા અને આ કાર્યને સમાજસેવાનું સાચું ઉદાહરણ ગણાવ્યું હતું.આયોજકોએ જણાવ્યું હતું કે, છેવાડાના માનવી સુધી સરકારની આરોગ્યલક્ષી યોજનાઓનો લાભ પહોંચે એ જ આ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ્ય હતો. સમગ્ર કેમ્પનું આયોજન સુવ્યવસ્થિત અને શિસ્તબદ્ધ રીતે કરવામાં આવ્યું હતું, જેના કારણે ગ્રામજનોએ આયોજકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

કારોડા હાઈવે રોડની બાજૂના નાળા નજીક તળાવના કિનારે ઉંડા ખાબોચીયામાંથી મોઢેરાના યુવકની લાશ મળી

નિતીન ઠાકર | ચાણસ્મા

કરોડા નજીક ચાણસ્મા તરફ જતા રોડ નજીક તળાવના પાણી ભરેલા ઉંડા ખાબોચીયામાંથી બાઈક અને એક



યુવાનની મૃત હાલતમાં લાશ પડી હોવાની વિગત ચાણસ્મા પોલિશ ને ખેડૂત દ્વારા ગામમાં જાણ કરાતાં ઘટનાસ્થળે એકઠા થયેલા લોકોએ ચાણસ્મા પોલિશને ઘટનાને જાણ કરતાં પી આઇ જીગર પટેલ સહિત પોલિશ ઘટનાસ્થળે આવી પહોંચી ઘટનાની જાણકારી મેળવી હતી જેમાં લાશ પાસે મળેલા મૃતક યુવાન ના બાઈક ની નંબર.પ્લેટ નું સર્ચ કરાતાં મૃતક યુવાન મેહુલકુમાર દિનેશભાઈ પટેલ ઉ.વ. ૨૮ રહે મોઢેરાવાળો હોવાની માહિતી મળતાં લાશનું પંચનામું કરી ચાણસ્મા આરોગ્ય કેન્દ્ર ખાતે પી એમ માટે મોકલી આપી હતી. જ્યારે કરોડા નજીક તળાવ કિનારે ઉંડા પાણી ભરેલા ખાબોચીયામાંથી મળેલી યુવકની લાશ અંગે ચાણસ્મા પોલિશ દ્વારા કારોડાથી ચાણસ્મા હાઇવેની બાજુના તળાવમાં યુવાન ની લાશ મળેલી હોવાથી અને બાઈક પણ પાણી ભરેલા તળાવ કિનારેથી મળ્યું હોવાથી કદાચ બાઈક સ્લીપ ખાઈ જવાના કારણે ઘટના બની હોવા ના અનુમાન સાથે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરાઈ હોવાનું પી આઈ જીગર પટેલે જણાવ્યું હતું.

નર્મદા જિલ્લા માં બાળ લગ્ન મુક્ત જનજાગૃતિ અભિયાનનો પ્રારંભ, રાજ્યકક્ષાના મંત્રી ત્રિકમ છાંગાએ જાગૃતિ રથને પ્રસ્થાન કરાવ્યું

સત્યવલંબ બારોટ | રાજપીપલા

નર્મદા જિલ્લામાં "બાળ લગ્ન મુક્ત ભારત અભિયાન" અંતર્ગત "નાની ઉંમરે અને બળજબરીથી થતા લગ્ન નાબૂદી માટેના આંતરરાષ્ટ્રીય દિવસ" નિમિત્તે ૧૦૦ દિવસીય જનજાગૃતિ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો . પ્રાપ્ત માહિતી મુજબ નર્મદા જિલ્લા માં બાળલગ્નો અટકાવવા અને જિલ્લા ને બાળલગ્નમુક્ત બનાવવા શરુ થયેલ એ આ અભિયાનના ભાગરૂપે જનજાગૃતિ રથ નર્મદા જિલ્લાના વિવિધ તાલુકાઓનાં ગામડાંઓમાં ભ્રમણ કરી બાળ લગ્ન જેવી સામાજિક કુરિવાજ સામે લોકજાગૃતિ ફેલાવશે.આ પ્રસંગે આજે રાજ્યકક્ષાના ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ વિભાગના મંત્રી ત્રિકમભાઈ છાંગા સહિતના મહાનુભાવોએ આજરોજ જિલ્લા કલેકટર કચેરીના પ્રાંગણમાંથી લીલીઝંડી આપી જનજાગૃતિ રથને પ્રસ્થાન કરાવ્યું હતું. જેમાં રાજપીપલા





ના ધારાસભ્ય ડો. દર્શના દેશમુખ, પૂર્વ જિલ્લા કલેકટર ગંગા સિંઘ, જિલ્લા વિકાસ અધિકારી આર.વી. વાળા. જિલ્લા ભાજપ પ્રમુખ શબ્દશરણ તડવી સહિત સંબધિત અધિકારીઓ સહભાગી થઈને. જિલ્લા ને બાળ લગ્ન મુક્ત કરવા અંગેના શપથ લીધા હતા. આ રથ પર મંત્રી સહિતના મહાનુભાવોએ હસ્તાક્ષરો કર્યા હતાં. આ જનજાગૃતિ રથ દ્વારા જિલ્લાના વિવિધ ગામોમાં બાળ લગ્નના દુષ્પરિણામો, બાળ લગ્ન પ્રતિબંધક કાયદાની જોગવાઈઓ તેમજ બાળ લગ્ન અટકાવવા માટે સમાજની ભૂમિકા અંગે લોકોને માહિતગાર કરવામાં આવશે. સાથે જ બાળ લગ્ન જેવી સામાજિક કુરિવાજને નાબૂદ કરવા અને બાળકોના સુરક્ષિત ભવિષ્ય માટે સમાજમાં વ્યાપક જનજાગૃતિ લાવવાના પ્રયાસો કરવામાં આવશે.

ભજન ધર્મમાં સિધ્ધાંત અને સદગુરુમા સત્ય આપે: મોરારિબાપુ તલગાજરડામાં 19મો સંતવાણી એવોર્ડ સમારોહ યોજાયો

વેળાવદર(તખુભાઇ સાંડસુર દ્વારા)

પૂ.મોરારિબાપુના પિતાશ્રી પ્રભુદાસ બાપુની પુણ્યતિથિ નિમિત્તે દર વર્ષે સંતવાણી સમારોહ અને તલગાજરડા ગામની દીકરીઓનો સમૂહ લગ્નનો કાર્યક્રમ છેલ્લા 19 વર્ષથી યોજાતો રહ્યો છે.ચાલુ વર્ષે આ કાર્યક્રમ 26 નવેમ્બર 2026 કારતકવદી બીજને ગુરૂવારના રોજ ચિત્રકૂટ ધામ તલગાજરડા ખાતે યોજાઈ ગયો. સવારના તલગાજરડા ગામની દીકરીઓના સમૂહ લગ્ન સંપન્ન થયા. અને સાંજે સંતવાણી એવોર્ડ સમારોહ અને સંતવાણી પણ યોજાઈ હતી. એવોર્ડ સમારોહને સંબોધિત કરતા પૂ. મોરારિબાપુએ જણાવ્યું કે ધર્મમાં ભજન સિદ્ધાંત આપે છે અને સદગુરુ સાથે તે સત્ય આપે છે. જેની પાસે ભજન છે તેને પાંચ વસ્તુનો અનુભવ થાય છે. પહેલું પરમાત્માના એશ્વર્યાનો અનુભવ, નિંદા અને નિદ્રા ઓછી થાય, ત્રીજો રજોગુણ, તમોગુણ પણ ઓછો થાય અને ચોથું ભીડથી બચવાની ઈચ્છા સતત રહે અને પાંચમું બધાના પ્રેમનું ભાજન વધતું જાય. આજે સંતવાણી એવોર્ડ પુ મોરારિબાપુના શુભ્ર હસ્તે વિવિધ મહાનુભાવો એવોર્ડને એનાયત થયા. જેમા સંતવાણીના આદિ સર્જક સંત પુ.



સુખરામજી બાપુ-મોટા ભમોદરાને એનાયત થયો જેનો સ્વીકાર ત્યાંના સંચાલક શ્રી વનરાજભાઈ ખુમાણે કર્યો.ભજનીક દેવરાજ

ગરબાડા ખાતે બાલિકા પંચાયતની દીકરીઓના હસ્તે THR વિતરણ સાથે જાતિગત ભેદભાવ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો



દિપક રાવલ દાહોદ લીમખેડા

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકામાં આવેલ આંગણવાડી કેન્દ્ર નંબર-૫ ખાતે બાલિકા પંચાયતની દીકરીઓની ઉપસ્થિતિમાં જાતિગત ભેદભાવ અંગે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં DHEW યોજના હેઠળના જેન્ડર સ્પેશિયાલિસ્ટ તેમજ સખી વન સ્ટોપ સેન્ટર (OSC)ના કેસવર્કર ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન જાતિગત ભેદભાવના દુષ્પરિણામો, ભેદભાવ દૂર કરવાના ઉપાયો તેમજ સમાજમાં સમાનતા, સમાન અધિકાર અને સમાન તકોનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. એ સાથે દીકરીઓને પોતાના પરિવાર અને સમાજમાં સમાનતાની ભાવના પ્રસરાવવા તથા ભેદભાવમુક્ત વાતાવરણના નિર્માણમાં સક્રિય ભાગીદારી નોંધાવવા પ્રેરિત કરવામાં આવી હતી.કાર્યક્રમના ભાગરૂપે આંગણવાડી કેન્દ્રના લાભાર્થીઓને બાલિકા પંચાયતની દીકરીઓના હસ્તે THR (ટેક હોમ રાશન)નું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે THRના પોષણલક્ષી મહત્વ, તેના યોગ્ય ઉપયોગ અને તેનાથી મળતા આરોગ્યલક્ષી લાભો અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.THR દ્વારા લાભાર્થીઓને જરૂરી પોષક તત્ત્વો મળી રહે છે, જે બાળકોના શારીરિક અને માનસિક વિકાસમાં મદદરૂપ બને છે. સગર્ભા અને ધાત્રી માતાઓના પોષણમાં પણ તે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ ઉપરાંત, પોષણયુક્ત આહારના નિયમિત સેવન અંગે જાગૃતિ કેળવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ જાતિગત ભેદભાવ પ્રત્યે સામાજિક જાગૃતિ કેળવવા, સમાનતાના મૂલ્યોને પ્રોત્સાહન આપવા તેમજ આંગણવાડીના લાભાર્થીઓમાં પોષણ અંગે સમજ અને જાગૃતિ વધારવાનો હતો.

ગોડાઉન મેનેજરની હાજરીમાં જ ઓછું વજન

લીમખેડા સરકારી ગોડાઉનમાંથી જ ગરીબોના અનાજમાં 'કટકી'નું મહાકૌભાંડ!



દિપક રાવલ દાહોદ લીમખેડા

દાહોદ:રાજ્ય સરકાર દ્વારા ગરીબ પરિવારોને પૂરતું અનાજ મળી રહે તે માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે, પરંતુ દાહોદ જિલ્લાના લીમખેડા ખાતે આવેલા સરકારી અનાજના ગોડાઉનમાં જ અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોની મિલીભગતથી દર મહિને લાખો રૂપિયાના અનાજની કટકી થતી હોવાનો ચોંકાવનારો પર્દાફાશ થયો છે. લીમખેડા ગોડાઉન મેનેજરની નજર સમક્ષ જ કટ્ટામાં નિયત કરતા ઓછું વજન ભરવામાં આવતું હોવાના વીડિયો પુરાવા સામે આવતા સમગ્ર ગુજરાતના પુરવઠા તંત્રમાં ખળભળાટ મચી ગયો છે.આ સમગ્ર વિવાદની શરૂઆત લીમખેડા તાલુકાના પ્રતાપપુરા અને ઢઢેલા ગામની સસ્તા અનાજની દુકાનોથી થઈ હતી. ડોર-સ્ટેપ ડિલિવરી (DSD) હેઠળ ટેમ્પામાં આવેલા અનાજના કટ્ટાઓનું દુકાનદારો દ્વારા વજન કરવામાં આવતા દરેક કટ્ટામાં 50 500 કિલોની સામે ૪૭ થી ૪૯ કિલો જ અનાજ નીકળ્યું હતું. હવે સામે આવેલા નવા વીડિયો પુરાવા સાબિત કરે છે કે આ ઘટ રસ્તામાં નહીં, પરંતુ ખુદ લીમખેડા ગોડાઉન ખાતેથી જ ગોડાઉન મેનેજર આર. એસ. ભુરીયાની હાજરીમાં થાય છે. તંત્રની શંકાસ્પદ ભૂમિકા:ઢઢેલા ખાતે અનાજ ઓછું નીકળતા લીમખેડા મામલતદારે નાયબ મામલતદાર એન. આર. પાલસને તાત્કાલિક ગોડાઉન પર જઈ તપાસ કરવા અને પૂરું વજન કરી આપવા આદેશ કર્યો હતો. તેમ છતાં, સમય વીતી ગયો હોવાનું બહાનું ધરી ગોડાઉનની તપાસ કરવામાં આવી ન હતી. બીજી તરફ, પ્રતાપપુરાની ઘટનામાં પણ સ્થળ તપાસ બાદ દિવસો સુધી કોઈ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યું નહોતું જિલ્લા પુરવઠા અધિકારી (DSO) અને સ્થાનિક તંત્ર કૌભાંડીઓને છાવરી રહ્યું હોવાનો આક્ષેપ સ્થાનિકો કરી રહ્યા છે. ગાંધીનગર વિજિલન્સ ટીમ દ્વારા જો લીમખેડા ગોડાઉનના સ્ટોક અને સીસીટીવી ફૂટેજની તટસ્થ તપાસ કરવામાં આવે, તો રાજ્યવ્યાપી અનાજ કૌભાંડના મોટા કડાકા-ભડાકા થવાની પૂરી શક્યતા છે.

પ્રતાપપુરા અને ઢઢેલાથી કૌભાંડનો પર્દાફાશ

અગાઉ લીમખેડા તાલુકાના પ્રતાપપુરા અને ઢઢેલા ખાતેની સસ્તા અનાજની દુકાનોમાં ડોર-સ્ટેપ ડિલિવરી વખતે જ કટ્ટામાં ઓછું વજન નીકળતા ભારે હોબાળો થયો હતો. મામલતદારના આદેશની અવગણના: ઢઢેલાની ઘટના બાદ મામલતદાર અનિલ વસાવાએ ઓછો માલ ન સ્વીકારવા અને ગોડાઉન પર જઈ તપાસ કરવા નાયબ મામલતદાર એન. આર. પાલસને સૂચના આપી હતી, પરંતુ સાંજના સાડા ચાર વાગી ગયા હોવાનું બહાનું ધરી ગોડાઉન પર તપાસ ટાળી દેવામાં આવી હતી. તપાસ રિપોર્ટમાં શંકાસ્પદ વિલંબ: પ્રતાપપુરાની દુકાનમાં સ્થળ તપાસ થયાના દિવસો વીતી ગયા હોવા છતાં નાયબ મામલતદાર કે પુરવઠા તંત્ર દ્વારા કોઈ સત્તાવાર રિપોર્ટ તૈયાર કરાયો નથી, જે સમગ્ર મામલો દબાવી દેવાની કોશિશ તરફ ઈશારો સાબિત થાય છે. જવાબદારીમાંથી છટકવાનો પ્રયાસ: ગોડાઉન મેનેજર દ્વારા આ મામલે D.S.D. (ડોર-સ્ટેપ ડિલિવરી) કોન્ટ્રાક્ટર આશિફ મન્સૂરી પર દોષનો ટોપલો ઢોળવામાં આવી રહ્યો છે, જ્યારે ખુદ ગોડાઉનમાંથી જ ફાટેલા કટ્ટા અને ઓછા વજનનો માલ ભરાતો હોવાના વીડિયો પુરાવા તંત્રની પોલ ખોલી રહ્યા છે.

કેબિનેટ મંત્રીશ્રી નરેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને વાંગડ ખાતે જિલ્લા વહીવટી તંત્રની સમીક્ષા બેઠક યોજાઈ



દિપક રાવલ દાહોદ

કેબિનેટ મંત્રીશ્રી નરેશભાઈ પટેલના ૧૨૯-ફતેપુરા વિધાનસભા મતવિસ્તારના ત્રણ દિવસીય પ્રવાસ અંતર્ગત પી.એમ. શ્રી મોડેલ સ્કૂલ, વાંગડ ખાતે જિલ્લા વહીવટી તંત્ર સાથે સમીક્ષા બેઠક યોજાઈ હતી.મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ બેઠકમાં દાહોદ જિલ્લામાં વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવતી કામગીરીની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. આ ઉપરાંત જિલ્લામાં હાલ ચાલી રહેલા વિકાસકાર્યો, આગામી સમયમાં હાથ ધરાનારા આયોજનો તેમજ અત્યાર સુધીમાં પૂર્ણ કરવામાં આવેલા કામોની પ્રગતિ અંગે સંબંધિત વિભાગના અધિકારીઓ પાસેથી માહિતી મેળવવામાં આવી હતી.બેઠક દરમિયાન વિવિધ સરકારી યોજનાઓનો લાભ છેવાડાના નાગરિકો સુધી પહોંચે, વિકાસકાર્યો સમયમર્યાદામાં પૂર્ણ થાય અને પ્રજાને સરકારી સેવાઓનો વધુ સારો લાભ મળે તે અંગે ચર્ચા કરવામાં આવી હતી. સાથે જ કામગીરી દરમિયાન આવતી મુશ્કેલીઓ અને તેના ઉકેલ અંગે પણ ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.મંત્રીશ્રીએ સંબંધિત અધિકારીઓને વિકાસકાર્યોમાં ગુણવત્તા જાળવવા, કામગીરીમાં ઝડપ લાવવા અને સરકારી યોજનાઓના અસરકારક અમલીકરણ માટે સંકલન સાથે કામગીરી કરવા જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી.આ બેઠકમાં રાજ્યકક્ષાના મંત્રીશ્રી રમેશભાઈ કટારા, જિલ્લા કલેક્ટર સુશ્રી સુરભિ ગૌતમ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી હિરેન બારોટ, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી રવિરાજસિંહ જાડેજા, પ્રાયોજના વહીવટદારશ્રી પ્રતીક જૈન, ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી પલ્લવીબેન બારૈયા સહિત જિલ્લા વહીવટી તંત્રના અધિકારીશ્રીઓ કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અંજાર સોની સમાજની દીકરીએ નૃત્ય ક્ષેત્રે રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ સ્થાન મેળવી જીત્યો ગોલ્ડ મેડલ



મહેશ એલ.સોની નખત્રાણા

શ્રી મારૂ કંસારા સોની સમાજની દીકરીએ નૃત્ય ક્ષેત્રે અભૂતપૂર્વ સિદ્ધિ મેળવી સમગ્ર સમાજ, પરિવાર અને કચ્છ જિલ્લાનું નામ રાષ્ટ્રીય કક્ષાએ રોશન કર્યું છે. અંજાર નિવાસી કુ. જ્ઞાની નિરુપભાઈ પોમલે શાસ્ત્રીય નૃત્ય ક્ષેત્રે પોતાની અદ્ભુત કલા સાધના, અથાગ પરિશ્રમ અને સમર્પણના બળે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રથમ ક્રમાંક મેળવી સુવર્ણ ચંદ્રક (ગોલ્ડ મેડલ) હાંસલ કર્યો છે.આંદામાન ખાતે શ્રી વિજયા પુરમ ખાતે યોજાયેલા 16મા આંતરરાષ્ટ્રીય સાંસ્કૃતિક કલા મહોત્સવ - કલ્યરલ ઓલિમ્પિયાડ ઓફ પરફોર્મિંગ આર્ટ્સ 2026માં કુ. જ્ઞાનીએ ભરતનાટ્યમ શાસ્ત્રીય નૃત્યની સિનિયર કેટેગરીમાં પોતાની મનમોહક અને ભાવવાહી પ્રસ્તુતિ રજૂ કરી હતી. તેની લયબદ્ધ મુદ્રાઓ, ભાવ-અભિનય અને નૃત્યની પરિપક્વતાએ નિર્ણાયકો સહિત સમગ્ર પ્રેક્ષકગણને મંત્રમુગ્ધ કરી દીધા હતા અને પરિણામે તે પ્રથમ સ્થાનની અધિકારી બની હતી.કુ. જ્ઞાનીની આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ ઠેર-ઠેરથી અભિનંદનની વર્ષા થઈ રહી છે. શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ-અંજારના પ્રમુખ શ્રી દેવેનભાઈ કે. હેડાઉ સહિત સમગ્ર જ્ઞાતિના આગેવાનો, સામાજિક સંસ્થાઓ, સ્નેહીજનો અને શુભેચ્છકોએ તેને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે. અંજાર સોની સમાજના પ્રમુખ શ્રી દેવેનભાઈ એ જણાવ્યું હતું કે, જ્ઞાનીની આ સિદ્ધિ આજની યુવા પેઢી માટે પ્રેરણારૂપ છે. તેમણે ઉતરોતર પ્રગતિના શિખરો સર કરે એવી શુભકામના વ્યકત કરતા જણાવ્યું હતું કે દીકરીની આ સફળતા પાછળ તેના માતા-પિતાના સંસ્કાર, ગુરુજનોનું માર્ગદર્શન અને તેની પોતાની સતત સાધના રહેલી છે. સમગ્ર સમાજ આજે તેની સિદ્ધિ પર ગર્વ અનુભવી રહ્યો છે.

'ફ્રેન્ડ્સ ઓફ કેટલ' યોજના અંતર્ગત ગૌશાળામાં ઘાસચારા પેટે રોકડ દાન મળ્યું

નરેન્દ્ર દવે જૂનાગઢ | મહાનગરપાલિકા, જૂનાગઢ દ્વારા શહેરના માર્ગો પરથી રખડતા ગૌવંશને પકડીને મનપા સંચાલિત ગૌશાળા ઓમાં આશ્રય આપવામાં આવે છે, જ્યાં હાલ ૪૪૦ જેટલા ગૌવંશની યોગ્ય માવજત કરવામાં આવી રહી છે. આ ગૌશાળા ખાતે ફ્રેન્ડ્સ ઓફ કેટલ યોજના અંતર્ગત તા. ૨૭/૧૧/૨૦૨૬ના રોજ મહાનગરપાલિકા, જૂનાગઢના સેક્રેટરીશ્રી કલ્પેશભાઈ ટોલિયા એ તેમના જન્મદિન નિમિતે ઘાસચારા પેટે રૂ.૧,૧૧૧/- નું દાન તથા શ્રી સીમાબેન જગડ દ્વારા તેમના પુત્ર શ્રી વ્યોમભાઈ જગડ ના જન્મદિન નિમિતે રૂ.૧,૧૧૧/- નું દાન અર્પણ કરેલ છે તેમ એક યાદીમાં જણાવ્યું છે.

જૂનાગઢ ખાતે 'બાળ વિવાહ મુક્ત ભારત' અભિયાન અંતર્ગત હિતધારકો માટે જાગૃતિ વર્કશોપ યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

ભારત સરકારના 'બાળ વિવાહ મુક્ત ભારત' અભિયાન અંતર્ગત તા.૨૭ નવેમ્બરના રોજ 'બાળ, નાની ઉંમર અને બળજબરીપૂર્વકના લગ્ન નાબૂદી



માટેના આંતરરાષ્ટ્રીય દિવસ' નિમિત્તે જૂનાગઢ સ્થિત શિશુમંગલ ખાતે હિતધારકો (Stakeholders) માટે વિશેષ જાગૃતિ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને નાયબ નિયામક સમાજ સુરક્ષા કચેરી, જૂનાગઢ, દ્વારા બાળ વિવાહ મુક્ત ભારત અભિયાન અંતર્ગત એક દિવસીય બાળલગ્ન નાબુદી કાર્યક્રમમાં આયોજિત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ (DLSA), જૂનાગઢના ફુલ ટાઈમ સેક્રેટરીશ્રી ડી. કે.ચંદનાની, નાયબ નિયામકશ્રી (જિલ્લા સમાજ સુરક્ષા પ્રભાગ), જૂનાગઢ ડૉ. પ્રાર્થનાબેન શેરેસિયા, શિશુમંગલના માનદ મંત્રી શ્રીમતી કેતકીબેન જાની, જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી રમેશભાઈ મહિડા, બાળ કલ્યાણ સમિતિ ના ચેરમેનશ્રી પાયલબેન અને અન્ય સભ્યો તથા પ્રોબેશન અધિકારી શ્રી એજાઝભાઈ કુરેશી ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ બાળલગ્નની સામાજિક, શૈક્ષણિક અને માનસિક અસરો અંગે પ્રકાશ પાડ્યો હતો. બાળલગ્ન એ બાળકો ના મૂળભૂત અધિકારો અને તેમના ઉજ્જવળ ભવિષ્ય સામેનો ગંભીર પડકાર છે. બાળલગ્ન પ્રતિબંધ અધિનિયમ, ૨૦૦૬ હેઠળ બાળ લગ્ન કરાવવા, પ્રોત્સાહન આપવા કે તેમાં સહભાગી થવા બદલ કાયદેસરની કાર્યવાહી અને સજાની જોગવાઈઓ અંગે ઉપસ્થિતોને માહિતગાર કરવામાં આવ્યા હતા. કાયદા મુજબ દોષિત વ્યક્તિને બે વર્ષ સુધીની સખત કેદ અને એક લાખ રૂપિયા સુધીના દંડની જોગવાઈ છે. વર્કશોપ દરમિયાન બાળલગ્ન અટકાવવામાં સરકારી તંત્ર, પોલીસ વિભાગ, કાનૂની સેવા સત્તા મંડળ, સામાજિક સંસ્થાઓ, શિક્ષણ જગત તેમજ સમાજના આગેવાનોની ભૂમિકા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. બાળ લગ્નની જાણ થાય ત્યારે સમયસર સંબંધિત તંત્રને જાણ કરી બાળલગ્ન અટકાવવા સૌને સક્રિય સહભાગી બનવા અપીલ કરવામાં આવી હતી. વર્કશોપ દરમિયાન બાળલગ્ન અટકાવવાની શપથ અને સાઈન કેમ્પેન યોજવામાં આવી હતી. બાળકોની સુરક્ષા અને જરૂરિયાતના સમયે તાત્કાલિક મદદ મળી રહે તે માટે વિવિધ હેલ્પલાઈન નંબરો અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં ચાઈલ્ડ હેલ્પલાઈન-૧૦૯૮, પોલીસ હેલ્પલાઈન-૧૧૨, નાલસા કાનૂની સહાય-૧૫૧૦૦ તથા જસ્ટ રાઈટ્સ ફોર ચિલ્ડ્રન હેલ્પલાઈન- ૧૮૦૦ ૧૦૨ ૭૨૨નો સમાવેશ થાય છે. કાર્યક્રમમાં જિલ્લા સમાજ સુરક્ષા કચેરી, જિલ્લા બાળ સુરક્ષા એકમ, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ચાઈલ્ડ હેલ્પલાઈન, પોલીસ વિભાગ તથા વિવિધ સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ અને કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. બાળકોનું બાળપણ સુરક્ષિત રહે, તેમને શિક્ષણ અને વિકાસની સમાન તકો પ્રાપ્ત થાય તથા બાળલગ્ન જેવી સામાજિક કુપ્રથાનું સંપૂર્ણ નાબૂદીકરણ થાય તેવા સંકલ્પ સાથે વર્કશોપનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી ની કચેરી, જૂનાગઢ દ્વારા એક યાદીમાં જણાવ્યું છે.

જૂનાગઢ જિલ્લામાં ૧,૦૧,૫૧૩ બાળકોને પોલીયોની રસી પીવડાવામાં આવી

નરેન્દ્ર દવે જૂનાગઢ | ભારત દેશને વર્ષ ૨૦૧૪ માં પોલીયો મુક્ત જાહેર કરવામાં આવેલ છે.અત્યારે ભારત પોલીયો મુક્ત છે. હજુ પણ કેટલાક દેશોમાંથી પોલીયો નાબુદ ન થયો હોવાથી તે ફરીથી ફેલાવાની શક્યતા રહેલી છે. જેથી ભારત દેશને પોલીયો મુક્ત બનાવી રાખવા માટે કેન્દ્ર સરકારશ્રી દ્વારા પોલીયો રસીકરણ અભિયાન ચલાવવામાં આવે છે. જે અંતર્ગત રાજ્ય સરકારશ્રીના પલ્સ પોલીયો રસીકરણ અભિયાન અંતર્ગત જૂનાગઢ જિલ્લાના તમામ ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં તા.૨૨/૧૧/૨૦૨૬ થી તા.૨૪/૧૧/૨૦૨૬ સુધીમાં પોલિયો રસીકરણ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.જેમાં ૭૭૧ બુથ ઉપર ૨૭-મોબાઈલ અને ૩૭-ટ્રાન્ઝીટ ટીમ તથા હાઉસ ટુ હાઉસની ૧૧૧૧ ટીમના કુલ ૨૩૬૦ કર્મચારીઓ દ્વારા કુલ ૦ થી ૫ વર્ષના ૧,૦૧,૫૧૩ બાળકોને પોલીયોની રસી પીવડાવી સુરક્ષિત કરવામાં આવ્યા હતા. પલ્સ પોલીયો રસીકરણ અભિયાનમા પ્રથમ દિવસે બુથ ઉપર પોલિયો રસીના ટીપા પીવડાવવામાં આવ્યા હતા અને બીજા અને ત્રીજા દિવસે કુલ ૨,૫૭,૪૧૫ ઘરોની મુલાકાત દરમ્યાન બાકી રહેલા બાળકોને પણ પોલીયોની રસીથી સુરક્ષિત કરવામાં આવ્યા હતા. તેમ આરોગ્ય શાખા, જિલ્લા પંચાયત, જૂનાગઢની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

છાત્રશક્તિ સાપ્તાહિકનાં સ્થાપક તંત્રીશ્રી યશવંતભાઈ જનાણીએ ૮૨ વર્ષની વયે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.ની સૌજન્ય મુલાકાત લીધી

નરેન્દ્ર દવે જૂનાગઢ | સૌરાષ્ટ્ર વિદ્યાર્થી ઉત્કર્ષ સમાજ દ્વારા પ્રકાશિત છાત્ર શક્તિ સાપ્તાહીકનાં સ્થાપક તંત્રી કે જેઓ આજે ૮૨ વર્ષની વયે વિદ્યાર્થીઓનાં કલ્યાણની પ્રવૃતિ હૈયે ધારણ કરનાર બુઝર્ગ છતાં યુવાનો જેવી તરવરાટ કાર્યશક્તિ ધરાવતા શ્રી યશવંતભાઈ જનાણી એ ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં કુલપતિ પ્રો. પ્રતાપસિંહજી ચૌહાણની સૌજન્ય મુલાકાત લીધી હતી. છેલ્લા ૫૦ વર્ષથી પ્રકાશિત છાત્રશક્તિ સાપ્તાહિકની સુવર્ણ જયંતી ગ્રંથનાં પ્રકાશન વેળાએ શ્રી યશવંતભાઈ જનાણીએ કહ્યુ હતુ કે છાત્રશક્તિ મેગેજીન વોઈસ ઓફ સ્ટુડન્ટસ એન્ડ યુથ મુખપત્ર તરીકે ૫૦ વર્ષની સફળ સફર ખેડી છે. આ સાપ્તાહિકની સફરનાં ૫૨ વર્ષ અવિરત વિદ્યાર્થીઓનો અવાજ બનીને છાત્રશક્તિ સાપ્તાહિક માં સેવા આપી છે. અમારૂ ધ્યેય ઉચ્ચ અભ્યાસ, સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કે રોજગારી અર્થે મોટા શહેરોમાં આવતા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ સાથે મુખ્ય ઉદ્દેશ્ય આર્થિક રીતે નબળા પરંતુ તેજસ્વી વિદ્યાર્થી ઓને પ્લેટફોર્મ પૂરું પાડવાનો રહ્યો છે. રહેઠાણ અને ભોજનની વ્યવસ્થા, શૈક્ષણિક સહાય અને શિષ્યવૃત્તિ, સ્પર્ધાત્મક પરીક્ષાઓનું માર્ગદર્શન, કારકિર્દી માર્ગદર્શન, વ્યક્તિત્વ વિકાસ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ જેવી કે વિદ્યાર્થીઓમાં નેતૃત્વના ગુણો વિકસે તે માટે વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, રમતગમત અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવું, તેમજ તેજસ્વી તારલાઓનું સન્માન કરવુ, આરોગ્ય અને સામાજિક જાગૃતિ કેળવવી, જેવા અભિગમ સાથે સૌરાષ્ટ્ર વિદ્યાર્થી ઉત્કર્ષ સમાજ એ ગ્રામ્ય અને અર્ધ-શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓને શહેરી વાતાવરણમાં યોગ્ય દિશા, સુરક્ષા અને પ્રોત્સાહન આપીને સમાજ અને રાષ્ટ્રના નિર્માણ માં મહત્વનું યોગદાન આપીએ છીએ. પ્રો.પ્રતાપસિંહજી એ વિદ્યાર્થી કલ્યાણની થઇ રહેલ પ્રવૃતિમાં અપાઇ રહેલ યોગદાન બદલ તેમને બિરદાવ્યા હતા.

જૂનાગઢ જિલ્લા પંચાયત હસ્તકની પ્રાથમિક શાળાઓમાં ૧૦૮ નવનિયુક્ત વિદ્યાસહાયકોને નિમણૂક હુકમ એનાયત થયા



નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ જિલ્લા શિક્ષણ સમિતિ, જિલ્લા પંચાયત જૂનાગઢ હસ્તકની પ્રાથમિક શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા વધુ સુદ્રઢ બને તે હેતુથી આજરોજ ૧૦૮ નવનિયુક્ત વિદ્યા સહાયકોને નિમણૂક હુકમ એનાયત કરવામાં આવ્યા હતા.આ નિમણૂક પત્ર વિતરણ કાર્યક્રમમાં મહાનુભાવો ના હસ્તે નવનિયુક્ત શિક્ષકોને નિમણૂક હુકમ આપી ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ સુશ્રી લીનાબેન કાવાણી, જિલ્લા શિક્ષણ સમિતિના ચેરપર્સનશ્રી હર્ષાબેન સવસાણી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી લતાબેન ઉપાધ્યાય, પ્રાચાર્યશ્રી આશાબેન રાજ્યગુરૂ, શિક્ષણ નિરીક્ષકશ્રી રણવીરસિંહ પરમાર, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અશોકભાઈ વાણવી ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત જિલ્લાના તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ તેમજ શિક્ષક સંગઠનોના હોદ્દેદારોમાં શિક્ષક સંઘના પ્રમુખશ્રી પરબતભાઈ નાઘેરા, શૈક્ષિક સંઘના અધ્યક્ષશ્રી વિરમભાઈ ચોચા અને જિલ્લા ઉત્કર્ષ મંડળના પ્રમુખશ્રી ભરતભાઈ રાઠોડ પણ ઉપસ્થિત રહી નવનિયુક્ત વિદ્યાસહાયકોને પ્રોત્સાહિત કર્યા હતા.નવા ૧૦૮ વિદ્યાસહાયકોની નિમણૂક થવાથી જૂનાગઢ જિલ્લાની પ્રાથમિક શાળા ઓમાં શિક્ષકોની ઘટ પૂરાશે અને વિદ્યાર્થીઓના શિક્ષણ કાર્યને નવો વેગ મળશે.

અમદાવાદ ફ્લાવર શોની તડામાર તૈયારીઓ

અમદાવાદ | અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આગામી 1 જાન્યુઆરીથી 18 જાન્યુઆરી, 2027 દરમિયાન યોજાનારા ઈન્ટરનેશનલ ફ્લાવર શો માટે કોર્પોરેશન દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. શહેરના વિવિધ બગીચાઓમાં ફૂલોના રોપા ઉછેરવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે, જેમાં સૌથી વધુ ફૂલોના પ્લાન્ટ મેમનગર ખાતેના બગીચાઓમાં તૈયાર કરવામાં આવી રહ્યા છે. આ વર્ષે ફ્લાવર શોના આયોજન પાછળ અંદાજે 25 કરોડનો ખર્ચ કરવામાં આવશે, જેમાં ફૂલોમાંથી તૈયાર કરાયેલાં આશરે 60 જેટલાં વિવિધ થીમ આધારિત સ્કલ્પચર્સ મુખ્ય આકર્ષણ રહેશે. 30 મીટરથી વધુ લાંબી વ્હેલ માછલીનું વિશાળ સ્કલ્પચર તૈયાર કરાશે, જેને ગિનિસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ્સમાં સ્થાન મેળવવા માટે મોકલવામાં આવશે.

દુધ ઉત્પાદક સહકારી મંડળીઓથી મહિલાઓનાં આર્થિક ઉત્કર્ષમાં ભૂમિકા વિષયે જ્યોત્સનાબેને પીએચ.ડીની પદવી હાંસલ કરી

નરેન્દ્ર દવે જૂનાગઢ

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં ઈકોનોમિક્સ- આર્ટ્સ વિભાગમાં પીએચ.ડી.નો અભ્યાસ કરનાર જ્યોત્સનાબેન મનસુખભાઈ પટેલે મહિલાઓનાં આર્થિક વિકાસમાં દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓની ભૂમિકા આણંદ જિલ્લાનાં સંદર્ભ માં વિષયે પોતાનો શોધનિબંધ યોજાયેલ આખરી વાઈવા વોઈશ માં પ્રસ્તુત કરતાં બાહ્ય નિરીક્ષક અને કે. એસ.એન. કણસાગરા મહિલા કોલેજનાં એસોસીયેટ પ્રોફેસર ડો.રાજેન્દ્ર સેંજલીયાએ ગ્રાહ્ય રાખી ડીગ્રી એનાયત કરવા કરેલ ભલામણ મુજબ ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટીનાં કુલપતિ પ્રો.પ્રતાપસિંહજી ચૌહાણે એ જ વખતે સુશ્રી જ્યોત્સનાબેન પટેલને નોટીફિકેશન અને પ્રોવિઝનલ પ્રમાણપત્ર એનાયત કરી શુભકામનાં પઠવી જણાવ્યુ હતુ કે ગ્રામીણ મહિલાઓને આર્થિક રીતે પગભર અને સ્વાવલંબી બનાવવામાં દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓએ ક્રાંતિકારી ભૂમિકા ભજવી છે.ખાસ કરીને ગુજરાતમાં શ્વેત ક્રાંતિ દ્વારા મહિલાઓ ઘરની ચાર દીવાલો માંથી બહાર આવીને કુટુંબની આર્થિક કરોડરજજુ બની છે



ખેતીની સાથે પૂરક વ્યવસાય તરીકે પશુપાલન હોવાથી મહિલાઓને રોજગારી માટે ગામ છોડીને બહાર જવું પડતું નથી. તેઓ ઘરકામ અને બાળકોની સંભાળની સાથે સરળતાથી આ વ્યવસાય સંભાળી શકે છે દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓએ ગ્રામિણ મહિલાઓને માત્ર રોજગારી જ નથી આપી, પરંતુ તેમને સામાજિક પ્રતિષ્ઠા અને આર્થિક સશક્તિકરણ પણ પ્રદાન કર્યું છે. આખરી વોઈશ વાઈવા સફળતાપૂર્વક સંપન્ન થયાની ખુશી વ્યક્ત કરતાં સુશ્રી જ્યોત્સનાબેન પટેલે જણાવ્યુ હતુ કે આજે ઘણાં ગામોમાં સંપૂર્ણપણે મહિલાઓ દ્વારા સંચાલિત દૂધ મંડળીઓ કાર્યરત છે. પ્રમુખ, મંત્રી અને સભ્ય તરીકે કામ કરવાથી મહિલાઓમાં નાણાકીય વહીવટ, હિસાબ-કિતાબ અને નિર્ણય લેવાની ક્ષમતા વધી છે. સાથે સાથે મંડળીઓ મારફતે પશુઓ માટે સંતુલિત દાણ, પશુ ચિકિત્સા, કૃત્રિમ બીજદાન અને આધુનિક તાલીમ મળે છે. પરિણામે દૂધ ઉત્પાદન અને ગુણવત્તા વધતાં મહિલાઓની કમાણીમાં સીધો વધારો થયો છે.અને પરિવારની આવકમાં મહત્ત્વનો હિસ્સો આપવાને કારણે બાળકોનું શિક્ષણ, આરોગ્ય અને મિલકતની ખરીદીમાં મહિલાઓનો અવાજ મજબૂત બન્યો છે સુશ્રી જ્યોત્સનાબેને યુનિ.નાં કુલપતિ પ્રો. પ્રતાપસિંહજી ચૌહાણ. અને પીએચ.ડી વિભાગ નાં ડો.ઓમ જોષી, રાહુલ ચૌહાણ નાં અભ્યાસકાળમાં મળેલ સહકાર ની સરાહના કરી ઋણાનુભાવ વ્યક્ત કર્યો હ



બોલિવૂડ સ્ટાર્સનો ફેશનનો જલવો...

ક્રિતિ સેનન, વામિકા ગબ્બીનો ગ્લેમરસ લુક, એવોર્ડ ફંક્શનમાં મૌની રોયે મંદિરા બેદીનો ડ્રેસ સંભાળ્યો...

(એજન્સી) મુંબઈ | તા.27

GQ ઇન્ડિયાના 'મેન ઑફ ધ યર અવૉર્ડ્સ 2026'માં ગુરુવારે બોલિવૂડ અને મનોરંજન જગતની અનેક હસ્તીઓ સામેલ થઈ હતી. ઈવેન્ટમાં ક્રિતિ સેનન, મૌની રૉય, વામિકા ગબ્બી, સઈ માંજરેકર, કરણ જોહર, પંકજ ત્રિપાઠી અને વિજય વર્મા જોવા મળ્યા.

રેડ કાર્પેટનો એક વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં મૌની રોય મંદિરા બેદીનો ડ્રેસ ઠીક કરવામાં મદદ કરતી જોવા મળી રહી છે. હકીકતમાં, રેડ કાર્પેટ પર પોઝ આપતી વખતે મંદિરા બેદીના લાંબા ગાઉનનો ટ્રેલ અને સ્લિટ યોગ્ય નહોતો. આવી સ્થિતિમાં મૌનીએ વળીને તેનો ડ્રેસ સંભાળ્યો. આ દરમિયાન મંદિરા ગોલ્ડન કોર્સેટ અને હાઈ સ્લિટવાળા બ્લેક ગાઉનમાં જોવા મળી હતી. જ્યારે, મૌનીએ સિલ્વર અને વ્હાઇટ સિક્વિનવાળો મિની ડ્રેસ પહેર્યો હતો. સોશિયલ મીડિયા પર લોકો મૌનીના આ વર્તનની પ્રશંસા કરી રહ્યા છે. જીક્યૂ ઇન્ડિયાની સત્તાવાર યાદી અનુસાર, આ વર્ષે એઆર રહેમાનને 'આઇકન ઑફ ધ યર', કરણ જોહરને 'મીડિયા પર્સનાલિટી ઑફ ધ યર', ક્રિતિ સેનનને 'મલ્ટી-હાઇફનેટ ઑફ ધ યર' અને પંકજ ત્રિપાઠીને 'એક્ટર ઑફ ધ યર' તરીકે પસંદ કરવામાં આવ્યાં છે. વામિકા ગબ્બીને એક્સેલન્સ ઇન એક્ટિંગ અને વેદાંગ રૈનાને બ્રેકથ્રૂ ટેલેન્ટનું સન્માન મળ્યું. એવોર્ડથી સન્માનિત થયા બાદ કરણએ ઇન્સ્ટાગ્રામ પર તસવીરો શેર કરીને જીક્યૂનો આભાર માન્યો. કરણ જોહર ડિઝાઇનર બ્રાન્ડ શિયાપરેલીની ટેલકોટ કેપ અને એક્સેસરીઝ પહેરેલા જોવા મળ્યા. તેમણે તેની સાથે કટલર એન્ડ ગ્રોસનાં ચશ્માં પહેર્યાં હતાં. કરણનો આ લુક સેલિબ્રિટી સ્ટાઇલિસ્ટ એકા લખાનીએ તૈયાર કર્યો હતો. તેમનો મેકઅપ પરેશ કલગુટકર અને હેરસ્ટાઇલ આલીમ હકીમે કર્યો હતો.

સમય રૈનાને વિવાદ ફળ્યો, યુટ્યુબ પર વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો

10 લાખ પેઇડ મેમ્બર્સ મેળવનાર પહેલો યુટ્યુબર બન્યો, મિસ્ટર બીસ્ટ-કેરીમિનાટીને પાછળ છોડ્યા



સમય રૈના ક્યારેય શો પાછો લાવી શકશે? : 'ઇન્ડિયાઝ ગોટ લેટેન્ટ'ની બીજી સિઝનના ફિનાલે દરમિયાન સમય રૈનાએ જણાવ્યું કે, તે સમય તેના માટે કેટલો મુશ્કેલ હતો.
શો ક્યારેય પાછો આવશે કે કેમ તે અંગે ખાતરી મેળવવા તેણે ChatGPTનો પણ સહારો લીધો હતો.

(એજન્સી) મુંબઈ | તા.27

વિવાદોનું ઘર ગણાતા સ્ટેન્ડઅપ કોમેડિયન સમય રૈનાએ યુટ્યુબ પર એ કમાલ કરી દીધો છે, જેને આજસુધી કોઈ કન્ટેન્ટ ક્રિએટર કરી શક્યો નથી. તેણે પોતાની ચેનલ પર 1 મિલિયન (10 લાખ) પેઈડ મેમ્બર્સનો વિશ્વરેકોર્ડ બનાવ્યો છે.

સમય રૈનાના યુટ્યુબ પર 12.4 મિલિયન એટલે કે 1 કરોડ 24 લાખ સબસ્ક્રાઇબર્સ છે, જે વિશ્વના પ્રખ્યાત યુટ્યુબર્સની સરખામણીમાં ઘણા ઓછા છે. પરંતુ પોતાની સ્ટેન્ડઅપ કોમેડી અને કન્ટેન્ટના દમ પર તેણે ઇતિહાસ રચી દીધો છે. તેણે પોતાની યુટ્યુબ ચેનલ પર 1 મિલિયન એટલે કે 10 લાખ પેઈડ મેમ્બર્સ કમાવાનો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. નોંધનીય છે કે, આ રેકોર્ડ દુનિયાના સૌથી મોટા યુટ્યુબર ગણાતા મિસ્ટર બીસ્ટ, આઈ શો સ્પીડ અને ભારતના સૌથી મોટા યુટ્યુબર કેરીમિનાટી જેવા કન્ટેન્ટ ક્રિએટર્સ પણ બનાવી શક્યા નથી.

સમય રૈનાની આ ઉપલબ્ધિની જાણકારી યુટ્યુબે જાતે આપી છે. ગૂગલ ઇન્ડિયાના બ્લોગ પર શેર કરેલા પોસ્ટ પર પ્લેટફોર્મે જણાવ્યું કે, સમય વિશ્વના પહેલા એવા યુટ્યુબર ક્રિએટર બની ગયા છે, જેની ચેનલ પર 10 લાખ પેઈડ મેમ્બર્સ છે.

યુટ્યુબે સમયના વખાણ કરતા કહ્યું કે, તેમણે તેમના કન્ટેન્ટ અને શોના માધ્યમથી લોકો સાથે એક મજબૂત કનેક્શન બનાવ્યું છે. યુટ્યુબે લખ્યું, 'ગ્રાન્ડમાસ્ટર્સ સાથે હોસ્ટ-લેવલની મજાક-મસ્તીથી લઈને 'ઇન્ડિયાઝ ગોટ લેટેન્ટ' જેવી ઘટના ઊભી કરવા સુધી, સમયએ પોતાની યુટ્યુબ ચેનલને લાખો લોકો માટે અલ્ટીમેટ વર્ચ્યુઅલ હેંગઆઉટ બનાવી દીધી.'


યુટ્યુબે ઉમેર્યું કે, ભારતમાં ક્રિટર્સ માટે ચેનલ મેમ્બરશિપનો ક્રેઝ ખૂબ ઝડપથી વધી રહ્યો છે. જૂન 2026માં જ ભારતના 12 લાખથી વધુ લોકોએ યુટ્યુબ પર ઓછામાં ઓછી એક ચેનલની મેમ્બરશિપ ખરીદી છે. આમાં ભારતીય ક્રિએટર્સની મેમ્બરશિપથી થનારી કમાણીમાં પાછલા વર્ષની સરખામણીએ 25 ટકાથી વધુ વધારો થયો છે.

સમય રૈનાના કન્ટેન્ટને સપોર્ટ કરવા માંગતા ચાહકો માટે તેની યુટ્યુબ ચેનલ હાલમાં ત્રણ પેઈડ મેમ્બરશિપ ટિયર ઓફર કરે છે. તેમાં પ્રતિ માસ રૂ. 59માં 'સમય કે દોસ્ત', પ્રતિ માસ રૂ. 599માં 'સમય કે ખાસ' અને પ્રતિ માસ રૂ. 1,999માં 'સાઈલેન્ટ સપોર્ટર'નો સમાવેશ થાય છે.

સમય રૈના યુટ્યુબ પર પોતાનો ટેલેન્ટ બેઝ્ડ કોમેડી શો 'ઇન્ડિયાઝ ગોટ લેટેન્ટ' ચલાવે છે. શો તેના કન્ટેન્ટ કરતાં પણ વિવાદોના કારણે ચર્ચામાં રહે છે. શોની પહેલી સિઝનમાં એક એપિસોડમાં યુટ્યુબર રણવીર અલાહાબાદિયા, અપૂર્વા મખીજા, આશીષ ચંચલાની ગેસ્ટ તરીકે આવ્યા હતા.

ફેબ્રુઆરી 2025માં પ્રિમિયર થયેલા આ એપિસોડમાં યુટ્યુબર અને પોડકાસ્ટર રણવીર અલાહાબાદિયાએ કરેલી મજાક બાદ વિવાદ ભડક્યો હતો, જેના કારણે વ્યાપક વિરોધ થયો હતો. વિવાદ ઝડપથી વકર્યો અને અલાહાબાદિયા, રૈના તેમજ શોમાં આવેલા અન્ય મહેમાનો સામે અનેક FIR દાખલ કરવામાં આવી. પેનલિસ્ટ્સે પાછળથી માફી પણ માંગી હતી.

ત્યારબાદ રૈનાએ પોતાની યુટ્યુબ ચેનલ પરથી 'ઇન્ડિયાઝ ગોટ લેટેન્ટ'ના તમામ એપિસોડ હટાવી દીધા. જોકે, એક વર્ષના અંતરાલ બાદ સમયે ફરી 'ઇન્ડિયાઝ ગોટ લેટેન્ટ'થી કમબેક કર્યું. આ વખતે તેણે યુટ્યુબની સાથે સાથે OTT પ્લેટફોર્મ નેટફ્લિક્સ સાથે પણ પાર્ટનરશિપ કરી. તેનો આ શો નેટફ્લિક્સ પર પ્રિમિયર થાય છે. એક સમયે તેના મેમ્બર્સ 10 હતા, તે આજે 10 લાખ સુધી પહોંચી ગયા છે.



ઉદયપુરના શાહી લગ્નમાં શાહરુખે ચાર ચાંદ લગાવ્યા

'કલ હો ના હો' ગીત પર સરપ્રાઇઝ એન્ટ્રી, વર-કન્યા સાથે સિગ્નેચર સ્ટેપ્સ કર્યા

(એજન્સી) મુંબઈ | તા.27

રાજસ્થાનના ઉદયપુરમાં એનઆરઆઈના લગ્ન સમારોહમાં આવેલા બોલિવૂડ સુપરસ્ટાર શાહરુખ ખાને પરફોર્મન્સ આપ્યું. સ્ટેજ પર તેણે વર-વધૂને પોતાની ફિલ્મોના પ્રસિદ્ધ ગીતો પર ડાન્સ કરાવ્યો. આ દરમિયાન પોતાનો ખાસ સિગ્નેચર પોઝ આપીને તેણે સૌનું દિલ જીતી લીધું.

લગ્ન બુધવારે રાત્રે પિછોલા તળાવના કિનારે આવેલી ફાઈવ સ્ટાર હોટેલ ઉદયવિલાસમાં યોજાયા હતા. સમારોહ દરમિયાન શાહરુખ ખાનની સ્ટેજ પરની એન્ટ્રી સૌથી આકર્ષક રહી.

સિંગર સોનુ નિગમ મંચ પર 'જો હૈ સમા કલ હો ના હો' ગીત ગાઈ રહ્યો હતો, ત્યારે અચાનક શાહરુખ ખાન સ્ટેજ પર વરની પાછળ આવીને તેને સરપ્રાઇઝ આપવા ઊભો રહી ગયો. જેવી જ ફરીથી લાઇટ ચાલુ થઈ, વરે પોતાની પાછળ શાહરુખ ખાનને જોઈને ખુશીથી તેને ગળે લગાવી લીધો.

શાહરુખ ખાને પોતાનો પ્રસિદ્ધ સિગ્નેચર પોઝ આપ્યો, ત્યારે ત્યાં હાજર દરેક વ્યક્તિ ક્રેઝી થઈ ગઈ. તેણે 'ઓમ શાંતિ ઓમ' ફિલ્મનો પ્રખ્યાત ડાયલોગ- 'ઇતની શિદ્દત સે મૈંને તુમ્હે પાને કી કોશિશ કી હૈ' બોલ્યો ત્યારે દરેક વ્યક્તિ આકર્ષિત થઈ ગઈ.

શાહરુખ ખાને 'લુંગી ડાન્સ લુંગી ડાન્સ', 'મૈં તો લુટ-પુટ ગયા', 'તુઝમેં રબ દિખતા હૈ', 'ચાંદ તારે તોડ લાઉં', અને 'બાદશાહ ઓ બાદશાહ' સોંગ પર જોરદાર મહેફિલ લૂંટી. ત્યાં હાજર મહેમાનોથી લઈને ચાહકો સુધીના સૌ તેની સાથે ઉત્સાહપૂર્વક ઝૂમતા જોવા મળ્યા. શાહરુખ ખાન ગુરુવાર બપોરે 2 વાગ્યાની ફ્લાઇટથી મુંબઈ માટે રવાના થઈ ગયો.

અમિતાભને 5મી વખત બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

ઈ-મેલમાં લખ્યું- દિલજીતનો શો થયો તો 30 દિવસ સુધી ગ્રેનેડ હુમલા કરીશું

(એજન્સી) મુંબઈ | તા.27


26/11ના મુંબઈ આતંકવાદી હુમલાની 18મી વરસી પર અમિતાભ બચ્ચનના ઘર જલસા અને સિંગર દિલજીત દોસાંઝના કોન્સર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે.

મુંબઈના મેયર ઋતુ તાવડેને એક ધમકીભર્યો ઈ-મેઇલ મળ્યો છે. આ મેઈલમાં બૃહન્મુંબઈ મહાનગરપાલિકા (BMC) મુખ્યાલય સ્થિત મેયરની કચેરી અને મુંબઈ મેટ્રો નેટવર્ક સહિત અનેક મહત્વપૂર્ણ સ્થળોને ઉડાવી દેવાની વાત કહેવામાં આવી છે.

સાથે જ શુક્રવારે (27 નવેમ્બર) મહાલક્ષ્મી રેસકોર્સમાં યોજાનારા ગાયક દિલજીત દોસાંઝના કોન્સર્ટને પણ સીધું નિશાન બનાવવાની વાત કહેવામાં આવી છે. 23 ઓક્ટોબર બાદ અત્યાર સુધીમાં અમિતાભ બચ્ચનને આ પાંચમી ધમકી મળી છે.

ઈમેઈલમાં ખાલિસ્તાન અને 1984ના શીખવિરોધી રમખાણોનો ઉલ્લેખ કરતાં 'બબ્બર ખાલસા (પરમાર-કેનેડા)' અને 'ખાલિસ્તાન નેશનલ આર્મી'નાં નામ લેવામાં આવ્યાં છે. મેઈલમાં દાવો કરવામાં આવ્યો છે કે જો મુંબઈમાં દિલજીતનો કોન્સર્ટ યોજાશે, તો શહેરમાં સતત 30 દિવસ સુધી ગ્રેનેડ હુમલા કરવામાં આવશે.

મુંબઈ પહેલા દિલજીત દોસાંઝના બેંગલુરુમાં યોજાનારા કાર્યક્રમને લઈને પણ ધમકી સામે આવી ચૂકી છે. બે દિવસ પહેલા એક ઈ-મેલ દ્વારા 29 નવેમ્બરે બેંગલુરુના માદાવારા સ્થિત NICE ગ્રાઉન્ડ્સમાં પ્રસ્તાવિત દિલજીતના કોન્સર્ટ દરમિયાન IED વિસ્ફોટ કરવાની ચેતવણી આપવામાં આવી હતી. સતત સામે આવી રહેલી આ ધમકીઓના પગલે આયોજનો અને સંવેદનશીલ સ્થળોની સુરક્ષાને લઈને એજન્સીઓ સતર્ક છે.



અમિતાભ બચ્ચનના બંગલા 'જલસા', BMC મુખ્યાલય અને મુંબઈના મુખ્ય સ્થળોને આ પહેલાં પણ ધમકીઓ મળી ચૂકી છે. આ જ મહિનાની 12 નવેમ્બરે મળેલા એક ધમકીભર્યા ઈમેલ બાદ વહીવટીતંત્ર અને સુરક્ષા એજન્સીઓને હાઈ અલર્ટ પર રાખવામાં આવ્યા હતા.

'પુષ્પા-2'નો રેકોર્ડ તૂટ્યા બાદ 'બાહુબલી-2'નો વારો

જાણો ભારતમાં રામાયણની કુલ કમાણી કેટલે પહોંચી

(એજન્સી) મુંબઈ | તા.27 રણબીર કપૂર અભિનીત 'રામાયણ' ફિલ્મ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહી છે. 22 દિવસમાં ફિલ્મે વિશ્વભરમાં 1,777 કરોડની કમાણી કરી, 'પુષ્પા 2'નો રેકોર્ડ તોડી નાખ્યો છે. ભારતમાં 992.10 કરોડનું નેટ કલેક્શન થયું છે. હવે 'બાહુબલી 2'ના 1,788.06 કરોડના લાઇફટાઇમ કલેક્શનને તોડવા માત્ર 11 કરોડ દૂર છે. બોલિવૂડ સુપરસ્ટાર રણબીર કપૂર અને સાઉથના રોકિંગ સ્ટાર યશ અભિનીત મેગા-બજેટ ફિલ્મ 'રામાયણ' બોક્સ ઓફિસ પર દરરોજ નવા કીર્તિમાન સ્થાપિત કરી રહી છે. વર્લ્ડવાઇડ બોક્સ ઓફિસ પર અલ્લુ અર્જુનની બ્લોકબસ્ટર ફિલ્મ 'પુષ્પા 2: ધ રૂલ'ને પાછળ છોડ્યા બાદ હવે 'રામાયણ' એ એસ.એસ. રાજામૌલીની ઐતિહાસિક ફિલ્મ 'બાહુબલી 2: ધ કન્ક્લુઝન'ના લાઇફટાઇમ કલેક્શનને તોડવા તરફ કૂચ કરી છે. રિલીઝના 22 દિવસમાં આ ફિલ્મે વિશ્વભરમાં 1,777 કરોડની જંગી કમાણી કરી લીધી છે અને ભારતમાં 1,000 કરોડના નેટ કલેક્શનની બિલકુલ નજીક પહોંચી ગઈ છે. બોક્સ ઓફિસના તાજા આંકડા મુજબ, 22મા દિવસે પણ ફિલ્મે તમામ ભાષાઓમાં મજબૂત પકડ જાળવી રાખી છે: 22મા દિવસની કમાણી: રિલીઝના 22મા દિવસે 'રામાયણ'એ દેશભરના 15,418 શોઝ દ્વારા કુલ 9.65 કરોડની નેટ કમાણી કરી છે. જેમાં હિન્દી વર્ઝનમાં 6.75 કરોડ, મલયાલમમાં 1.00 કરોડ, કન્નડમાં 85 લાખ, તમિલમાં 75 લાખ અને તેલુગુમાં 30 લાખનું કલેક્શન સામેલ છે. ભારતમાં કુલ કલેક્શન: આ સાથે જ ભારતમાં 'રામાયણ'નું અત્યાર સુધીનું કુલ નેટ કલેક્શન 992.10 કરોડ પર પહોંચી ગયું છે, જ્યારે ભારતમાં કુલ ગ્રોસ કલેક્શન 1,185.00 કરોડ થઈ ગયું છે. આશા છે કે આગામી દિવસે જ ફિલ્મ ભારતમાં 1,000 કરોડ નેટ કમાણીનો ઐતિહાસિક આંકડો પાર કરી લેશે. વિદેશી બજારમાં દબદબો: વિદેશોમાં પણ ફિલ્મે 22મા દિવસે 10.00 કરોડની કમાણી કરી છે, જેના પરિણામે ઓવરસીઝનું કુલ ગ્રોસ કલેક્શન 592.00 કરોડ સુધી પહોંચી ગયું છે. આમ, ભારત અને વિદેશ મળીને ફિલ્મનું કુલ વર્લ્ડવાઇડ ગ્રોસ કલેક્શન 1,777.00 કરોડ નોંધાયું છે.

હસીનાને ડેટ કરી રહ્યો છે અર્જુન કપૂર?

મલાઈકા સાથે બ્રેકઅપ બાદ નવો પ્રેમ મળ્યો, સેલ્ફી ને પ્રસાદ શેર કરી ચર્ચા જગાવી

(એજન્સી) મુંબઈ | તા.27

બોલિવૂડ એક્ટર અર્જુન કપૂર ફરી એકવાર પોતાની પર્સનલ લાઈફ અને ડેટિંગની અફવાઓને કારણે ચર્ચામાં આવ્યો છે. તાજેતરમાં જ એક્ટ્રેસ અને કન્ટેન્ટ ક્રિએટર સાહિબા બાલીએ ગુરુપુરબ નિમિત્તે અર્જુન કપૂર સાથે એક સેલ્ફી શેર કરી છે, જેના કેપ્શન અને તસવીર બાદ સોશિયલ મીડિયા પર બંનેના અફેરની ચર્ચાઓએ જોર પકડ્યું છે.



સાહિબા બાલીએ શેર કરેલી આ તસવીરમાં બંને માથું ઢાંકીને સાથે પોઝ આપતા જોવા મળે છે. આ સેલ્ફી સાથે સાહિબાએ મજાકિયા અંદાજમાં કેપ્શન લખ્યું:- મેં તેનો અડધો પ્રસાદ પણ ખાઈ લીધો. હેપ્પી ગુરુપુરબ.


આ મજાક અને સાથેની તસવીર સામે આવતા જ સોશિયલ મીડિયા યુઝર્સ અને રેડિટ પર ચર્ચા શરૂ થઈ ગઈ છે કે શું બંને પોતાના સંબંધોને 'સોફ્ટ લોન્ચ' કરી રહ્યા છે. જોકે, અર્જુન કે સાહિબા બંનેમાંથી કોઈએ પણ ડેટિંગની અફવાઓને સત્તાવાર સમર્થન આપ્યું નથી. અર્જુન કપૂર અને સાહિબા બાલી વચ્ચે કંઈક રંધાઈ રહ્યું હોવાની ચર્ચા આ પહેલીવાર નથી થઈ, જુલાઈ 2026માં ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચેની ત્રીજી વનડે મેચ જોવા બંને લંડનના લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ પર સાથે પહોંચ્યા હતા. બંને બ્લુ શેડ્સના આઉટફિટમાં સાથે બેઠેલા દેખાતા તે સમયે પણ તસવીરો વાઈરલ થઈ હતી.

અર્જુનના જન્મદિવસે સાહિબાએ લખ્યું હતું કે 'સૌના બેસ્ટીને જન્મદિવસની શુભેચ્છા. વજન ઘટાડવાનું બંધ કર અને થોડી કેક ખા.' જેના જવાબમાં અર્જુને લખ્યું હતું કે 'તારા જોડાવાની રાહ જોઈ રહ્યો છું.'

અર્જુન કપૂર અગાઉ મલાઈકા અરોરા સાથે લગભગ છ વર્ષ સુધી રિલેશનશિપમાં હતો, અને 2024માં બંને અલગ થઈ ગયા હતા. મલાઈકા સાથેના સંબંધો દરમિયાન ઉંમરના તફાવતને લઈને ઘણી ચર્ચા થતી રહી હતી, ત્યારે હવે સાહિબા સાથેના જોડાણને લઈને પણ સોશિયલ મીડિયા પર ઉંમરના તફાવત અને કેમેસ્ટ્રીની વાતો થઈ રહી છે.

રણબીર -સાઈ પલ્લવી અમિત શાહને મળ્યા

ગૃહમંત્રીએ 'રામાયણ'ની ટીમને ગ્લોબલ સફળતા બદલ અભિનંદન આપ્યા



(એજન્સી) મુંબઈ | તા.27

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગુરુવારે ફિલ્મ 'રામાયણ'ની ટીમ સાથે મુલાકાત કરી. આ દરમિયાન તેમણે ફિલ્મની વૈશ્વિક સફળતા બદલ નિર્માતાઓને અભિનંદન પાઠવ્યા.

આ બેઠકમાં નિર્માતા નમિત મલ્હોત્રા, દિગ્દર્શક નિતેશ તિવારી, એક્ટર રણબીર કપૂર, એક્ટ્રેસ સાઈ પલ્લવી અને સહ-નિર્માતા નીરજ સંઘઈ સામેલ થયા હતા.

5 નવેમ્બરે વિશ્વભરમાં રિલીઝ થયેલી આ ફિલ્મે બોક્સ ઓફિસ પર મજબૂત પ્રદર્શન કરતાં 21 દિવસમાં 1,755.60 કરોડ રૂપિયાથી વધુનું વૈશ્વિક ગ્રોસ કલેક્શન કરી લીધું છે.

મુલાકાત બાદ અમિત શાહે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર તસવીરો શેર કરીને ટીમને શુભેચ્છાઓ પાઠવી. તેમણે લખ્યું કે નવી દિલ્હીમાં ફિલ્મ 'રામાયણ'ની ટીમ સાથે મુલાકાત થઈ અને ધર્મ તથા મર્યાદાના પ્રતીક ભગવાન શ્રીરામના જીવન સાથે જોડાયેલા કર્તવ્ય, ત્યાગ અને સત્યનિષ્ઠાના આદર્શોને આધુનિક ફિલ્મ નિર્માણ તકનીક દ્વારા નવી પેઢી સુધી પહોંચાડવાના આ પ્રયાસ બદલ સમગ્ર ટીમને અભિનંદન. મુલાકાત દરમિયાન રામાયણના ઇતિહાસ અને સાંસ્કૃતિક મહત્વ પર ચર્ચા કરવામાં આવી. ટીમના સત્તાવાર અકાઉન્ટ 'ધ વર્લ્ડ ઑફ રામાયણ'એ પણ ગૃહમંત્રી સાથેની મુલાકાત બદલ આભાર વ્યક્ત કર્યો છે. અમિત શાહ સાથે મુલાકાતના બરાબર એક દિવસ પહેલા બુધવારે રણબીર કપૂર, ડિરેક્ટર નિતેશ તિવારી અને પ્રોડ્યુસર નમિત મલ્હોત્રાએ દિલ્હીના ઐતિહાસિક ગુરુદ્વારા બંગલા સાહિબ જઈને નતમસ્તક થયા હતા અને ફિલ્મની સફળતા માટે અરદાસ કરી હતી. રામાયણ ઓસ્કર 2027ની રેસમાં સામેલ થઈ ગઈ છે.

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

લખનૌમાં ક્વાર્ટર ફાઈનલ મુકાબલા

સૈયદ મોદી ઈન્ટરનેશનલમાં ચોથા દિવસે ભારતીય ખેલાડીઓ



(એજન્સી) લખનૌ । તા. 27

સૈયદ મોદી ઈન્ટરનેશનલ બેડમિન્ટન સ્પર્ધાના ચોથા દિવસે શુક્રવારે લખનૌના બીબીડી યુપી બેડમિન્ટન એકેડેમી ખાતે ક્વાર્ટર ફાઈનલ મુકાબલામાં અનેક ભારતીય ખેલાડીઓ સેમીફાઈનલની ટિકિટ માટે મેદાનમાં ઉતરશે, જેમાં મહિલા સિંગલ્સમાં ઉન્નતિ હૂડા અને અનમોલ ખરબ સામસામે ટકરાતાં ઓછામાં ઓછા એક ભારતીય ખેલાડીનો સેમીફાઈનલ પ્રવેશ નિશ્ચિત બન્યો છે.

મીડિયા અહેવાલ અનુસાર અંદાજિત સમય મુજબ બપોરે બાર વાગ્યે વિરાજ કુવાલે-રૂતપર્ણા પાંડા અને સાત્વિક રેડ્ડી કનાપુરમ-રેશિકા ઉથયાસૂરિયન, બાર પચાસ વાગ્યે તુષાર સુવીર અને ઈન્ડોનેશિયાના પ્રહદિસ્કા બાગસ શુજીવો, એક ચાલીસ વાગ્યે તસ્નીમ મીર અને જાપાનની રિકો ગુંજી તથા સાઈ પ્રતીક અને રુબન કુમાર રેથિનાસાબાપથી સામે ઈન્ડોનેશિયાની જોડી રમશે. બપોરે અઢી વાગ્યે હરિહરન અમસાકરુનન અને એમ.આર. અર્જુન થાઈલેન્ડની જોડી સામે, ત્રણ વીસ વાગ્યે તન્વી શર્મા ઈન્ડોનેશિયાની નિ કાડેક ધિંડા અમર્ત્ય પ્રતિવી સામે તથા ઉન્નતિ હૂડા અને અનમોલ ખરબ વચ્ચે મુકાબલો થશે.

બપોરે ચાર દસ વાગ્યે ત્રીસા જોલી અને ગાયત્રી ગોપીચંદ ફ્રાન્સની માર્ગોટ લેમ્બર્ટ અને કેમિલ પોગ્નાન્ટે સામે કોર્ટમાં ઉતરશે, જ્યારે સાંજે પાંચ વાગ્યે અશ્વિની ભટ અને શિખા ગૌતમ યુક્રેનની પોલિના બુહરોવા અને યેવહેનિયા કાંતેમીર સામે સેમીફાઈનલમાં સ્થાન મેળવવા પ્રયાસ કરશે.

આંતરરાષ્ટ્રીય સ્પર્ધાના અંતિમ આઠમાં ભારતીય ખેલાડીઓની મજબૂત હાજરી યુવા પ્રતિભા અને સ્પર્ધાત્મકતા દર્શાવે છે. લખનૌમાં ચાલી રહેલી ટુર્નામેન્ટના આ મુકાબલાની વિગતો ગુજરાત સહિત દેશભરના રમતપ્રેમી વાચકો માટે જાણવા અને માણવા જેવી બની રહે છે.

સતત ત્રણ બાજી ડ્રો, સ્કોર બરોબર

ડી. ગુકેશની તૈયારી સામે સિંદારોવ દબાણમાં, ચર્ચા



(એજન્સી) નવી દિલ્હી । તા. 27

વિશ્વ ચેસ ચેમ્પિયનશિપની ત્રીજી બાજીમાં સતત ત્રીજી ડ્રો સાથે મુકાબલો એક દશાંશ પાંચ વિરુદ્ધ એક દશાંશ પાંચ પર બરોબરીમાં રહ્યા બાદ પડકારક જાવોખિર સિંદારોવે સ્વીકાર્યું છે કે કાળા મોંહરા સાથે રમી રહેલા વર્તમાન ચેમ્પિયન ડી. ગુકેશે શરૂઆતની રમતમાં પોતાની તૈયારીથી તેમને ચોંકાવી દીધા હતા અને દબાણમાં મૂક્યા હતા, જોકે અંતિમ તબક્કામાં મજબૂત બચાવ કરીને તેમણે બાજી સાચવી લીધી હતી.

મીડિયા અહેવાલ મુજબ, ભારતના ડી. ગુકેશ અને ઉઝબેકિસ્તાનના જાવોખિર સિંદારોવ વચ્ચે રમાઈ રહેલી વિશ્વ ચેસ ચેમ્પિયનશિપમાં ત્રણ સતત ડ્રો બાદ સ્થિતિ એક દશાંશ પાંચ વિરુદ્ધ એક દશાંશ પાંચ પર પહોંચી છે. ત્રીજી બાજીમાં કાળા મોંહરા સાથે રમતા ડી. ગુકેશે શરૂઆતની ચાલોમાં ઊંડી તૈયારી બતાવીને પ્રતિસ્પર્ધીને અચંબિત કરી દીધા હતા. બાજી બાદની પત્રકાર પરિષદમાં સિંદારોવે જણાવ્યું હતું કે આ દિવસે તેમના પ્રતિસ્પર્ધી ખરેખર ખૂબ સારી રીતે તૈયાર થઈને આવ્યા હતા. તેમણે ચોક્કસ ચાલ તપાસી હતી, પરંતુ આટલી ઊંડાણપૂર્વક નહીં, જેના કારણે તેઓ આશ્ચર્યચકિત થયા હતા.

સિંદારોવના જણાવ્યા અનુસાર, શરૂઆતમાં તેમને લાગ્યું હતું કે તેમને સારી સ્થિતિ મળી છે, પરંતુ પ્રતિસ્પર્ધીની તૈયારી મજબૂત હતી. તેઓ સફેદ મોંહરા સાથે રમી રહ્યા હોવાથી તક શોધવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

અંતિમ તબક્કામાં તેમને સમજાયું કે સ્થિતિ સંપૂર્ણપણે સમાન છે અને સમયના દબાણ વચ્ચે તેઓ કંઈક ચૂકી જવાની ખૂબ નજીક પહોંચી ગયા હતા. જોકે, તેમણે ખૂબ સારો બચાવ કર્યો હોવાનો સંતોષ વ્યક્ત કર્યો હતો.

ન્યૂઝીલેન્ડ પાંચ વિકેટે બસો ચાલીસ, બ્લંડેલ અને ફિલિપ્સની અણનમ ભાગીદારી

ક્રાઈસ્ટચર્ચ ટેસ્ટના પ્રથમ દિવસે ન્યૂઝીલેન્ડ મજબૂત

(એજન્સી) ક્રાઈસ્ટચર્ચ । તા. 27

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ક્રાઈસ્ટચર્ચ ખાતે શરૂ થયેલી બીજી કસોટી મેચનો પ્રથમ દિવસ ભારે રોમાંચક અને ઉતાર-ચઢાવથી ભરેલો રહ્યો છે, જેમાં ટોસ જીતીને ભારતીય સુકાની શુભમન ગિલે પ્રથમ ક્ષેત્રરક્ષણનો નિર્ણય લીધો હતો પરંતુ લીલી દેખાતી પીચે ધાર્યા મુજબ ઝડપી બોલરોને મદદ કરી નહોતી અને પ્રથમ દિવસના અંતે યજમાન ન્યૂઝીલેન્ડે પાંચ વિકેટના નુકસાન પર બસો છાલીસ રન બનાવીને પોતાની સ્થિતિ મજબૂત કરી લીધી છે. દિવસની શરૂઆતમાં જ ભારતીય ટીમને સફળતા મળી શકી હોત, પરંતુ પ્રથમ ઓવરમાં સુકાની ટોમ લેથમ સામેની પગપાળા અવરોધની અપીલ ફળાઈ નહોતી અને ત્યારબાદ કે. એલ. રાહુલે સ્લિપમાં એક સરળ કેચ છોડ્યો હતો. આ જીવનદાનનો લાભ ઉઠાવીને ટોમ લેથમે ઉત્કૃષ્ટ ફટકાબાજી કરીને પોતાની બત્રીસમી કસોટી અડધી સદી એટલે કે ઓગણસાઈઠ રન પૂરા કર્યા હતા.

ભારતને પ્રથમ સફળતા બપોરના ભોજનથી થોડી વાર પહેલાં મળી હતી, જ્યારે પદાર્પણ કરી રહેલા ઝડપી બોલર ગુરનૂર બ્રારે ડેવોન કોનવેને એકત્રીસ રનના સ્કોર પર પગપાળા અવરોધ કરીને પેવેલિયન પરત મોકલ્યો હતો. શરૂઆતની તકો હાથમાંથી સરકી ગયા બાદ ભારતીય બોલરોએ લય મેળવવા પ્રયાસ કર્યો હતો.

બપોરના ભોજન પછીના સત્રમાં ભારતીય બોલરોએ મેચ પર શાનદાર વાપસી કરી હતી. ઝડપી બોલરોએ રનની ગતિ પર અંકુશ મેળવવાની સાથે જ યજમાન ટીમને મોટો આંચકો આપ્યો હતો અને ન્યૂઝીલેન્ડે માત્ર એકસો દસ રનના સ્કોર સુધી પહોંચતા પોતાની ચાર મહત્ત્વની વિકેટ ગુમાવી દીધી હતી.

આ તબક્કે ડેવોન કોનવે એકત્રીસ રનના વ્યક્તિગત સ્કોર પર સિત્યોતેર રનના કુલ સ્કોર પર આઉટ થયો હતો, જ્યારે સુકાની ટોમ લેથમ ઓગણસાઈઠ રન બનાવીને એકસો દસ રન પર બે વિકેટના સ્કોરે ઝીલાઈ ગયો હતો. ત્યારબાદ હેનરી નિકોલ્સ સોળ રન અને રચિન રવીન્દ્ર શૂન્ય રન પર આઉટ થતા એકસો દસ રનના સ્કોર પર ચાર વિકેટ પડી હતી અને એક સમયે ભારત મેચ પર સંપૂર્ણપણે હાવી દેખાઈ રહ્યું હતું.

ચોથી વિકેટ ઝડપથી પડ્યા બાદ ટોમ બ્લંડેલે પીચ પર જમીને બેટિંગ શરૂ કરી હતી. તેમણે પહેલા ડેરિલ મિચેલ



સાથે પાંચમી વિકેટ માટે ચુમોતેર રનની મહત્ત્વની ભાગીદારી કરી હતી, જેમાં મિચેલે એકત્રીસ રનનું યોગદાન આપ્યું હતું.

ડેરિલ મિચેલ આઉટ થયા બાદ પણ ટોમ બ્લંડેલે પોતાની લડાયક અડધી સદી પૂરી કરી હતી અને ત્રેપન રન પર અણનમ રહ્યા હતા. તેમણે ગ્લેન ફિલિપ્સ સાથે મળીને છઠ્ઠી વિકેટ માટે બાસઠ રનની અણનમ ભાગીદારી નોંધાવી હતી, જેમાં ગ્લેન ફિલિપ્સ છત્રીસ રન બનાવીને અણનમ રહ્યા હતા અને ન્યૂઝીલેન્ડનો સ્કોર બસો છાલીસ રન પર પાંચ વિકેટ સુધી પહોંચ્યો હતો.

ભારત તરફથી આકાશ દીપે સૌથી વધુ બે વિકેટ ઝડપી હતી, જેમણે એકવીસ ઓવરમાં બાવન રન આપ્યા હતા. આ ઉપરાંત અંશુલ કંબોજે સત્તર ઓવરમાં છપ્પન રન, ગુરનૂર બ્રારે ઓગણીસ ઓવરમાં બાવન રન અને વોશિંગ્ટન સુંદરે નવ ઓવરમાં છત્રીસ રન આપીને એક-એક વિકેટ મેળવી હતી.

પ્રથમ દિવસે ભારત માટે સૌથી ચિંતાજનક બાબત જસપ્રીત બુમરાહનું પ્રદર્શન રહ્યું હતું. બુમરાહે ઓગણીસ ઓવરમાં સાડત્રીસ રન આપ્યા હતા, પરંતુ તેઓ એક પણ વિકેટ મેળવી શક્યા નહોતા અને તેમની બોલિંગની ઝડપ પણ સામાન્ય કરતાં ઓછી એટલે કે એકસો વીસથી એકસો ત્રીસ કિલોમીટર પ્રતિ કલાકની આસપાસ જોવા મળી હતી, જેના કારણે બીજા દિવસે તેમની શારીરિક તંદુરસ્તી અને બોલિંગ પર સૌની નજર રહેશે.

ગુજરાત સહિત સમગ્ર ભારતના ક્રિકેટ પ્રેમીઓ માટે વિદેશની ધરતી પર રમાતી કસોટી મેચો અને તેમાં ભારતીય ખેલાડીઓની કામગીરી હંમેશા રસપ્રદ અને ચર્ચાનો વિષય રહે છે.

લિયોનેલ મેસી તેવેઝના વિદાય મેચમાં રમશે, ચર્ચા

(એજન્સી) બ્યુનોસ આયર્સ । તા. 27

આંતરરાષ્ટ્રીય ફૂટબોલ જગતના દિગ્ગજ ખેલાડી લિયોનેલ મેસી આગામી વીસમી ડિસેમ્બરે બ્યુનોસ આયર્સના પ્રસિદ્ધ લા બોમ્બોનેરા મેદાન ખાતે યોજાનારા કાર્લોસ તેવેઝના વિદાય સન્માન મેચમાં મુખ્ય આકર્ષણ તરીકે રમતા જોવા મળશે, જેના કારણે ફૂટબોલ ચાહકોમાં ભારે ઉત્સાહ અને રોમાંચનો માહોલ સર્જાયો છે તેમજ બંને પૂર્વ સાથી ખેલાડીઓના પુનઃમિલનને લઈને ખાસ ચર્ચા જાગી છે.

એલ અપાચે તરીકે જાણીતા કાર્લોસ તેવેઝે સત્તાવાર રીતે જાહેરાત કરી છે કે તેમના પૂર્વ રાષ્ટ્રીય સાથી ખેલાડી અને લાંબા સમયના મિત્ર લિયોનેલ મેસી આ ખાસ પ્રસંગે મેદાનમાં ઉતરશે. આ આયોજન તેમની ગૌરવશાળી ફૂટબોલ કારકિર્દીના અંતને યાદગાર બનાવવા માટેના ભાવુક વિદાય સમારોહનો ભાગ છે. અગાઉ માન્ચેસ્ટર યુનાઈટેડ, માન્ચેસ્ટર સિટી અને જુવેન્ટસ જેવી જાણીતી ક્લબો તરફથી રમી ચૂકેલા કાર્લોસ તેવેઝે બબ્બે હજાર એકવીસમાં વ્યાવસાયિક ફૂટબોલમાંથી નિવૃત્તિ લીધી હતી. તેમનો લાંબા સમયથી પ્રતીક્ષિત સન્માન મેચ અગાઉ મુલતવી રહ્યો હતો અને હવે પાંચ વર્ષ બાદ ઐતિહાસિક મેદાન પર યોજાવા જઈ રહ્યો છે.

લિયોનેલ મેસીની ઉપસ્થિતિ આ સમગ્ર આયોજનને વધુ વિશેષ અને યાદગાર બનાવશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ બંને આર્જેન્ટિનાઈ દિગ્ગજ ખેલાડીઓએ બબ્બે હજાર દસના વિશ્વ કપ દરમિયાન દક્ષિણ આફ્રિકામાં રાષ્ટ્રીય ટીમનો ડ્રેસિંગ રૂમ વહેંચ્યો હતો અને તેમની જોડી ફરી એકસાથે મેદાન પર જોવા મળવી એ સમર્થકો માટે અવિસ્મરણીય ક્ષણ બની રહેશે.



આ જાહેરાત બાદ ફૂટબોલ પ્રેમીઓ અને ખાસ કરીને સ્થાનિક ક્લબના સમર્થકોમાં ભારે આનંદ જોવા મળી રહ્યો છે. ફૂટબોલ ઈતિહાસના સૌથી મહાન ખેલાડીઓમાંના એકને ફરીથી આર્જેન્ટિનાની ધરતી પર રમતા જોવાની તક મળતા ચાહકોમાં વિશેષ ઉત્સાહ પ્રસરી ગયો છે.

આ વિદાય ઉજવણી એવા સમયે આવી રહી છે જ્યારે સ્થાનિક ક્લબ માટે બબ્બે હજાર છવ્વીસનું વર્ષ અત્યંત સફળ રહ્યું છે. ક્લબે વાર્ષિક સંયુક્ત ગુણ પત્રકમાં ટોચનું સ્થાન હાંસલ કરવાની સાથે દક્ષિણ અમેરિકન કપ ટ્રોફી પણ પોતાના નામે કરી છે. આ ઉપરાંત ક્લબ રાષ્ટ્રીય કપ ખિતાબ માટે પણ સ્પર્ધામાં છે અને લીગના ક્વાર્ટર ફાઈનલ મુકાબલાની તૈયારી કરી રહી છે. આ વિદાય સફળતાના માહોલમાં યોજાનારો આ સન્માન મેચ ક્લબ અને તેના સમર્થકો માટે ભાવનાત્મક તથા ઉત્સવપૂર્ણ પ્રસંગ બની રહેશે. ગુજરાત સહિત સમગ્ર ભારતમાં ફૂટબોલની રમત અને લિયોનેલ મેસી જેવા વૈશ્વિક ખેલાડીઓના ચાહકોની સંખ્યા સતત વધી રહી છે. આંતરરાષ્ટ્રીય ફૂટબોલના દિગ્ગજોના વિદાય મેચ અને ઐતિહાસિક ક્ષણો રમતગમત પ્રેમીઓ માટે આકર્ષણ અને પ્રેરણાનો વિષય બને છે.

એશિયન ચેમ્પિયન ટ્રોફી સેમિફાઈનલમાં ભારત-મલેશિયા

લીગ તબક્કામાં પાંચેય મેચમાં વિજય



(એજન્સી) ભોપાલ । તા. 27

મહિલા એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી હોકી સ્પર્ધાની સેમિફાઈનલમાં આજે ભારતનો મુકાબલો મલેશિયા સામે ભોપાલના આંતરરાષ્ટ્રીય રમતગમત સંકુલ ખાતે થવા જઈ રહ્યો છે, જેમાં લીગ તબક્કામાં સતત પાંચ વિજય સાથે શાનદાર ફોર્મમાં રહેલી ભારતીય ટીમ સળંગ ત્રીજા ખિતાબ અને કુલ ચોથા ખિતાબની નજીક પહોંચવાના લક્ષ્ય સાથે મેદાનમાં ઉતરશે.

મીડિયા અહેવાલ મુજબ, ભારતીય મહિલા હોકી ટીમે લીગ તબક્કામાં પાંચમાંથી પાંચ મેચ જીતીને પ્રભાવશાળી દેખાવ કર્યો છે અને આ દરમિયાન તેવીસ ગોલ નોંધાવવાની સામે માત્ર ચાર ગોલ જ સ્વીકાર્યા છે. આ શાનદાર પ્રદર્શનના સહારે ટીમની વિશ્વ રેન્કિંગમાં અત્યાર સુધીના શ્રેષ્ઠ ચોથા ક્રમે પહોંચવાની સિદ્ધિ પણ નોંધાઈ છે.

અગાઉ બબ્બે હજાર ત્રેવીસમાં રાંચી અને બબ્બે હજાર ચોવીસમાં રાજગીર ખાતે યોજાયેલી સ્પર્ધામાં યજમાન ટીમે ખિતાબ જીત્યો હતો. આ ઉપરાંત બબ્બે હજાર સોળમાં સિંગાપોરમાં પણ ભારત ચેમ્પિયન બન્યું હતું અને હવે ચોથું ખિતાબ જીતીને નવો ઈતિહાસ રચવાની તક ટીમ પાસે છે. આ મહત્ત્વપૂર્ણ મુકાબલા માટે જાહેર કરાયેલી ભારતીય ટીમમાં સલીમા તેટે સુકાની તરીકે નેતૃત્વ સંભાળી રહી છે, જ્યારે ટીમમાં બંસરી સોલંકી, બિચુ દેવી ખારીબામ, નિક્કી પ્રધાન, જ્યોતિ, જ્યોતિ સિંહ, સુશીલા ચાનુ, લાલથાંતલુઆંગી, પૂજા સાહુ, ઋતુજા દાદાસો પિસલ, સુનેલિતા ટોપ્પો, નેહા, સાક્ષી રાણા, બલજીત કૌર, ઈશિકા, નવનીત કૌર, દીપિકા, બ્યુટી ડુંગડુંગ, લાલરેમસિયામી અને મુમતાઝ ખાનનો સમાવેશ થાય છે.

ભારતમાં આ સ્પર્ધાનું સીધું પ્રસારણ ડિજિટલ પ્લેટફોર્મ પર ઉપલબ્ધ રહેશે, જ્યારે ટેલિવિઝન પર રમતગમત ચેનલ પર પણ મેચ માણી શકાશે. ચાહકો માટે આ સેમિફાઈનલ મુકાબલો ભારે ઉત્તેજનાપૂર્ણ બની રહ્યો છે. ગુજરાત સહિત સમગ્ર ભારતમાં હોકી અને આંતરરાષ્ટ્રીય રમતગમત સ્પર્ધાઓ પ્રત્યે દર્શકો અને યુવા ખેલાડીઓમાં વિશેષ ઉત્સાહ જોવા મળે છે. ઘરઆંગણે યોજાતી આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ભારતીય મહિલા ટીમનું પ્રદર્શન દેશમાં રમતગમતની લોકપ્રિયતા અને આત્મવિશ્વાસને વધુ મજબૂત બનાવે છે.

બબ્બે હજાર અઠ્ઠાવીસમાં દિલ્હી યજમાન **બબ્બે હજાર ચૌદમાં કાંસ્ય પદક જીત્યું**

ઉબેર કપમાં ભારતને ખિતાબ અપાવવાની સિંધુની આશા

(એજન્સી) નવી દિલ્હી । તા. 27

બે વખતની ઓલિમ્પિક પદક વિજેતા પીવી સિંધુએ આગામી બબ્બે હજાર અઠ્ઠાવીસમાં ઘરઆંગણે યોજાનારી મહિલા બેડમિન્ટન ટીમ સ્પર્ધામાં ભારતને પ્રથમ ખિતાબ અપાવવાની આશા વ્યક્ત કરી છે, કારણ કે વિશ્વ બેડમિન્ટન સંઘે નવી દિલ્હીને આગામી સ્પર્ધાના યજમાન તરીકે જાહેર કર્યું છે અને તેનાથી વર્ષો બાદ દેશમાં આ પ્રતિષ્ઠિત સ્પર્ધાઓનું પુનરાગમન થવા જઈ રહ્યું છે. મીડિયા અહેવાલ મુજબ, ભારત બબ્બે હજાર અઠ્ઠાવીસમાં નવી દિલ્હી ખાતે પુરુષ અને મહિલા ટીમ સ્પર્ધાના અંતિમ તબક્કાનું યજમાનપદ સંભાળશે, જેના કારણે દેશમાં ચૌદ વર્ષ બાદ આ બંને અગ્રણી ટીમ સ્પર્ધાઓ પાછી ફરી રહી છે. વિશ્વ બેડમિન્ટન સંઘ દ્વારા આગામી આવૃત્તિ માટે નવી દિલ્હીના યજમાનપદની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે.

અગાઉ જ્યારે આ શહેરમાં સ્પર્ધા યોજાઈ હતી ત્યારે પીવી સિંધુ એ ટીમનો ભાગ હતી, જેણે દેશને આ સ્પર્ધામાં પ્રથમ પદક એટલે કે કાંસ્ય પદક અપાવ્યું હતું. હવે ઘરઆંગણાના પ્રેક્ષકો સમક્ષ વધુ એક તક મળે તો ટ્રોફી જીતવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

પીવી સિંધુએ જણાવ્યું છે કે બબ્બે હજાર ચૌદમાં દિલ્હીમાં જીતેલા કાંસ્ય પદક પર તેમને ગર્વ છે અને જો ઘરઆંગણે ફરી રમવાની તક મળે તો ટીમ અંતિમ તબક્કા સુધી પહોંચીને ખિતાબ જીતે તેવી તેમની ઈચ્છા છે. સાથી ખેલાડીઓ સાથે પોડિયમ પર ઊભા રહેવાનો અર્થ શું હતો તે તેઓ સારી રીતે જાણે છે.

તેમના મતે ભારતીય પ્રેક્ષકોની હાજરીમાં સૌ સાથે મળીને ટ્રોફી ઊંચકવી એ તેમની કારકિર્દીની સૌથી ગૌરવપૂર્ણ ક્ષણોમાંની એક બની રહેશે. અનુભવી ખેલાડીની આ ભાવના અને આત્મવિશ્વાસે ચાહકોમાં નવો ઉત્સાહ જગાડ્યો છે.



છે. મહિલા અને પુરુષ બંને વિભાગમાં ભારતીય ખેલાડીઓના પ્રદર્શન પર આ આયોજનની સકારાત્મક અસર પડવાની શક્યતા છે.

કાઈસ્ટચર્ચ ટેસ્ટ દરમિયાન કેર્ન્સની વાત

બુમરાહ કોઈપણ ટીમમાં ફરક લાવી શકે છે, કેર્ન્સનું નિવેદન

(એજન્સી) ક્રાઈસ્ટચર્ચ । તા. 27

ન્યુઝીલેન્ડ અને ભારત વચ્ચેની બે મેચની શ્રેણીનો નિર્ણય કરનારી ક્રાઈસ્ટચર્ચ ટેસ્ટ દરમિયાન ન્યુઝીલેન્ડના ભૂતપૂર્વ ક્રિકેટર ક્રિસ કેર્ન્સે ભારતના ઝડપી બોલર જસપ્રીત બુમરાહને કોઈપણ ટીમમાં ફરક લાવનાર ખેલાડી અને સર્વશ્રેષ્ઠ બોલરોમાં એક ગણાવીને તેની પ્રશંસા કરી છે, કારણ કે તે રમતો હોય ત્યારે જે તે ટીમ જીત માટે વધુ ફેવરિટ બની જાય છે.



મીડિયા અહેવાલ અનુસાર ક્રિસ કેર્ન્સે જણાવ્યું કે વર્તમાન ન્યુઝીલેન્ડ ટીમ ખેલાડી દર ખેલાડી અને એકંદરે મજબૂત લાગી શકે, પરંતુ ટીમમાં જસપ્રીત બુમરાહ હોવાથી સમગ્ર સમીકરણ બદલાઈ જાય છે અને તે રમે તો ટીમ આગળ રહે છે. ભારત તરફથી બસો પિસ્તાળીસ મેચમાં પાંચસો સોળ વિકેટ ઝડપનાર બુમરાહે માત્ર ચોપ્પન ટેસ્ટમાં બસો ઓગણચાલીસ વિકેટ લઈને ટેસ્ટ સફળતામાં મોટી ભૂમિકા ભજવી છે. ઓગણએંસીથી બે હજાર છ સુધી રમેલા અને બે હજારની ચેમ્પિયન્સ ટ્રોફી વિજેતા ટીમનો ભાગ રહેલા કેર્ન્સે ઝડપી બોલિંગ ઓલરાઉન્ડરની અછત અને ઈજાઓ અંગે પણ વાત કરી. તેમણે કહ્યું કે ટી-ટ્વેન્ટી અને વનડે ક્રિકેટના બદલાવને કારણે સ્પિન બોલિંગ ઓલરાઉન્ડર વધુ જોવા મળે છે, જ્યારે બેન સ્ટોક્સ અગાઉની પેઢીનો છેલ્લો અસલી ઝડપી બોલિંગ ઓલરાઉન્ડર હોઈ શકે છે અને હાર્દિક પંડ્યા અંગે પણ તેમણે પોતાનો મત વ્યક્ત કર્યો.

ટેસ્ટ ક્રિકેટમાં બોલિંગ આક્રમણની ભૂમિકા અને રમતના બદલાતા સ્વરૂપ અંગે પૂર્વ દિગ્ગજના વિચારો રમતપ્રેમીઓ માટે રસપ્રદ રહે છે. ક્રાઈસ્ટચર્ચ ટેસ્ટ અને બુમરાહની પ્રશંસાની આ વિગતો ગુજરાત સહિત દેશભરના ક્રિકેટ ચાહકો માટે જાણવા જેવી બની રહે છે.

ઓલિમ્પિક // **મનસુખ માંડવિયા પુણેથી આગેવાની લેશે, સો ઓલિમ્પિયનો દેશભરમાં જોડાશે**

સન્ડેઝ ઓન સાયકલના સોમા સંસ્કરણની તૈયારી શરૂ

(એજન્સી) નવી દિલ્હી । તા. 27

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વસ્થ અને તંદુરસ્ત ભારતના આહ્વાન બાદ ડિસેમ્બર બબ્બે હજાર ચોવીસમાં શરૂ થયેલા ફિટ ઈન્ડિયા સન્ડેઝ ઓન સાયકલ અભિયાને જનઆંદોલનનું સ્વરૂપ ધારણ કર્યું છે અને આગામી ઓગણત્રીસમી નવેમ્બરે યોજાનારા તેના સોમા ઐતિહાસિક સંસ્કરણની ભવ્ય તૈયારીઓ પૂર્ણતાના આરે પહોંચી છે, જેમાં કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા પુણેના પિંપરી-ચિંચવડ ખાતેથી આગેવાની લેશે તથા દેશભરના સો પ્રતિષ્ઠિત સ્થળોએ સો ભારતીય ઓલિમ્પિયનો જોડાશે.

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રાલયના સત્તાવાર નિવેદન મુજબ, ઓગણત્રીસમી નવેમ્બરે યોજાનારો સોમો પડાવ ભારતમાં ઓલિમ્પિક ચળવળની ઉજવણીને સમર્પિત કરવામાં આવ્યો છે અને તેની મુખ્ય થીમ ઓલિમ્પિક માટે ભારત તૈયાર રાખવામાં આવી છે. આ કાર્યક્રમ માય ભારત સાથે મળીને દેશના દરેક જિલ્લામાં યુવાનોની ભાગીદારી સાથે યોજાશે, જ્યારે પિંપરી-ચિંચવડમાં આશરે પચાસ હજાર સાયકલચાલકો જોડાવાનો અંદાજ છે.



આગામી સંસ્કરણ ઓલિમ્પિક ચળવળના મૂળ મૂલ્યો જેવા કે સુશાસન, પ્રામાણિકતા, નિષ્પક્ષ સ્પર્ધા, સમાવેશિતા, ખેલાડીઓનું સ્વાસ્થ્ય તથા કલ્યાણ અને ટકાઉ તથા સુરક્ષિત રમતગમતની પરંપરાને ઉજાગર કરશે. મહિલાઓ અને દિવ્યાંગ ખેલાડીઓ સહિત સૌને સમાન તક, નૈતિકતા અને ખેલાડીઓના અવાજ પર આધારિત રમતગમત ભવિષ્યના નિર્માણની પ્રતિબદ્ધતા પણ તેમાં વ્યક્ત કરાઈ છે.

આ પહેલની શરૂઆત નવી દિલ્હીમાં માત્ર બસો પચાસ સ્થળો અને પાંચસો સહભાગીઓ સાથે થઈ હતી, પરંતુ બે વર્ષના સમયગાળામાં તે દેશવ્યાપી લોકચળવળ બની ગઈ છે. બંધારણ દિવસની થીમ પર યોજાયેલા નવ્વાણુંમા સંસ્કરણમાં દેશભરમાં છવીસ હજારથી વધુ સ્થળોએ લાખો નાગરિકોએ ભાગ લીધો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દરરોજ અડધો કલાક ફિટનેસના આહ્વાનથી પ્રેરિત આ અભિયાને રાષ્ટ્રીય સંદેશાઓને જનભાગીદારી દ્વારા વાસ્તવિક કામગીરીમાં રૂપાંતરિત કરવાનું મંચ પૂરું પાડ્યું છે. સ્થૂળતા સામેની લડાઈ, નશામુક્ત ભારત અને પ્રદૂષણના ઉકેલ જેવા વિષયો પર વિશેષ આવૃત્તિઓ દ્વારા નાગરિકોમાં વર્તન પરિવર્તન લાવવાનો પ્રયાસ કરાયો છે.

સામાજિક સંદેશાઓ અને ફિટનેસ પ્રવૃત્તિઓને સાયકલિંગ સાથે જોડીને સમાજના વિવિધ વર્ગોને એક મંચ પર લાવવાની કામગીરી સતત આગળ વધી રહી છે. યુવા પેઢી રમતગમત અને તંદુરસ્તીને જીવનશૈલી બનાવે તે હેતુથી દેશભરમાં સંકલિત આયોજન કરવામાં આવ્યું છે.

સારાબિયા ખસી જતાં નવો હરીફ મળ્યો

ઓલિમ્પિક ચેમ્પિયન ખેલિફની રિંગમાં વાપસી નક્કી

(એજન્સી) પેરિસ । તા. 27

અલ્જેરિયાની ઓલિમ્પિક ચેમ્પિયન બોક્સર ઈમાને ખેલિફ પેરિસ ઓલિમ્પિક બે હજાર ચોવીસમાં વેલ્ટરવેઈટ ગોલ્ડ જીત્યા બાદ પ્રથમ વખત પંદર ડિસેમ્બરે પેરિસમાં ફ્રાન્સની એલ્સા હેમાત સામે રિંગમાં ઉતરશે, કારણ કે અગાઉ નક્કી થયેલી ડચ હરીફ ક્લેરિડા સારાબિયા વહીવટી કારણોસર ખસી ગઈ છે.



મીડિયા અહેવાલ અનુસાર આયોજક સ્ટેર ઈવેન્ટે જણાવ્યું કે સત્તાવીસ વર્ષીય ખેલિફનો મુકાબલો અગાઉ એકવીસ વર્ષીય ડચ બોક્સર ક્લેરિડા સારાબિયા સામે છ રાઉન્ડના વ્યાવસાયિક મુકાબલામાં થવાનો હતો, પરંતુ સારાબિયા ખસી જતાં ચોંતાળીસ વર્ષીય એલ્સા હેમાતને તેના સ્થાને પસંદ કરાઈ છે.

પેરીસ ઓલિમ્પિકમાં સુવર્ણ ચંદ્રક જીત્યા બાદ ખેલિફની પાત્રતા અંગે લિંગ વિવાદ સર્જાયો હતો અને ત્યારબાદ તે કોઈ સત્તાવાર સ્પર્ધામાં રમી નહોતી. અગાઉ ફેબ્રુઆરીમાં ખેલિફે સ્પષ્ટ કર્યું હતું કે જો આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ દ્વારા જિનેટિક ટેસ્ટ કરાવવામાં આવે તો જ તે તેના માટે તૈયાર છે.

ઓલિમ્પિક વિજેતાની વાપસી અને નવા હરીફ સામેની ટક્કર વૈશ્વિક બોક્સિંગ જગતમાં ખાસ ચર્ચા જગાવી રહી છે. આંતરરાષ્ટ્રીય રમતગમતના આ ઘટનાક્રમની વિગતો ગુજરાત અને દેશભરના રમતપ્રેમી વાચકો માટે જાણવા અને માણવા જેવી બની રહે છે.

આધુનિક હથિયારોનું સહ-ઉત્પાદન થશે, કૃત્રિમ બુદ્ધિમત્તા અને સાયબર સુરક્ષા પર ભાર

ભારત અને UAE વચ્ચે સંરક્ષણ સહયોગ વધુ મજબૂત થયો

(એજન્સી) અબુ ધાબી । તા. 27

પશ્ચિમ એશિયાના રાજદ્વારી સમીકરણો અને પ્રાદેશિક સુરક્ષા ગઠબંધનોની ચર્ચા વચ્ચે ભારત અને સંયુક્ત આરબ અમીરાતે ચૌદમી સંયુક્ત સંરક્ષણ સહકાર સમિતિની બેઠકમાં પોતાના સંરક્ષણ સંબંધોને નવી ઊંચાઈએ પહોંચાડ્યા છે, જેમાં બંને દેશો માત્ર ખરીદ-વેચાણ પૂરતા સીમિત ન રહેતા સાથે મળીને આધુનિક હથિયારો અને સંરક્ષણ પ્રણાલીઓના સહ-વિકાસ તથા સહ-ઉત્પાદન પર સહમત થયા છે અને કૃત્રિમ બુદ્ધિમત્તા, સાયબર સુરક્ષા તેમજ સૈન્ય તાલીમમાં ભાગીદારી વધારવાનો નિર્ણય લેવાયો છે.

ગુરુવારે અબુ ધાબી ખાતે યોજાયેલી આ મહત્ત્વપૂર્ણ બેઠકની સહ-અધ્યક્ષતા ભારતના સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહ અને સંયુક્ત આરબ અમીરાતના સંરક્ષણ મંત્રાલયના અંડર સેક્રેટરી લેફ્ટનન્ટ જનરલ ઈબ્રાહિમ નાસિર એમ. અલ અલાવીએ કરી હતી. મીડિયા અહેવાલ મુજબ, બેઠકમાં વર્તમાન જટિલ વૈશ્વિક અને પ્રાદેશિક સુરક્ષા પરિસ્થિતિ પર ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી.

જુલાઈ બબ્બે હજાર પચ્ચીસમાં નવી દિલ્હીમાં યોજાયેલી તેરમી બેઠક અને મે બબ્બે હજાર છવ્વીસમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાત દરમિયાન થયેલા વ્યૂહાત્મક સંરક્ષણ ભાગીદારી માળખાને જમીની સ્તરે ઝડપથી અમલમાં મૂકવા પર ભાર મુકાયો હતો. ખાડી દેશો હવે ટેક્નોલોજી અને ઉત્પાદન ક્ષમતા ક્ષેત્રે ભાગીદારી કરીને આત્મનિર્ભરતા તરફ આગળ વધી રહ્યા છે.



આ બેઠકમાંથી બંને દેશોના સંરક્ષણ સંબંધોને મજબૂત બનાવતા ત્રણ મહત્ત્વના નિર્ણયો સામે આવ્યા છે: આધુનિક હથિયારોનો સહ-વિકાસ અને સહ-ઉત્પાદન: ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને અદ્યતન હથિયારો અને સંરક્ષણ ઉપકરણોનો સંયુક્ત વિકાસ તેમજ ઉત્પાદન કરવાની પ્રક્રિયા ઝડપી બનાવવામાં આવશે.

તકનીકી, સાયબર અને દરિયાઈ સહયોગ: આધુનિક સુરક્ષા જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને નવીનતા, અદ્યતન તકનીક, કૃત્રિમ બુદ્ધિમત્તા, સાયબર સુરક્ષા, સૈન્ય તાલીમ અને દરિયાઈ સુરક્ષામાં સહકાર વિસ્તારવામાં આવશે.

નિયમિત સમીક્ષા અને દેખરેખ: યોજનાઓ માત્ર કાગળ પર ન રહે તે માટે બંને સહ-અધ્યક્ષો આગામી બેઠક પહેલા નિયમિત સમયાંતરે ચાલી રહેલા પ્રકલ્પોની સમીક્ષા અને દેખરેખ રાખશે.

સરકારી સ્તરની સમજૂતીને વાસ્તવિક સ્વરૂપ આપવા માટે સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહ સાથે ભારતીય સંરક્ષણ ઉદ્યોગનું પ્રતિનિધિમંડળ પણ અબુ ધાબી પહોંચ્યું હતું.

પંચાસી હજાર ભારતીયોએ દેશ છોડ્યો

બ્રિટન છોડનારા ભારતીયોની સંખ્યામાં ભારે ચર્ચા



(એજન્સી) લંડન । તા. 27

બ્રિટનના તાજેતરના સ્થળાંતર આંકડા મુજબ વિઝાધારકોમાં ભારતીય વિદ્યાર્થીઓ અને કામદારોમાં દેશ છોડવાનું પ્રમાણ નોંધાયું છે, જેમાં જૂન બબ્બે હજાર છવ્વીસ સુધીમાં કુલ પંચાસી હજાર ભારતીયોએ બ્રિટન છોડ્યું હોવાનું અને એક્યાવન હજારની સંખ્યા સાથે ચીનના નાગરિકો બીજા ક્રમે હોવાનું સામે આવ્યું છે તેમજ ચોખ્ખું સ્થળાંતર સિત્તેર હજાર નોંધાયું હોવાનું તારણ રજૂ કરાયું છે.

મીડિયા અહેવાલ મુજબ, બ્રિટનની રાષ્ટ્રીય આંકડાકીય કચેરીના ડેટા અનુસાર વિદ્યાર્થી વિઝા પરના આશરે પંચાવન હજાર ભારતીયો અને કામદાર વિઝા પરના અઠ્ઠાવીસ હજાર ભારતીયોએ જૂન બબ્બે હજાર છવ્વીસ સુધીમાં બ્રિટન છોડ્યું હતું, જ્યારે અન્ય વિઝા શ્રેણીમાં આવતા બીજા બે હજાર ભારતીયોએ પણ દેશ છોડ્યો હતો. જોકે, આ આંકડામાં અગાઉના આંકડાની તુલનાએ ઘટાડા તરફી વલણ જોવા મળે છે.

જૂન બબ્બે હજાર છવ્વીસના અંતે ચોખ્ખું સ્થળાંતર સિત્તેર હજાર નોંધાયું હતું, જે દેશમાં આવતા અને જતા લોકો વચ્ચેનો તફાવત દર્શાવે છે. આ વલણ નવેમ્બર બબ્બે હજાર પચ્ચીસથી જોવા મળ્યું હોવાનું જણાવાયું છે અને તે મુખ્યત્વે બિન-યુરોપીય દેશો ભારત, ચીન, નાઈજીરિયા અને પાકિસ્તાનમાં વધુ જોવા મળે છે.

બિન-યુરોપીય રાષ્ટ્રીયતામાં બ્રિટન આવનારાઓમાં આજે પણ ભારતીયોનું પ્રમાણ સૌથી વધુ છે, જેમાં સિત્તેર હજાર વિદ્યાર્થી વિઝા સાથે અને બીજા ચાળીસ હજાર કામદાર વિઝા માટે આવે છે. ગૃહ વિભાગના આંકડા મુજબ, આશરે એકત્રીસ હજાર લોકો ગેરકાયદે રીતે પ્રવેશતા પકડાયા હતા, જેઓ સમુદ્રી માર્ગે હોડી પાર કરીને આવતા ઝડપાયા હતા અને તે માર્ગે આવેલા કુલ છ્યાસી ટકા લોકોની ધરપકડ થઈ ચૂકી છે.

ચોખ્ખા સ્થળાંતરને સિત્તેર હજાર સુધી લાવવું એ અગાઉની સરકારના સર્વોચ્ચ સ્તર કરતાં બાવન ટકાનો ઘટાડો દર્શાવે છે અને તે સરકાર દ્વારા લેવાયેલા પગલાંનું પરિણામ ગણાવાયું છે. ચોખ્ખા સ્થળાંતરમાં ઘટાડો કરવો એ સરકારની ટોચની પ્રાથમિકતા રહી છે અને તાજેતરના આંકડા મુજબ કુલ સ્થળાંતર આઠ દશાંશ ત્રણ્યાસી લાખથી ઘટીને સાત દશાંશ અડત્રીસ લાખ પર આવ્યું છે.

આ ટ્રેન્ડ નવેમ્બર 2025થી જોવા મળ્યો છે. તે મુખ્યત્વે નોન યુરોપીયન દેશો ભારત,ચીન, નાઈજીરિયા અને પાકિસ્તાનમાં વધારે છે. જો કે આજે પણ યુકેના ઈમિગ્રેશનમાં ભારતીયો 77,000 સ્ટુડન્ટ વિઝા સાથે સૌથી ટોપ પર છે અને બીજા 40,000 વર્ક વિઝા માટે આવે છે. ઓએનએસના માઈગ્રેશનને આવરી લેતા આંકડા મુજબ યુકે હોમ ઓફિસે ગેરકાયદે માઈગ્રેશન અને આશ્રયના દાવાને લગતા આંકડા જાહેર કર્યા હતા.

તેઓ ઈંગ્લિશ ચેનલ બોટ પાર કરીને આવતા પકડાયા હતા અને ઈંગ્લિશ ચેનલ પાર કરીને આવેલા કુલ 86 ટકા લોકોની ધરપકડ થઈ ચૂકી છે. આગામી સમયમાં બ્રિટન સરકારના સ્થળાંતર નિયમોમાં કેવા ફેરફારો થાય છે અને ભારતીય વિદ્યાર્થીઓ તથા કામદારોની હિલચાલ પર તેની કેવી અસર રહે છે, તેના પર સૌ કોઈની નજર રહેશે.

ભારત અને ગુજરાત માટે મહત્ત્વ

ગુજરાત સહિત સમગ્ર ભારતમાંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, યુવાનો અને કામદારો ઉચ્ચ અભ્યાસ તથા રોજગાર માટે વિદેશ જાય છે, ત્યારે બ્રિટનની વિઝા અને સ્થળાંતર નીતિમાં થતા ફેરફારો અત્યંત મહત્ત્વના બને છે. સ્થળાંતરના આંકડા અને નિયમોમાં આવતા બદલાવની સીધી અસર વિદેશ જવા ઇચ્છતા વિદ્યાર્થીઓ અને પરિવારોના આયોજન પર પડે છે.

ન્યૂઝ બ્રીફ

બાંગ્લાદેશી સ્પીકરના પાકિસ્તાનમાં વિવાદાસ્પદ નિવેદન



ઈસ્લામાબાદ | પાકિસ્તાનના પ્રવાસે ગયેલા બાંગ્લાદેશની સંસદના સ્પીકર હાફિઝ ઉદ્દીન અહમદે ઈસ્લામાબાદ ખાતે સંસદ ભવનની મુલાકાત દરમિયાન એક હજાર નવસો એકોતેરના યુદ્ધ અંગે વિવાદાસ્પદ દાવો કરતાં કહ્યું કે ભારતે તે સમયે બંગાળીઓને મદદ કરવાને બદલે માત્ર પાકિસ્તાનને નબળું પાડવાનું કામ કર્યું હતું, તેમજ શેખ હસીનાના શાસન દરમિયાન બાંગ્લાદેશ ભારતનું સંસ્થાન બન્યું હોવાનો આક્ષેપ કર્યો અને કાશ્મીર મુદ્દે પાકિસ્તાનનું સમર્થન કર્યું. મીડિયા અહેવાલ અનુસાર હાફિઝ ઉદ્દીન અહમદે એક હજાર નવસો એકોતેરના યુદ્ધ અને ઢાકાના પતનને યાદ કરતાં જણાવ્યું કે તે સમયે બંગાળીઓ લોકશાહીની માંગ કરી રહ્યા હતા, પરંતુ તેમને તેમનો અધિકાર મળ્યો ન હતો. તેમણે બાંગ્લાદેશ અને પાકિસ્તાનની સંસદીય વ્યવસ્થાની સરખામણી કરતાં એક હજાર નવસો પંચોતેરમાં એકપક્ષીય શાસન વ્યવસ્થા લાગુ થયાનો ઉલ્લેખ કર્યો અને ફેબ્રુઆરી બે હજાર છવ્વીસની સામાન્ય ચૂંટણીને સ્વતંત્ર તથા નિષ્પક્ષ ગણાવી હતી. અહમદ પોતે અગાઉ પાકિસ્તાની સેનામાં કેપ્ટન રહી ચૂક્યા છે અને એક હજાર નવસો એકોતેરમાં ભાગ લીધા બાદ તેમને સન્માનિત કરાયા હતા.

ટેરિફ મુદ્દે ટ્રમ્પ સામે ડેમોક્રેટ્સનો હુમલો, સોળ દેશો પર ટેરિફનો આકરો વિરોધ



વોશિંગ્ટન | અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા સોળ વ્યાપારિક ભાગીદાર દેશો પર નવા ટેરિફ લાદવાની જાહેરાત બાદ અમેરિકા સહિત વિશ્વભરમાં આકરા પ્રત્યાઘાતો પડ્યા છે, જેમાં ડેમોક્રેટ્સ સાંસદોએ ટ્રમ્પ પર નિશાન સાધ્યું છે, જ્યારે ચીન, ભારત, જાપાન, સિંગાપોર અને મલેશિયા સહિતના દેશોએ વિરોધ નોંધાવી વૈશ્વિક અર્થતંત્રને નુકસાન થવાની આશંકા વ્યક્ત કરી છે. સૂત્રો દ્વારા જાણવા મળેલી વિગતો મુજબ ડેમોક્રેટ્સ સાંસદોએ આક્ષેપ કર્યો કે અમેરિકાની ખરી લડાઈ ચીન સામે છે, પરંતુ ભારત સહિતના ભાગીદાર દેશોને નિશાન બનાવાય છે અને આવી નીતિથી અમેરિકાને જ નુકસાન થશે. સેનેટના વરિષ્ટ નેતા ચક શૂમરે જણાવ્યું કે સાચું દુશ્મન ચીન છે છતાં સાથી દેશો સામે પગલાં લેવાય છે, જેનાથી શાખ નબળી પડે છે અને જનતા પર બોજો વધે છે. ડેમોક્રેટ્સે સોશિયલ મીડિયા પર લખ્યું કે ટેરિફ અને અન્ય નીતિઓથી રોજબરોજની ચીજોના ભાવ વધતાં લોકોને મોંઘવારીનો સામનો કરવો પડી રહ્યો છે. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ગુઓ જિયાકુને ટેરિફને રાજકારણ પ્રેરિત ગણાવી ખોટી માન્યતા પર આધારિત હોવાનું કહ્યું અને મનમાની નહીં ચલાવી લેવાની ચેતવણી આપી.

નવ લાખ ગ્રાહકોની વીજળી ગુલ

અમેરિકામાં વાવાઝોડાથી ભારે તબાહી, ખળભળાટ, સેંકડો ઉડાન સેવાઓ રદ કરાઈ

(એજન્સી) વોશિંગ્ટન । તા. 27

અમેરિકાના પૂર્વ ભાગમાં થૈન્ક્સગિવિંગ પર્વ ટાણે ત્રાટકેલા શક્તિશાળી વાવાઝોડાએ ભારે તબાહી સર્જી છે, જેમાં ભારે પવન, મૂશળધાર વરસાદ અને દરિયાકાંઠાના વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિને કારણે લાખો લોકો પ્રભાવિત થયા છે, આશરે નવ લાખ ગ્રાહકો વીજળી વિના રહ્યા છે, સેંકડો ઉડાન સેવાઓ રદ થતા મુસાફરો અટવાયા છે અને ન્યૂ જર્સીમાં કટોકટી જાહેર કરવામાં આવી છે.

વીજ પુરવઠા પર નજર રાખતી વ્યવસ્થાના અહેવાલ મુજબ, ગુરુવાર સાંજ સુધીમાં મધ્ય-પશ્ચિમ અને ઉત્તર-પૂર્વ વિસ્તારમાં આશરે નવ લાખ ગ્રાહકો વીજળી વિના રહ્યા હતા. મીડિયા અહેવાલ અનુસાર, પેન્સિલવેનિયામાં બે દશાંશ તેર લાખથી વધુ, વર્જિનિયામાં એક દશાંશ પાંચ લાખથી વધુ અને મિસૂરીમાં લગભગ એક દશાંશ બે લાખ ગ્રાહકોને વીજળી મળી શકી ન હતી, જ્યારે વર્જિનિયામાં આશરે બે લાખ અને મેરીલેન્ડમાં એક દશાંશ સિત્તેર લાખ ઘરો તથા વેપારી સંસ્થાઓમાં અંધારપટ છવાયો હતો.

પૂર્વ કિનારાના વિસ્તારોમાં એકસો બાર કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફૂંકાયેલા પવને અનેક વૃક્ષો અને વીજ થાંભલા ધરાશાયી કર્યા હતા. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, ડેલાવેર, ન્યૂ જર્સી અને દક્ષિણ-પૂર્વ પેન્સિલવેનિયામાં વૃક્ષો અને વીજ લાઈનો તૂટી પડવાથી મોટા પાયે વીજ કાપ સર્જાયો છે.

થૈન્ક્સગિવિંગના સમયે આવેલા આ તોફાને હવાઈ પ્રવાસીઓની મુશ્કેલીમાં મોટો વધારો કર્યો છે. સમગ્ર દેશમાં સેંકડો ઉડાન સેવાઓ રદ થઈ છે અને હજારો ઉડાન સેવાઓ મોડી પડી રહી છે, જેના કારણે હજારો મુસાફરો હવાઈ મથકો પર અટવાઈ ગયા છે.

ઉડાન માહિતીના આંકડા અનુસાર, ગુરુવારે અમેરિકન હવાઈ મથકો પર ત્રણસો પચાસથી વધુ ઉડાન સેવાઓ રદ કરવામાં આવી હતી અને લગભગ સાતસો ઉડાન સેવાઓમાં વિલંબ થયો હતો. વાહનચાલક સંગઠનના અંદાજ મુજબ,



થૈન્ક્સગિવિંગ આસપાસના સાત દિવસ દરમિયાન આઠ દશાંશ પંદર કરોડ અમેરિકનો ઓછામાં ઓછા પચાસ માઈલ દૂર પ્રવાસ કરવાના હતા.

હવામાન વિભાગે આ સ્થિતિને તાજેતરના ઈતિહાસના સૌથી મોટા થૈન્ક્સગિવિંગ તોફાન તરીકે વર્ણવી છે અને પૂર્વ કિનારે ભારે વરસાદ, તેજ પવન તથા વ્યાપક પૂરની ચેતવણી આપી છે. મુખ્ય ધોરીમાર્ગ કોરિડોર પર પચાસ માઈલ પ્રતિ કલાક કે તેથી વધુ ઝડપે પવન ફૂંકાવાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે.

ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ન્યૂ જર્સીના ગવર્નરે કટોકટી જાહેર કરી છે અને ન્યૂયોર્કના કેટલાક ભાગોમાં પણ કટોકટીના પગલાં લાગુ કરવામાં આવ્યા છે. રાહત, બચાવ અને વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવાની કામગીરી પર તંત્ર દ્વારા નજર રાખવામાં આવી રહી છે.

ગુજરાત સહિત સમગ્ર ભારત માટે વિદેશમાં થતા ભીષણ વાવાઝોડા, હવાઈ મુસાફરીમાં વિક્ષેપ અને કટોકટીની સ્થિતિ અત્યંત મહત્ત્વપૂર્ણ બને છે. તહેવારો કે પ્રવાસ દરમિયાન અમેરિકામાં રહેતા કે મુસાફરી કરતા ભારતીય નાગરિકો અને પરિવારો માટે હવામાનની ચેતવણીઓ અને મુસાફરી વ્યવસ્થાની માહિતી સતત ધ્યાનમાં રાખવા જેવી બાબત રહે છે.

અમેરિકામાં થૈન્ક્સગિવિંગ પર્વ ટાણે પૂર્વ ભાગમાં શક્તિશાળી વાવાઝોડાએ તબાહી મચાવી છે. ભારે પવન, વરસાદ અને પૂરને કારણે લાખો લોકો પ્રભાવિત થયા છે. ૭ લાખથી વધુ ગ્રાહકો વીજળી વિહોણા બન્યા છે, જેમાં પેન્સિલવેનિયા, વર્જિનિયા અને મિસૂરીનો સમાવેશ થાય છે. સેંકડો ફ્લાઈટ્સ રદ થતાં મુસાફરો અટવાયા છે. ન્યૂ જર્સીમાં કટોકટી જાહેર કરાઈ છે.

નવા વર્ષે ચૌદ દેશો પર ટેરિફનો ખતરો, ચૌદ અર્થતંત્રો પર નવા ટેરિફનો પ્રસ્તાવ

(એજન્સી) વોશિંગ્ટન । તા. 27

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રે ભારત, ચીન અને જાપાન સહિત ચૌદ દેશો પર નવા આયાત શુલ્ક લાદવાનો પ્રસ્તાવ મૂકતાં આંતરરાષ્ટ્રીય વેપાર જગતમાં તણાવ વધ્યો છે, જેના વિરોધમાં ચીન અને જાપાને આરોપો પાયાવિહોણા ગણાવ્યા છે, જ્યારે ભારતે આરોપો ફગાવીને દ્વિપક્ષીય વાતચીત દ્વારા ઉકેલ લાવવા પર ભાર મૂક્યો છે.

મીડિયા અહેવાલ અનુસાર મહિનાઓની તપાસ બાદ અમેરિકી વેપાર પ્રતિનિધિ જેમિસન ગ્રીરના મતે આ દેશોની ઉત્પાદન નીતિઓથી અમેરિકન વેપારને નુકસાન થઈ રહ્યું છે અને નવું શુલ્ક નવા વર્ષની શરૂઆતમાં લાગુ થઈ શકે છે. ફેબ્રુઆરીમાં અમેરિકન સુપ્રીમ કોર્ટે અગાઉના વ્યાપક ટેરિફનો મોટો હિસ્સો રદ કર્યા બાદ નવા કાયદાકીય આધાર હેઠળ તૈયારી ચાલી રહી છે. યાદીમાં ભારત, ચીન, જાપાન, દક્ષિણ કોરિયા, વિયેતનામ, થાઈલેન્ડ, મલેશિયા, સિંગાપોર, ઈન્ડોનેશિયા, કંબોડિયા, બાંગ્લાદેશ, સ્વિટ્ઝર્લેન્ડ, તાઈવાન અને યુરોપિયન યુનિયન સામેલ છે.

ચીને વીસ ટકા ટેરિફ અને વધુ ઉત્પાદનના આરોપને નકારીને રાજકીય લાભ માટે ઉપયોગ ન કરવા જણાવ્યું, જાપાને પંદર ટકા દર સામે વિરોધ નોંધાવ્યો, સિંગાપોરે વીસ ટકા પ્રસ્તાવ સામે નિરાશા વ્યક્ત કરી, મલેશિયાએ વધારાની ક્ષમતાનો ઈનકાર કર્યો અને થાઈલેન્ડે અઢાર ટકા પ્રસ્તાવને અપેક્ષા કરતાં સારો ગણાવ્યો છે. ભારતે પણ વધુ ઉત્પાદન ક્ષમતાના આરોપો ફગાવી દ્વિપક્ષીય વેપાર કરાર હેઠળ ઉકેલ લાવવાની પ્રતિબદ્ધતા દર્શાવી છે, કારણ કે પચીસ ટકા સૂચિત ટેરિફ કરાર બાદ સત્તર ટકા સુધી મર્યાદિત રહી શકે છે.

કુવૈતમાં ડ્રોન હુમલામાં બે નાગરિકોના મોતથી ચકચાર, બે ઈટાલિયન નાગરિકોના મોત થયા

(એજન્સી) કુવૈત સિટી । તા. 27

પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે ગુરુવારે કુવૈતમાં ડ્રોન હુમલાની ઘટનામાં બે ઈટાલિયન નાગરિકોના મોત થયા હોવાની પુષ્ટિ કરવામાં આવી છે, જેમાં અટકાવવામાં આવેલા ડ્રોનના કાટમાળની ઝપેટમાં આવતા બંને ટેકનિશિયનોના મોત થયા અને અન્ય બે નાગરિકો ઘાયલ થયા છે, જ્યારે ઈરાને આ પ્રકારના કોઈપણ હુમલાનો ઈનકાર કરીને સંયુક્ત તપાસ કરવાની તૈયારી દર્શાવી છે.

કુવૈતના સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા કર્નલ સૌદ અબ્દુલઅઝીઝ અલ અતવાનના જણાવ્યા અનુસાર, દેશની હવાઈ સંરક્ષણ પ્રણાલીએ અનેક ડ્રોન હુમલા નિષ્ફળ બનાવ્યા હતા. આ દરમિયાન અટકાવવામાં આવેલા ડ્રોનના કાટમાળની ઝપેટમાં આવતા બે ઈટાલિયન નાગરિકોના મોત થયા હતા અને બે અન્ય વ્યક્તિઓ ઘાયલ થઈ હતી.

મીડિયા અહેવાલ મુજબ, ઈટાલીના વિદેશ



મંત્રી એન્ટોનિયો તાજાનીએ સેનેટને માહિતી આપી હતી કે મૃત્યુ પામેલા બંને નાગરિકો ટેકનિશિયન હતા અને જર્મન સંરક્ષણ કંપનીના ઈટાલિયન એકમમાં કાર્યરત હતા. તેઓ કુવૈતના એક હવાઈ સંરક્ષણ નિરીક્ષણ કેન્દ્ર પર તૈનાત હતા.

આ ઘટનામાં એક કુવૈતી અને એક પાકિસ્તાની નાગરિક પણ ઘાયલ થયા હોવાનું સામે આવ્યું છે. બીજી તરફ, ઈરાનના વરિષ્ઠ સૈન્ય પ્રવક્તા જનરલ અબુલફઝલ શેકર્ચીએ જણાવ્યું છે કે ઈરાને ખાડી ક્ષેત્રમાં કોઈ સૈન્ય કે આક્રમક અભિયાન ચલાવ્યું નથી.

ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ સંદેશા માધ્યમ પર જણાવ્યું હતું કે આ ઘટનાની કુવૈત સાથે મળીને તપાસ કરવા અને વાસ્તવિક દોષિતોને સામે લાવવા તેહરાન તૈયાર છે. પ્રાદેશિક તણાવ વચ્ચે આ નિવેદનને મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે.

પશ્ચિમ એશિયામાં સુરક્ષા અને તણાવના માહોલ વચ્ચે ડ્રોન હુમલા તેમજ કાટમાળથી થયેલી જાનહાનિએ ચિંતા વધારી છે. હવાઈ સંરક્ષણ વ્યવસ્થા સક્રિય હોવા છતાં સર્જાયેલી આ ઘટના અંગે વિવિધ સ્તરે માહિતી અને પ્રતિક્રિયાઓ સામે આવી રહી છે.

સંયુક્ત તપાસની દરખાસ્ત અને દોષિતોને શોધવાની બાબત આગામી સમયમાં રાજદ્વારી અને સુરક્ષા દ્રષ્ટિએ મહત્ત્વનો મુદ્દો બની રહી છે. સંબંધિત દેશો વચ્ચે થતી કાર્યવાહી પર સૌ કોઈની નજર રહેશે.

ચેતવણી વૈશ્વિક કડક નિયમો બનાવવાની માંગ, રાશન અને રોકડ તૈયાર રાખવા સલાહ

કૃત્રિમ બુદ્ધિમત્તા અંગે સંશોધકની ચેતવણીથી હલચલ

(એજન્સી) અમદાવાદ । તા. 27

આધુનિક સમયમાં કૃત્રિમ બુદ્ધિમત્તાનો ઉપયોગ ઝડપથી વધી રહ્યો છે, ત્યારે કૃત્રિમ બુદ્ધિમત્તા સલામતી સંશોધક નિકોલા જુર્કોવિકે સામાજિક માધ્યમ પર ખુલ્લો પત્ર લખીને ચેતવણી આપી છે કે જો તેના પર સમયસર નિયંત્રણ નહીં આવે, તો બબ્બે હજાર સત્તાવીસ સુધીમાં તે કોવિડ-ઓગણીસ મહામારી કરતાં પણ મોટી તબાહી સર્જી શકે છે, તેમજ તેમણે વૈશ્વિક સ્તરે કડક નિયમો બનાવવાની માંગ કરી છે અને પરિવાર માટે બેથી ત્રણ અઠવાડિયાનું રાશન તથા રોકડ રકમ એકઠી રાખવાની સલાહ આપી છે.

મીડિયા અહેવાલ મુજબ, કૃત્રિમ બુદ્ધિમત્તા સલામતી સંશોધક નિકોલા જુર્કોવિકે સામાજિક માધ્યમ પ્લેટફોર્મ પર લાંબો ખુલ્લો પત્ર લખીને સંભવિત ગંભીર જોખમો અંગે આશંકા વ્યક્ત કરી છે. તેમના જણાવ્યા અનુસાર, તેઓ છેલ્લા ઘણા વર્ષોથી કૃત્રિમ બુદ્ધિમત્તાના વધતા પ્રભાવને લઈને ચિંતિત છે અને તેના પર માનવીય નિયંત્રણ સતત નબળું પડી રહ્યું છે.



આ વર્ષે આ ટેકનોલોજી સાથે જોડાયેલી અનેક ગંભીર ઘટનાઓ બની હોવાનો ઉલ્લેખ કરીને તેમણે જણાવ્યું છે કે ઘણી કંપનીઓની વ્યવસ્થા હેક થઈ ચૂકી છે. સંશોધકે ચેતવણી આપી છે કે તેના વિકાસને નિયંત્રિત કરવા માટે વૈશ્વિક સ્તરે કડક નિયમો બનાવવા અત્યંત જરૂરી છે, અન્યથા આગામી થોડા વર્ષોમાં માનવજાત માટે ભારે જોખમ ઊભું થઈ શકે છે.

પત્રમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે વર્ષ બબ્બે હજાર સત્તાવીસમાં કૃત્રિમ બુદ્ધિમત્તા માનવ મગજ કરતાં પણ વધુ સક્ષમ બની જશે અને જો તે માનવીઓ કરતાં ઘણી આગળ નીકળી જશે, તો સમગ્ર માનવ સભ્યતા માટે અસ્તિત્વનું સંકટ ઊભું થઈ શકે છે. સંશોધકે એવી પણ આશંકા વ્યક્ત કરી છે કે જો વિકાસની ગતિ ધીમી પાડવામાં નહીં આવે, તો વર્ષ બબ્બે હજાર ત્રીસના અંત સુધીમાં માનવીઓનો અંત આવવાનું અથવા સત્તા ગુમાવવાનું જોખમ પચાસ ટકા સુધી હોઈ શકે છે, જોકે આ તેમનું પોતાનું અનુમાન છે અને તેના સમર્થનમાં પત્રમાં કોઈ નક્કર તથ્યો રજૂ કરવામાં આવ્યા નથી.

આ ઉપરાંત પત્રમાં જણાવાયું છે કે બબ્બે હજાર સત્તાવીસના અંત સુધીમાં લોકો પોતાના તહેવારો અને રજાઓ સામાન્ય રીતે ઉજવી શકશે નહીં અને આવી સ્થિતિ સર્જાવાની પાંચથી વીસ ટકા જેટલી આશંકા છે. આગામી દસ વર્ષમાં આજની મોટાભાગની નોકરીઓ સમાપ્ત થઈ શકે છે અને વિશ્વની એક મોટી વસ્તી બેરોજગાર બની શકે છે, જેનાથી વૈશ્વિક અર્થવ્યવસ્થા અને વર્તમાન વ્યવસ્થા પર ગંભીર અસર પડવાની શક્યતા દર્શાવાઈ છે.

બાંગ્લાદેશમાં હિંસા અને હત્યાઓથી ભારે હલચલ

(એજન્સી) ઢાકા । તા. 27

બાંગ્લાદેશમાં શેખ હસીનાના પરત ફરવાના નિર્ણય અંગેની ચર્ચા વચ્ચે રાજકીય હલચલ અને હિંસાની ઘટનાઓ સામે આવી છે, જેમાં ખુલના ખાતે મંગળવારે રાત્રે ચાલીસ વર્ષીય નેતા અબ્દુલ હમીદ શેખની મોટરસાયકલ પર આવેલા બે અજાણ્યા શખ્સોએ ગોળી મારીને હત્યા કરી છે તેમજ એકલા ખુલના જિલ્લામાં છેલ્લા ચોવીસ દિવસમાં એકાશી હત્યાઓ અને પચાસ ઘરો સળગાવવાની ઘટનાઓથી દહેશત ફેલાઈ ગઈ છે.

મીડિયા અહેવાલ મુજબ, દૌલતપુર પોલીસ મથકની હદમાં કલ્પતરુ બજાર વિસ્તારમાં ચાલીસ વર્ષના અબ્દુલ હમીદ શેખની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. તેઓ ખુલના શહેર નિગમમાં વોર્ડ નંબર ચારના સંગઠન મંત્રી તરીકે કાર્યરત હતા અને સ્થાનિક રાજકીય પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા હતા. મોટરસાયકલ પર સવાર બે શખ્સોએ તેમના પર ગોળીબાર કર્યો હતો અને ત્યારબાદ નાસી છૂટ્યા હતા. ઘટના બાદ તેમને તાત્કાલિક ખુલના તબીબી મહાવિદ્યાલય હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, પરંતુ તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

ખુલના વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી હિંસા અને હત્યાઓની શ્રેણી સર્જાઈ હોવાનું જણાવાયું છે. ચોવીસમી નવેમ્બરના રોજ એક ભોજનાલય ખાતે ધાકધમકીથી નાણાં પડાવવાના મામલે ગોળીબારી થઈ હતી, જ્યારે આવી જ ઘટનાઓ અન્ય વિસ્તારોમાં પણ બની હોવાનું પોલીસ દ્વારા નોંધાયું છે. ચોવીસમી નવેમ્બરથી અત્યાર સુધીમાં એકલા ખુલના જિલ્લામાં એકાશી વ્યક્તિઓની હત્યા થઈ હોવાનું અને ગોળીબારીમાં સોથી વધુ લોકો ઘાયલ થયા હોવાનું સામે આવ્યું છે.

ટાટા ગ્રુપ વિવાદમાં હાઈકોર્ટનો મોટો નિર્ણય, 30 નવેમ્બરની બેઠકને લીલી ઝંડી

(એજન્સી) નવી દિલ્હી | તા.27

ટાટા ગ્રુપમાં ચાલી રહેલા આંતરિક વિવાદ વચ્ચે બોમ્બે હાઈકોર્ટે મહત્વનો નિર્ણય સંભળાવ્યો છે.હાઈકોર્ટે ટાટા ટ્રસ્ટ્સ દ્વારા દાખલ કરવામાં આવેલી બે અરજીઓ પર સુનાવણી દરમિયાન 30 નવેમ્બરે યોજાનારી બેઠક પર રોક લગાવવાનો ઈનકાર કર્યો છે.આ અરજીઓમાં ટાટા સન્સના એક્ઝિક્યુટિવ ચેરમેન તરીકે એન. ચંદ્રશેખરનની પુનઃનિયુક્તિ અને ચેરમેન દ્વારા કાસ્ટિંગ વોટના ઉપયોગને પડકારવામાં આવ્યો છે. સુનાવણી દરમિયાન કોર્ટે નોએલ ટાટા તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ જનક દ્વારકાદાસને જવાબ દાખલ કરવા માટે સમય આપ્યો હતો. જોકે, કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે હાલ કોઈ રાહત આપવામાં આવી રહી નથી અને 30 નવેમ્બરે યોજાનારી બેઠક પર કોઈ પ્રતિબંધ મૂકવામાં આવતો નથી.હાઈકોર્ટે વધુમાં સ્પષ્ટ કર્યું હતું કે આ બેઠકમાં લેવામાં આવનારા નિર્ણયો કોર્ટમાં પેન્ડિંગ અરજી પર આવનારા અંતિમ ચુકાદાને આધીન રહેશે. એટલે કે 30 નવેમ્બરની બેઠક યોજાઈ શકશે, પરંતુ તેના નિર્ણયોની અસર હાઈકોર્ટના અંતિમ ચુકાદા પર નિર્ભર રહેશે. આ કેસની આગામી સુનાવણી હવે 21 જાન્યુઆરી, 2027ના રોજ થશે.



શું છે સમગ્ર વિવાદ?

વાસ્તવમાં, ટાટા સન્સના બોર્ડે 17 સપ્ટેમ્બરે એન. ચંદ્રશેખરનને વધુ પાંચ વર્ષ માટે એક્ઝિક્યુટિવ ચેરમેન તરીકે નિયુક્ત કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી હતી. તેમનો નવો કાર્યકાળ ફેબ્રુઆરી 2027થી શરૂ થવાનો છે. આ તેમનો ત્રીજો પાંચ વર્ષનો કાર્યકાળ હશે.આ નિર્ણયને ટાટા ટ્રસ્ટ્સ સાથે જોડાયેલા બે ટ્રસ્ટ સર દોરાબજી ટાટા ટ્રસ્ટ અને આરડી ટાટા ટ્રસ્ટ દ્વારા બોમ્બે હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો છે. બંને ટ્રસ્ટનો દાવો છે કે ચંદ્રશેખરની પુનઃનિયુક્તિના પ્રસ્તાવને કંપનીના નિયમો અનુસાર જરૂરી મંજૂરી મળી નહોતી.

નોએલ ટાટા અને વેણુ શ્રીનિવાસનના અલગ-અલગ વલણથી વિવાદ

આ વિવાદનું મુખ્ય કારણ ટાટા ટ્રસ્ટ્સ દ્વારા નિયુક્ત બે ડિરેક્ટર નોએલ ટાટા અને વેણુ શ્રીનિવાસનના અલગઅલગ અભિપ્રાય છે.નોએલ ટાટાએ એન. ચંદ્રશેખરનની પુનઃનિયુક્તિનો વિરોધ કર્યો હતો, જ્યારે વેણુ શ્રીનિવાસને તેનું સમર્થન કર્યું હતું.ત્યારબાદ બેઠકની અધ્યક્ષતા કરી રહેલા હરીશ મનવાની એ કાસ્ટિંગ વોટનો ઉપયોગ કરીને ચંદ્રશેખરની પુનઃનિયુક્તિના પક્ષમાં નિર્ણય કરાવ્યો હતો.ટાટા ટ્રસ્ટ્સની દલીલ છે કે કંપનીના આર્ટિકલ 121 મુજબ આવા મહત્વપૂર્ણ નિર્ણયો માટે ટ્રસ્ટ દ્વારા નિયુક્ત ડિરેક્ટરોના બહુમતી સમર્થનની જરૂરિયાત છે. ટ્રસ્ટના મતે, ચેરમેનનો કાસ્ટિંગ વોટ આ શરતનું સ્થાન લઈ શકે નહીં. આ જ કારણસર બંને ટ્રસ્ટે ચંદ્રશેખરની પુનઃનિયુક્તિના નિર્ણયને ગેરકાયદેસર જાહેર કરવાની માગ કરી છે.

65 કરોડ રૂપિયાના વળતરની પણ માગણી

ટાટા ટ્રસ્ટ્સ સાથે જોડાયેલા બંને ટ્રસ્ટે પોતાની અરજીઓમાં કુલ 65 કરોડ રૂપિયાના વળતરની માગણી કરી છે.સર દોરાબજી ટાટા ટ્રસ્ટે 50 કરોડ રૂપિયાના વળતરની માગ કરી છે.આરડી ટાટા ટ્રસ્ટે 15 કરોડ રૂપિયાના વળતરની માગ કરી છે.બંને ટ્રસ્ટે વળતરની રકમ પર વાર્ષિક 18 ટકા વ્યાજની પણ માગણી કરી છે.આ ઉપરાંત, ટ્રસ્ટોએ કોર્ટને 30 નવેમ્બરની બેઠક મુલતવી રાખવા અથવા ડિરેક્ટરો વચ્ચે મતભેદ થાય ત્યારે ચેરમેનને કાસ્ટિંગ વોટનો ઉપયોગ કરતા રોકવા માટે વ્યવસ્થા કરવાનો અનુરોધ કર્યો હતો.જોકે, બોમ્બે હાઈકોર્ટે હાલ આ પ્રકારની કોઈ રાહત આપી નથી. પરિણામે 30 નવેમ્બરની બેઠક યોજવાનો માર્ગ ખુલ્લો રહ્યો છે,પરંતુ બેઠકમાં લેવાયેલા નિર્ણયો હાઈકોર્ટના અંતિમ ચુકાદાને આધીન રહેશે.

હવે વાહનોના 'ફિંગરપ્રિન્ટ' પરથી કપાશે ટોલ ટેક્સ! જાણો શું છે આ નવી 'MLFF' ટેકનિક, જેનાથી 80ની સ્પીડે પણ બ્રેક માર્યા વિના કપાઈ જશે ટોલ!



(એજન્સી) નવી દિલ્હી | તા.27

હવે ટોલ પ્લાઝા પર લાંબી લાઈનોમાં ઊભા રહેવાની અને બેરિયર ખુલવાની રાહ જોવાની ઝંઝટનો કાયમી અંત આવવા જઈ રહ્યો છે. દેશની રાજધાની દિલ્હીમાં ટોલ વસૂલાત માટે એક અત્યંત આધુનિક ટેકનોલોજી લાગુ કરવામાં આવી રહી છે, જેનું નામ MLFF એટલે કે 'મલ્ટી-લેન ફ્રી ફ્લો' સિસ્ટમ છે. આ નવી વ્યવસ્થા હેઠળ ટોલ નાકા પર કોઈ બેરિયર નહીં હોય અને વાહનો 80 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પસાર થશે તો પણ વાહનના 'ડિજિટલ ફિંગરપ્રિન્ટ'ની મદદથી ટોલ ટેક્સ આપોઆપ કપાઈ જશે. રોકાવાની કે સ્પીડ ઘટાડવાની જરૂર નહીં: હાલની FASTag સિસ્ટમમાં ભલે પૈસા ડિજિટલ રીતે કપાતા હોય, પરંતુ તેમ છતાં વાહનને બેરિયર પાસે થોભવું પડે છે, જ્યાં કેમેરા ટેગ રીડ કરે છે અને ત્યારબાદ બેરિયર ખુલે છે. પરંતુ MLFF સિસ્ટમમાં ટોલ નાકા પર કોઈ બેરિયર જ નહીં હોય. 80 km/hની રફ્તારે ટોલ કપાશે: વાહનચાલકને બ્રેક મારવાની કે ગાડી ધીમી પાડવાની પણ જરૂર નહીં પડે. જો તમારી ગાડી 80ની સ્પીડે પણ ટોલ નાકા પરથી પસાર થશે, તો ઉપર લાગેલા સેન્સર અને કેમેરા વાહનનું 'ફિંગરપ્રિન્ટ' સ્કેન કરીને તરત જ ટોલ કાપી લેશે.માણસની આંગળીઓની છાપની જેમ દરેક વાહનની પણ પોતાની એક ખાસ ડિજિટલ ઓળખ હોય છે, જેને ટેકનિકલ ભાષામાં વાહનનું ફિંગરપ્રિન્ટ કહેવામાં આવે છે:

બેરિયરને બદલે 'ગેન્ટ્રી': આ સિસ્ટમ હેઠળ દરેક લેનની ઉપર એક ઊંચો ગેટ જેવો ઢાંચો બનાવવામાં આવે છે, જેને 'ગેન્ટ્રી' કહેવાય છે. આ ગેન્ટ્રી પર RFID રીડર, હાઈ-રેઝિનેશન કેમેરા અને અત્યાધુનિક સેન્સર્સ લાગેલા હોય છે. X-રે અને MRI જેવા 'લિડાર સેન્સર્સ': ગેન્ટ્રી પર ખાસ LiDAR સેન્સર્સ લગાવવામાં આવે છે, જે પસાર થતા વાહન પર લેઝર કિરણો છોડે છે. જ્યારે આ કિરણો વાહન સાથે અથડાઈને પાછા ફરે છે, ત્યારે સિસ્ટમ વાહનની ચોક્કસ લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈ માપી લે છે. 16 પૈડાંવાળી ટ્રકના એક્સલથી લઈને રંગ સુધીની નોંધ: આ સેન્સર્સ અને કેમેરા 16 પૈડાંવાળી ભારે ટ્રકના પૈડાં, તેના એક્સલની સંખ્યા, વાહનનો રંગ અને તેની બોડીના સમગ્ર આકારનો ડેટા સેકન્ડોમાં રેકોર્ડ કરી લે છે.પહેલું સ્તર: RFID રીડર વાહન પર લાગેલા FASTagને સ્કેન કરીને વાહનનો નંબર તપાસશે.બીજું સ્તર: હાઈ-રેઝિનેશન કેમેરા વાહનની નંબર પ્લેટનો ફોટો પાડીને ખાતરી કરશે કે નંબર પ્લેટ અને FASTagનો નંબર એક જ છે કે નહીં.ત્રીજું સ્તર: LiDAR સેન્સર વાહનના ડિજિટલ ફિંગરપ્રિન્ટ પરથી નક્કી કરશે કે તે નાની કાર છે, બસ છે કે મોટી ટ્રક. જો કોઈ મોટી ટ્રક પર નાની કારનો FASTag લગાવીને ટોલ બચાવવાનો પ્રયાસ કરાયો હશે, તો સિસ્ટમ તરત જ આ છેતરપિંડી પકડી પાડશે.જો વાહનના FASTagમાં પૂરતું બેલેન્સ હશે, તો ટોલ અને પર્યાવરણ શુલ્ક આપોઆપ કપાઈ જશે. પરંતુ જો બેલેન્સ ઓછું હશે અથવા ટેગ સ્કેન નહીં થઈ શકે, તો પણ વાહનને રોકવામાં નહીં આવે. તેને બદલે વાહન માલિકના મોબાઈલ પર એક ડિજિટલ નોટિસ મોકલવામાં આવશે અને ટોલ ભરવા માટે 24 કલાકનો સમય આપવામાં આવશે. નિર્ધારિત સમયમાં ચૂકવણી ન કરવા પર અલગથી દંડ ફટકારવામાં આવશે. દિલ્હીમાં પ્રવેશતા કોમર્શિયલ વાહનો પાસેથી મ્યુનિસિપલ ટોલ અને પ્રદૂષણ શુલ્ક વસૂલતી વખતે બોર્ડર પર ભારે ટ્રાફિક જામ થતો હતો અને વાહનો ચાલુ રહેવાથી ઊલટાનું વધુ પ્રદૂષણ ફેલાતું હતું.

'અમારી મોતનું કારણ મોબાઈલમાં છે...', જયપુરમાં માતા-પુત્ર અને દીકરીએ સામૂહિક આત્મહત્યા કરતા સનસનાટી

(એજન્સી) જયપુર | તા.27

જયપુરના ભટ્ટા બસ્તી વિસ્તારમાં એક જ પરિવારના 3 સભ્યોના મૃત્યુથી હાહાકાર મચી ગયો છે. રામનગર સ્થિત મકાનમાંથી માતા, પુત્ર અને પુત્રીના મૃતદેહ બંધ રૂમમાંથી મળ્યા છે. પોલીસે ઘટનાસ્થળેથી "મરવાનું કારણ મોબાઈલમાં છે" તેવી સ્યુસાઈડ નોટ પણ મેળવી છે. ભટ્ટા બસ્તી પોલીસ હાલ મોબાઈલ ફોન સહિતના પુરાવાઓ એકત્ર કરીને ઊંડાણપૂર્વક તપાસ ચલાવી રહી છે.રાજસ્થાનની રાજધાની જયપુરના ભટ્ટા બસ્તી પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ આવતા રામનગરમાં એક જ પરિવારના ત્રણ સભ્યોના મૃતદેહ મળી આવતા સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. કાંવટિયા સર્કલ પાસે આવેલા રામનગરના એક મકાનના ગ્રાઉન્ડ ફ્લોર પર બંધ રૂમમાંથી માતા સરોજ, તેમના પુત્ર અને પુત્રીના મૃતદેહ મળી આવ્યા હતા. બનાવની જાણ થતાં જ આસપાસના લોકો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે એકઠા થઈ ગયા હતા અને ભટ્ટા બસ્તી પોલીસની ટીમ પણ તરત જ ત્યાં પહોંચી હતી. આ ઘટના કાંવટિયા હોસ્પિટલથી વિદ્યાધર નગર રોડ તરફ એચડીએફસી બેન્કની નજીક આવેલા મકાનમાં બની છે. પોલીસ પહોંચી ત્યારે મકાનનો દરવાજો અંદરથી બંધ હોવાનું જાણવા મળ્યું હતું. પ્રાથમિક માહિતી મુજબ પરિવારે સામૂહિક આત્મહત્યા કરી હોવાની આશંકા સેવાઈ રહી છે, જોકે પોલીસે હજુ સુધી મોતના ચોક્કસ કારણ અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ કરી નથી.ઘટનાસ્થળેથી પોલીસને એક સ્યુસાઈડ નોટ મળી આવી છે, જેમાં 'મરવાનું કારણ મોબાઈલમાં છે' એવું લખેલું હોવાનું સામે આવ્યું છે. સ્યુસાઈડ નોટમાં મોબાઈલનો ઉલ્લેખ થતા આ મામલામાં નવો વળાંક આવ્યો છે. પોલીસ હવે મોબાઈલ ફોનમાં કઈ વિગતો કે માહિતી છુપાયેલી છે તે દિશામાં તપાસ કરી રહી છે. મોબાઈલનો ડેટા, પરિવારની સ્થિતિ અને અન્ય કડીઓ તપાસ્યા બાદ જ સમગ્ર ઘટનાનું સાચું કારણ બહાર આવી શકશે. હાલ પોલીસે નોટની સંપૂર્ણ વિગતો અંગે સત્તાવાર ખુલાસો કર્યો નથી.ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને FSL (ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી)ની ટીમને પણ ઘટનાસ્થળે બોલાવવામાં આવી હતી. ટીમે રૂમની સ્થિતિ, આસપાસની પરિસ્થિતિ અને ઘરમાં પડેલી ચીજવસ્તુઓની ઝીણવટભરી તપાસ કરીને જરૂરી પુરાવા એકત્ર કર્યા છે.

જમ્મુ-કાશ્મીરમાં કોંગ્રેસના દિગ્ગજ નેતા અને અનંતનાગના ધારાસભ્ય પીરજાદા મોહમ્મદ સઈદનું નિધન

(એજન્સી) જમ્મુ-કાશ્મીર | તા.27

જમ્મુ-કાશ્મીરના અનંતનાગના કોંગ્રેસના વર્તમાન ધારાસભ્ય પીરઝાદા મોહમ્મદ સઈદનું 73 વર્ષની વયે નિધન થયું છે. ગુરુવારે મોડી રાત્રે બીમારીના કારણે તેમણે અંતિમ શ્વાસ લીધા. તેઓ 2024માં અનંતનાગથી ચૂંટાયા હતા અને અગાઉ કોકેરનાગનું પ્રતિનિધિત્વ કરી ચૂક્યા છે. LLBની ડિગ્રી મેળવી રાજનીતિમાં આવેલા સઈદ વિવિધ સરકારોમાં મંત્રી પણ રહી ચૂક્યા છે. તેમના નિધનથી જમ્મુ-કાશ્મીરના રાજકારણમાં શોકની લહેર ફરી વળી છે. જમ્મુ કાશ્મીરમાં દિગ્ગજ કોંગ્રેસ નેતાના નિધનની રાજકીય ભૂકંપ આવ્યો છે. ગુરુવારે મોડી રાત્રે કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને



અનંતનાગના વર્તમાન ધારાસભ્ય પીરજાદા મોહમ્મદ સઈદનું નિધન થયું છે. તેઓ 73 વર્ષના હતા અને ઘણા સમયથી બીમાર હતા. પીરજાદા મોહમ્મદ સઈદે 2024ની જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીમાં અનંતનાગ બેઠક પરથી જીત મેળવી હતી. આ પહેલાં તેમણે કોકેરનાગ વિધાનસભા વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેમણે કોકેરનાગથી 1978, 2002 અને 2008માં ચૂંટણી જીતી હતી. પોતાના લાંબા રાજકીય જીવનમાં પીરજાદા સઈદ અલગ-અલગ સરકારોમાં મંત્રી પણ રહી ચૂક્યા હતા.પીરજાદા સઈદે 1980માં કાશ્મીર વિશ્વવિદ્યાલયમાંથી LLBની ડિગ્રી મેળવી હતી અને ત્યારબાદ તેમણે રાજનીતિમાં પ્રવેશ કર્યો હતો. તેમના નિધનથી જમ્મુ-કાશ્મીરની રાજનીતિમાં શોકની લહેર ફરી વળી છે. વિવિધ પક્ષોના નેતાઓ અને સમાજના વિવિધ વર્ગોના લોકોએ શોક વ્યક્ત કર્યો છે.જમ્મુ-કાશ્મીર પ્રદેશ કોંગ્રેસ કમિટીના પૂર્વ અધ્યક્ષ અને ડૂરુ-શાહાબાદના ધારાસભ્ય ગુલામ અહમદ મીરે અનંતનાગના MLA, પૂર્વ મંત્રી અને પૂર્વ PCC અધ્યક્ષ પીરજાદા મોહમ્મદ સઈદના નિધન પર શોક વ્યક્ત કર્યો છે.મીરે કહ્યું, પીરજાદા મોહમ્મદ સઈદ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના સમર્પિત નેતા હતા. લોકો અને કોંગ્રેસ પાર્ટી દ્વારા તેમની લાંબી અને નિષ્ઠાપૂર્ણ સેવાને હંમેશા સન્માન અને કૃતજ્ઞતા સાથે યાદ કરવામાં આવશે.

'વોટ ચોર' સૂત્ર આપનાર ઇટાલિયન નેતાને રાહત, SCએ કહ્યું- જો કાયદાનું ઉલ્લંઘન થયું હોય તો...

(એજન્સી) હૈદરાબાદ | તા.27

સુપ્રીમ કોર્ટે હૈદરાબાદમાં આયોજિત 'ભારત સમિટ' દરમિયાન કોંગ્રેસ પક્ષના સમર્થનમાં સૂત્રોચ્ચાર કરનાર એક વિદેશી નેતા વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી અરજીને ફગાવી દીધી છેસુપ્રીમ કોર્ટે હૈદરાબાદમાં આયોજિત 'ભારત સમિટ' (Bharat Summit) દરમિયાન કોંગ્રેસ પક્ષના સમર્થનમાં સૂત્રોચ્ચાર કરનાર એક વિદેશી નેતા વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી અરજીને ફગાવી દીધી છે. કોર્ટે જણાવ્યું હતું કે જો કોઈ કાયદાનું ઉલ્લંઘન થયું હોય, તો અરજદારે કાં તો ઔપચારિક કેસ દાખલ કરવો જોઈએ અથવા સરકાર સમક્ષ આ બાબત ઉઠાવવી જોઈએ. કોર્ટે જણાવ્યું કે આ એવો વિષય નથી કે જેના પર 'જનહિત અરજી' (PIL) સ્વરૂપે સુપ્રીમ કોર્ટે સીધી સુનાવણી કરવી પડે.અરજીમાં આ ઘટનાને ભારતના આંતરિક રાજકારણમાં વિદેશી હસ્તક્ષેપ અને વિઝા શરતોનું ઉલ્લંઘન ગણાવવામાં આવી હતી. 'ભારત સમિટ' દરમિયાન, ઇટાલિયન રાજકારણી જિયાકોમો ફિલિબેકે (Giacomo Filibeck) કોંગ્રેસ પક્ષ અને રાહુલ ગાંધી પ્રત્યે સમર્થન વ્યક્ત કરતા "વોટ ચોર, ગદ્દી છોડ" (Vote thief, step down from power) એવું સૂત્ર લગાવ્યું હતું.17 નવેમ્બરના રોજ, અરજદારે બંધારણની કલમ 32 હેઠળ અરજી દાખલ કરી દલીલ કરી હતી કે વિદેશી પ્રતિનિધિઓની રાજકીય પ્રવૃત્તિઓ એ ભારતના આંતરિક મામલામાં હસ્તક્ષેપ સમાન છે.અરજદારનો આરોપ છે કે 13 અને 14 નવેમ્બરે હૈદરાબાદમાં યોજાયેલી 'ભારત સમિટ' દરમિયાન, ઇટાલિયન રાજકારણી અને 'પાર્ટી ઓફ યુરોપિયન સોશિયાલિસ્ટ્સ' (Party of European Socialists) ના મહાસચિવ જિયાકોમો ફિલિબેકે "વોટ ચોર, ગદ્દી છોડ" ના સૂત્રોચ્ચાર કર્યા હતા. અરજદારની દલીલ છે કે આ ભારતના આંતરિક રાજકારણમાં વિદેશી હસ્તક્ષેપ છે અને તે આ વિદેશી નાગરિકોને આપવામાં આવેલા વિઝાની શરતોનું ઉલ્લંઘન કરે છે. 'ઇમિગ્રેશન એન્ડ ફોરેનર્સ એક્ટ' (Immigration and Foreigners Act) મુજબ, વિદેશી પ્રતિનિધિઓને ભારતમાં રહીને સ્થાનિક રાજકીય પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની પરવાનગી નથી. અરજદારે સુપ્રીમ કોર્ટને વિનંતી કરી હતી કે તે તેલંગાણા સરકારને આ કાર્યક્રમનું આયોજન કરવા બદલ જાહેર માફી માંગવાનો નિર્દેશ આપે.

ભાજપને મોટો ઝટકો :

2022 ની ચૂંટણીના ફોર્મમાં ગરબડ કરીને જીતનારા ધારાસભ્ય ઓમ કુમારને હાઈકોર્ટે ગેરલાયક ઠેરવ્યા

(એજન્સી) નવી દિલ્હી | તા.27

ઉત્તરપ્રદેશમાં આગામી 2027 ની વિધાનસભા ચૂંટણીની તૈયારીઓ વચ્ચે 2022 ની ચૂંટણીને લઈને મોટો ઘટસ્ફોટ અને ચુકાદો આવ્યો છે. અલ્લાહાબાદ હાઈકોર્ટે બિજનૌરની નહતૌર બેઠક પરથી 2022 માં ચૂંટાયેલા ભાજપના ધારાસભ્ય ઓમ કુમારનું નિર્વાચન રદ કરી દીધું છે. આ ચુકાદાએ સમગ્ર કાર્યકાળ દરમિયાન સત્તા અને ધારાસભ્યપદ ભોગવ્યા બાદ ન્યાયતંત્રની પ્રક્રિયા અને ચૂંટણી તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે. રિટર્નિંગ ઓફિસરની કામગીરી અને ઉમેદવારી પત્રની ચકાસણી પર સૌથી મોટો સવાલ ઊભો થયો છે. આરોપ મુજબ, Form-26 ના સોગંદનામામાં પાછલા પાંચ નાણાકીય વર્ષ (2017-18 થી 2021-22) ની આવકની વિગતો ફરજિયાત હતી. આમ છતાં ઓમ કુમારે માત્ર 2021-22 ની આવક (1,45,81,059 રૂપિયા) દર્શાવીને 2017-18 થી 2020-21 સુધીના ચાર વર્ષના કોલમ ખાલી છોડી દીધા હતા. આટલી મોટી ક્ષતિ હોવા છતાં ચૂંટણી અધિકારીએ ઉમેદવારી પત્ર કેવી રીતે સ્વીકાર્યું, તે અંગે તંત્રની ભૂમિકા શંકાના દાયરામાં આવી છે.2022 માં 14 ફેબ્રુઆરીએ મતદાન અને 10 માર્ચે પરિણામ જાહેર થયા બાદ ઓમ કુમાર માત્ર 258 મતના સામાન્ય અંતરથી (77,935 મત વિરુદ્ધ 77,677 મત) વિજેતા બન્યા હતા. હવે જ્યારે 2027 ની નવી ચૂંટણી નજીક છે અને ધારાસભ્ય તરીકેનો કાર્યકાળ પૂર્ણ થવા આવ્યો છે, ત્યારે હાઈકોર્ટનો આ નિર્ણય આવ્યો છે. વિપક્ષ અને રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા છે કે જો શરૂઆતમાં જ કડક કાર્યવાહી થઈ હોત તો પરિસ્થિતિ જુદી હોત, પરંતુ લાંબા સમય સુધી પદ અને સત્તાનો લાભ લેવાયો.

મક્કા પેક્ટની ચર્ચા વચ્ચે ભારતે UAE સાથે કરી ડિફેન્સ ડીલ, નેક્સ્ટ જેન હથિયારો સાથે 3 મોટી જાહેરાત

(એજન્સી) નવી દિલ્હી | તા.27

પશ્ચિમ એશિયાની રાજનીતિમાં હાલ ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. એક તરફ પ્રાદેશિક સુરક્ષા ગઠબંધનો અને 'મક્કા પેક્ટ' જેવી ચર્ચાઓ તેજ બની છે, તો બીજી તરફ ભારત અને સંયુક્ત આરબ એમિરેટ્સ (UAE)એ પોતાના સંરક્ષણ સંબંધોને નવી ઊંચાઈએ પહોંચાડ્યા છે. ગુરુવાર, 26 નવેમ્બરના રોજ અબુ ધાબી ખાતે યોજાયેલી ભારત-UAEની 14મી જૉઈન્ટ ડિફેન્સ કો-ઑપરેશન કમિટી (JDCC)ની બેઠકમાં બંને દેશો માત્ર હથિયારોની ખરીદ-વેચાણ પૂરતા સીમિત ન રહેતા હવે સાથે મળીને આધુનિક હથિયારો અને ડિફેન્સ સિસ્ટમ બનાવવા પર સહમત થયા છે.અબુ ધાબીમાં યોજાયેલી આ મહત્ત્વપૂર્ણ બેઠકની અધ્યક્ષતા ભારતના સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહ અને UAEના સંરક્ષણ મંત્રાલયના અંડર



સેક્રેટરી લેફ્ટનન્ટ જનરલ ઇબ્રાહિમ નાસિર એમ. અલ અલાવીએ કરી હતી. ભારતીય સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, બેઠકમાં વર્તમાન 'નો વૉર, નો પીસ' એટલે કે ન તો સંપૂર્ણ યુદ્ધ અને ન તો સંપૂર્ણ શાંતિ જેવા જટિલ વૈશ્વિક માહોલ પર ઊંડાણપૂર્વક ચર્ચા થઈ હતી.જુલાઈ 2025માં નવી દિલ્હીમાં યોજાયેલી 13મી JDCC બેઠક અને મે 2026માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની UAE મુલાકાત દરમિયાન થયેલા 'ઇન્ડિયા-UAE સ્ટ્રેટેજિક ડિફેન્સ પાર્ટનરશિપ ફ્રેમવર્ક'ને જમીની સ્તરે ઝડપથી અમલમાં મૂકવા પર ભાર મુકાયો હતો. ખાડી દેશો હવે કોઈ એક જૂના જૂથ પર નિર્ભર રહેવાને બદલે ભારતની ટેક્નોલોજી અને વિશ્વસનીય ઉત્પાદન ક્ષમતા સાથે ભાગીદારી કરીને આત્મનિર્ભર બનવા તરફ આગળ વધી રહ્યા છે.આ બેઠકમાંથી ભારત અને UAEના સંરક્ષણ સહયોગને મજબૂત કરતા ત્રણ મુખ્ય પાસાઓ સામે આવ્યા છે. પ્રથમ, બંને દેશો ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને નેક્સ્ટ-જનરેશનના આધુનિક હથિયારો અને સંરક્ષણ ઉપકરણોનું સહ-વિકાસ (કો-ડેવલપમેન્ટ) અને સહ-ઉત્પાદન (કો-પ્રોડક્શન) કરવાની પ્રક્રિયા ઝડપી બનાવશે.

બીજું, આધુનિક યુદ્ધમાં ટેક્નોલોજી અને ડેટાનું મહત્ત્વ જોતા બંને દેશો ઇનોવેશન, એડવાન્સ ટેક્નોલોજી, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI), સાયબર સુરક્ષા, સૈન્ય તાલીમ અને દરિયાઈ સુરક્ષામાં સહયોગ વધારશે.

ત્રીજું, આ યોજનાઓ માત્ર કાગળ પર ન રહી જાય તે માટે બંને સહ-અધ્યક્ષો આગામી JDCC બેઠક પહેલા નિયમિત સમયાંતરે ચાલી રહેલા પ્રોજેક્ટ્સની સમીક્ષા અને દેખરેખ રાખશે.

સરકારી સ્તરની સમજૂતીને વાસ્તવિક રૂપ આપવા માટે સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહ સાથે ભારતીય સંરક્ષણ ઉદ્યોગનું એક પ્રતિનિધિમંડળ પણ અબુ ધાબી પહોંચ્યું હતું. બંને દેશોની કંપનીઓ વચ્ચે બિઝનેસ-ટુ-બિઝનેસ બેઠકો યોજાઈ હતી, જેમાં સંયુક્ત સાહસોની તકો તપાસવામાં આવી હતી. ભારતીય પ્રતિનિધિમંડળે UAEના તવાઝુન ઇન્ડસ્ટ્રિયલ પાર્કની મુલાકાત લઈને તવાઝુન ઇકોનોમિક કાઉન્સિલના અધિકારીઓ સાથે સંયુક્ત ઉત્પાદન અંગે ચર્ચા કરી હતી.

જયપુરમાં એક જ પરિવારના 3 સભ્યોની સામૂહિક આત્મહત્યા, નોટમાં મોબાઇલનો ઉલ્લેખ થતાં રહસ્ય ઘેરાયું

(એજન્સી) જયપુર | તા.27

જયપુરના રામનગરમાં એક જ પરિવારના માતા અને તેમના બે સંતાનોના મૃતદેહ મળી આવ્યા છે. ઘટનાસ્થળેથી મોબાઈલનો ઉલ્લેખ ધરાવતી નોટ મળતાં પોલીસે તપાસ તેજ કરી છે. FSLની ટીમે પણ પુરાવા એકત્ર કર્યા છે. રાજસ્થાનની રાજધાની જયપુરના રામનગર વિસ્તારમાં એક જ પરિવારના ત્રણ સભ્યોનાં મોતનો બનાવ સામે આવતાં ચકચાર મચી ગઈ છે. કાંવટિયા સર્કલ પાસે આવેલા એક મકાનમાંથી માતા સરોજ, તેમના પુત્ર અને પુત્રીના મૃતદેહ મળી આવ્યા હતા. ઘટનાની જાણ થતાં ભટ્ટા બસ્તી પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને તપાસ શરૂ કરી હતી. આ ઘટના ભટ્ટા બસ્તી પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ આવતા રામનગરની છે. કાંવટિયા હોસ્પિટલથી વિદ્યાધર નગર રોડ તરફ HDFC બેંક નજીક આવેલા મકાનના ગ્રાઉન્ડ ફ્લોર પર આ બનાવ બન્યો હતો. પોલીસ ઘટનાસ્થળે પહોંચી ત્યારે રૂમનો દરવાજો અંદરથી બંધ હતો. પ્રાથમિક તપાસમાં સામૂહિક આપઘાતની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. જોકે, મોતનું ચોક્કસ કારણ હજુ સુધી સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું નથી. ઘટનાસ્થળેથી પોલીસને એક નોટ મળી આવી છે, જેમાં મોબાઈલ ફોનનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે. આ બાબતને ધ્યાનમાં રાખીને પોલીસ હવે મોબાઈલ ફોનમાં રહેલી વિગતોની તપાસ કરી રહી છે. પરિવારની પરિસ્થિતિ અને અન્ય સંબંધિત પાસાઓની પણ તપાસ કરવામાં આવી રહી છે. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL)ની ટીમને પણ સ્થળ પર બોલાવવામાં આવી હતી. ટીમે રૂમ અને આસપાસની પરિસ્થિતિની તપાસ કરીને જરૂરી પુરાવા એકત્ર કર્યા હતા. હાલ ભટ્ટા બસ્તી પોલીસ સમગ્ર મામલે તપાસ કરી રહી છે. મોબાઈલ ફોનની વિગતો અને ફોરેન્સિક તપાસના આધારે જ આ દુ:ખદ ઘટનાનું ચોક્કસ કારણ સ્પષ્ટ થઈ શકશે.

અખિલેશનું Gold Promise

દરરોજ વહેંચવું પડશે 74 કિલો સોનું! દર વર્ષે ખર્ચાશે ₹.30,803 કરોડ

(એજન્સી) નવી દિલ્હી | તા.27

સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે ગુરુવારે ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણી માટે પાર્ટીનો ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો હતો. તેમના આ મેનિફેસ્ટોમાં એક મોટી જાહેરાત કરવામાં આવી છે. તેમણે વચન આપ્યું છે કે ઉત્તર પ્રદેશમાં દરેક દીકરીના જન્મ સમયે તેને 10 ગ્રામ સોનું આપવામાં આવશે.હાલમાં સોનાના ભાવને ધ્યાનમાં રાખીને આ યોજનાનો અંદાજિત ખર્ચ ગણવામાં આવે તો જો ઉત્તર પ્રદેશમાં સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસની સરકાર બને છે, તો દરરોજ નવજાત દીકરીઓને આશરે 74,000 ગ્રામ સોનું આપવું પડશે. એટલે કે દરરોજ લગભગ રૂ.84 કરોડ 39 લાખનું સોનું વહેંચવામાં આવશે. કેન્દ્ર સરકારના રજિસ્ટ્રાર જનરલ અને જનગણના કમિશનરની કચેરીના વર્ષ 2023ના સેમ્પલ રજિસ્ટ્રેશન સિસ્ટમ (SRS)ના આંકડા અનુસાર, ઉત્તર પ્રદેશમાં વસ્તીવિષયક દરના આધાર

સિટી
એક્સપ્રેસ
SATURDAY 28 NOVEMBER-2026
AHMEDABAD

રાણીયામાં રેતી ખનન મુદ્દે ગ્રામજનોનો વિરોધ

ખેડા | ખેડાના રાણીયામાં ગૌચર જમીન બચાવવા અને રેતી ખનન રોકવા ગ્રામજનોએ ટ્રક અટકાવી વિરોધ કર્યો; ઓવરલોડ ટ્રકે રસ્તા પર રેતી ખાલી કરતા ખાણ-ખનિજ વિભાગે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી. ખેડા જિલ્લાના રાણીયા ગામમાં ગેરકાયદે રેતી ખનન અને ઓવરલોડ વાહનોના ત્રાસ સામે ગ્રામજનોનો રોષ ફાટી નીકળ્યો છે. ગામમાંથી પસાર થતી રેતી ભરેલી 1 ઓવરલોડ ટ્રકને ગ્રામજનોએ અટકાવીને ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. જોકે, વિરોધને પગલે પકડાઈ જવાની બીકે ઓવરલોડ ટ્રક ચાલકે ભરરસ્તા પર જ રેતી ખાલી કરી દીધી હતી, જેના કારણે થોડા સમય માટે વાહનવ્યવહાર પણ પ્રભાવિત થયો હતો.

પ્રદૂષણ ઘટાડવા AMCનો એક્શન પ્લાન

અમદાવાદ | અમદાવાદ શહેરમાં વધતા પ્રદૂષણને ડામવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આગામી 4 વર્ષ માટે વિશેષ એક્શન પ્લાન ઘડી કાઢવામાં આવ્યો છે.આ આયોજન હેઠળ ઔદ્યોગિક એકમોના ધુમાડા અને બાંધકામથી ઊડતી ધૂળ પર મુખ્ય ફોકસ રાખવામાં આવશે. શહેરમાં પ્રદૂષણની ગંભીર સમસ્યા ઘટાડવા તંત્ર દ્વારા તમામ સ્તરે પ્રયાસો તેજ કરાયા છે. શિયાળાની શરૂઆતમાં શહેરના અનેક વિસ્તારમાં પ્રદૂષણનો આંકડો ઊંચો જઈ રહ્યો છે. લાખો રૂપિયાનો ખર્ચ કર્યા પછી પણ શહેરમાં પ્રદૂષણનું પ્રમાણ ઠેરનું ઠેર હોવાનું સામે આવ્યું છે.

હાલોલ પાસેથી AK-47 સાથે જૈશ-એ-મોહમ્મદનો આતંકી ઝડપાયો : વડોદરા એરફોર્સ સ્ટેશન ટાર્ગેટ પર હતું, વીડિયો જોઈ હથિયાર ચલાવવાની તાલીમ લીધી

(એજન્સી) ગાંધીનગર | તા. 27

ગુજરાતમાં આતંકી હુમલાના ઈરાદા સાથે આવેલા જૈશ-એ-મોહમ્દ સાથે સંકળાયેલા આતંકીને ATS (એન્ટી ટેરરિસ્ટ સ્કવોડ)એ પંચમહાલના હાલોલ નજીકથી દબોચી લીધો. આતંકીના કબજામાંથી એક AK-47 રાયફલ અને 23 જીવતા કારતૂસ મળી આવ્યા.

આતંકી મોહમ્મદ શાહરૂલ ઈસ્લામ કબીરુદ્દીન મૂળ આસામનો રહેવાસી છે અને વડોદરા એરફોર્સ સ્ટેશન પર હુમલાના ઈરાદા સાથે આવ્યો હતો. આતંકીના મોબાઈલમાંથી તેના પુરાવા પણ મળી આવ્યા છે. તે છેલ્લા એક વર્ષથી પાકિસ્તાન સ્થિત જૈસ-એ-મોહમ્મદના હેન્ડલરના સંપર્કમાં હતો.

ગુજરાત એટીએસના ડીવાયએસપી હર્ષ ઉપાધ્યાયને આતંકી અંગે બાતમી મળી હતી. જેના આધારે ATSની અલગ અલગ ટીમો કામે લાગી હતી. આતંકી વડોદરાના સયાજીગંજ રેલવે સ્ટેશન નજીક આવેલી હોટલ મિલનમાં રોકાયો હોવાની ચોક્કસ બાતમી મળતા એટીએસની ટીમ પહોંચી હતી. જો કે, તે પહેલા જ તે ચેક આઉટ કર્યા વગર જ હોટલથી ફરાર થઈ ગયો હતો. ATSને હોટલ પરથી મોહમ્મદ શાહરૂલ ઈસ્લામ કબીરુદ્દીનની કેટલીક વિગતો જાણવા મળઈ. જે બાદ તેને ટ્રેસ કરતા તે દાહોદથી પરત વડોદરા તરફ આવતો હોવાની વિગત મળી. એટીએસની ટીમે હાલોલ-વડોદરા રોડ પર ગોલ્ડન ચોકડી પાસે નાકાબંધી કરી દબોચી લીધો.


આતંક મોહમ્મદ શાહરુલ આસામનો રહેવાસી છે અને મદ્રેસામાં અભ્યાસ કર્યો હોવાની વિગત મળી છે. આતંકી હુમલાની વિચારધારા ધરાવતા મોહમ્મદ શાહરૂલ આસામથી ટ્રેનમમાં બેસી ભોપાલ પહોંચ્યો હતો અને ભોપાલથી બસમાં વડોદરા આવ્યો હતો. હેન્ડલર તરફથી અપાયેલી સૂચના મુજબ વડોદરા એરફોર્સ સ્ટેશનના ગેટની રેકી કરી હતી. ત્યારબાદ બીજા દિવસે દાહોદ પહોંચી હથિયાર મેળવ્યું હતું.

ATSએ આતંકીના મોબાઈલની તપાસ કરતા વોટ્સએપમાંથી અને ગેલેરીમાંથી ચોંકાવનારી માહિતી મળી. વડોદરા એરફોર્સ સ્ટેશન ગેટના ફોટો અને વીડિયો મળી આવ્યા. આ ઉપરાંત AK-47 જેવી બનાવટવાળી ઓટોમેટિક એસોલ્ટ રાયફલ ચલાવવાની તાલીમ અંગેના વીડિયો પણ મળી આવ્યો. આતંકી પાકિસ્તાન સ્થિત હેન્ડલર મુફ્તી રફીક ઉર્ફે 'ઈબ્ન અબ્દુલ્લા'ના સંપર્કમાં હોવાના પુરાવા પણ મળી આવ્યા છે. હેન્ડલર દ્વારા આતંકીને નવો ફોન ખરીદવા માટે રૂપિયા 50,000ની રોકડ આપવામાં આવી હતી. ઘટનાને અંજામ આપી પાકિસ્તાન હિજરત કરી જૈશ-એ-મોહમ્મદ (JeM) ની તંજીમમાં આતંકી તરીકે જોડાઈ શહાદત આપવાનો આરોપી ઈરાદો ધરાવતો હતો.

ગુજરાત ATSની પ્રાથમિક તપાસમાં મોહમ્મદ શેહરુલ ઈસ્લામમ આસામના કરીમ જિલ્લાનો વતની છે. તે આસામથી ભોપાલ અને ભોપાલથી બસમાં વડોદરા આવ્યો હતો.

આતંકી ઝડપાયા બાદ ગુજરાત એટીએસની ટીમો અલગ અલગ સ્થળો પર તપાસ કરી રહી છે. જે સ્થળેથી આતંકી ઝડપાયો,

જે હોટલમાં રોકાયો હતો ત્યાં અને આસામના કરીમગંજ જિલ્લામાં આતંકીના ઘર પર પણ તપાસ હાથ ધરવામાં આવી છે. તપાસ દરમિયાન વધુ વિગતો સામે આવી શકે છે.



આસામથી વાયા ભોપાલ થઈ વડોદરા આવ્યો હતો



આતંક મોહમ્મદ શાહરુલ આસામનો રહેવાસી છે અને મદ્રેસામાં અભ્યાસ કર્યો હોવાની વિગત મળી છે. આતંકી હુમલાની વિચારધારા ધરાવતા મોહમ્મદ શાહરૂલ આસામથી ટ્રેનમમાં બેસી ભોપાલ પહોંચ્યો હતો અને ભોપાલથી બસમાં વડોદરા આવ્યો હતો. હેન્ડલર તરફથી અપાયેલી સૂચના મુજબ વડોદરા એરફોર્સ સ્ટેશનના ગેટની રેકી કરી હતી. ત્યારબાદ બીજા દિવસે દાહોદ પહોંચી હથિયાર મેળવ્યું હતું.

અમદાવાદ પોલીસના 31 PIની આંતરિક બદલી
જે.કે. રાઠોડનું ફરીથી કૃષ્ણનગરમાં પોસ્ટિંગ

(એજન્સી) અમદાવાદ | તા. 27

અમદાવાદ શહેર પોલીલના 31 PIની પોલીસ કમિશનર દ્વારા આંતરિક બદલી કરવામાં આવી છે. લીવ રિઝર્વ, SOG, ટ્રાફિક અને કંટ્રોલ રૂમમાં ફરજ બજાવનારાની બદલી કરવામાં આવી છે. જેમાં પહેલાં 8 અને બાદમાં 23 પીઆઈનું ટ્રાન્સફર કરાયું છે. શહેરમાં EOW, સાયબર ક્રાઇમ અને SOG સહિતમાં ફરજ બજાવતા 8 પીઆઈની આંતરિક બદલી કરી છે. ખોખરા પોલીસ સ્ટેશનના પીઆઈ બી.પી સાવલિયાની સાઇબર ક્રાઇમ બ્રાન્ચમાં બદલી કરવામાં આવી છે. જેની જગ્યાએ નરોડા પોલીસ સ્ટેશનના સેકન્ડ પીઆઈ એસ.એ કોટડીયાને ખોખરા પોલીસ સ્ટેશનના પીઆઈ તરીકે મૂકાયા છે. ભૂતકાળમાં કૃષ્ણનગર પોલીસ સ્ટેશનના પીઆઈ તરીકે ફરજ બજાવી ચૂકેલા જે કે રાઠોડને એસસી એસટી સેલ- 2માંથી ફરીથી કૃષ્ણનગર પોલીસ સ્ટેશનના પીઆઈ તરીકે ચાર્જ સોંપવામાં આવ્યો છે.

કૃષ્ણનગર પોલીસ સ્ટેશનના પીઆઈ વી. જે. જોશીને SOG પીઆઈ તરીકે મૂકવામાં આવ્યા છે. કાલુપુર પોલીસ સ્ટેશનના પીઆઈ એચઆર વાઘેલાને આર્થિક ગુના નિવારણ શાખામાં બદલી કરવામાં આવી છે જ્યારે EOWમાં ફરજ બજાવતા ડી. બી. બસિયાને કાલુપુર પીઆઈ તરીકે મૂકાયા છે. ક્રાઇમ બ્રાન્ચ માં ફરજ બજાવતા કે કે ડીંડોરને આર્થિક ગુના નિવારણ શાખા જ્યારે આર્થિક ગુના નિવારણ શાખામાંથી આરજી સિંધુને ક્રાઇમ બ્રાન્ચ પીઆઈ તરીકે મૂકવામાં આવ્યા છે. 8 પીઆઈની આંતરિક બદલીના ઓર્ડર કરવામાં આવ્યા છે ત્યારે હવે શહેર પોલીસમાં ધીરે ધીરે પીઆઈઓની આંતરિક બદલીઓ થવાની શરૂઆત થઈ ચૂકી છે. ત્રણ વર્ષની જિલ્લા બદલીના પીઆઈની બદલીઓ ડીવાયએસપીના પ્રમોશન બાદ થઈ શકે છે.



પશ્ચિમ રેલવે દ્વારા 7 જોડી ટ્રેનોમાં અસ્થાયી ધોરણે વધારાના કોચ જોડવામાં આવશે

અમદાવાદ | પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા અને વધારાની મુસાફર ભીડને ધ્યાનમાં રાખીને અમદાવાદ મંડળની 7 જોડી ટ્રેનોમાં અસ્થાયી ધોરણે વધારાના કોચ જોડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેની વિગતો નીચે મુજબ છે:ટ્રેન સંખ્યા 20963/20964 સાબરમતી-વારાણસી-સાબરમતી એક્સપ્રેસમાં 1 એસી 3-ટિયર અને 1 સ્લીપર શ્રેણીનો વધારાનો કોચ સાબરમતીથી 03.12.2026 થી 25.03.2027 સુધી તથા વારાણસીથી 05.12.2026 થી 27.03.2027 સુધી (નિર્ધારિત દિવસોમાં) જોડવામાં આવશે.ટ્રેન સંખ્યા 19413/19414 અમદાવાદ-કોલકાતા-અમદાવાદ એક્સપ્રેસમાં 1 એસી 3-ટિયર અને 1 સ્લીપર શ્રેણીનો વધારાનો કોચ અમદાવાદથી 02.12.2026 થી 31.03.2027 સુધી તથા કોલકાતાથી 05.12.2026 થી 03.04.2027 સુધી (નિર્ધારિત દિવસોમાં) જોડવામાં આવશે.ટ્રેન સંખ્યા 19409/19410 સાબરમતી-ગોરખપુર-સાબરમતી એક્સપ્રેસમાં 1 એસી 3-ટિયર અને 1 સ્લીપર શ્રેણીનો વધારાનો કોચ સાબરમતીથી 03.12.2026 થી 27.03.2027 સુધી તથા ગોરખપુરથી 06.12.2026 થી 29.03.2027 સુધી (નિર્ધારિત દિવસોમાં) જોડવામાં આવશે.ટ્રેન સંખ્યા 20939/20940 સાબરમતી-સુલતાનપુર-સાબરમતી એક્સપ્રેસમાં 1 એસી 3-ટિયર અને 1 સ્લીપર શ્રેણીનો વધારાનો કોચ સાબરમતીથી 01.12.2026 થી 30.03.2027 સુધી તથા સુલતાનપુરથી 02.12.2026 થી 31.03.2027 સુધી (નિર્ધારિત દિવસોમાં) જોડવામાં આવશે.ટ્રેન સંખ્યા 12009/12010 મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ શતાબ્દી એક્સપ્રેસમાં 1 એસી ચેર કાર શ્રેણીનો વધારાનો કોચ 01.12.2026 થી 31.03.2027 સુધી જોડવામાં આવશે. ટ્રેન સંખ્યા 12934/12933 અમદાવાદ-બાંદ્રા ટર્મિનસ-વટવા કર્ણાવતી એક્સપ્રેસમાં 1 એસી ચેર કાર શ્રેણીનો વધારાનો કોચ 01.12.2026 થી 31.03.2027 સુધી જોડવામાં આવશે.ટ્રેન સંખ્યા 12957/12958 સાબરમતી-નવી દિલ્હી-સાબરમતી સ્વર્ણ જયંતિ રાજધાની એક્સપ્રેસમાં 1 એસી 3-ટિયર શ્રેણીનો વધારાનો કોચ સાબરમતીથી 01.12.2026 થી 31.12.2026 સુધી તથા નવી દિલ્હીથી 02.12.2026 થી 01.01.2027 સુધી જોડવામાં આવશે.મુસાફરોને વિનંતી છે કે ટ્રેનોના સમય, સ્ટોપેજ તથા સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે ભારતીય રેલવેની સત્તાવાર વેબસાઇટ www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લો.

પશ્ચિમ રેલવે પ્રતાપનગર અને છપરા વચ્ચે એકતરફી સ્પેશિયલ ટ્રેન ચલાવશે

વડોદરા | મુસાફરોની માંગને ધ્યાનમાં રાખીને અને તેમની સુવિધા સુનિશ્ચિત કરવા માટે, પશ્ચિમ રેલવેનું વડોદરા ડિવિઝન પ્રતાપનગર અને છપરા રેલવે સ્ટેશનો વચ્ચે એકતરફી સ્પેશિયલ ટ્રેન ચલાવી રહ્યું છે, જે ખાસ ભાડા (સ્પેશિયલ ફેર) સાથે દોડશે.પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જારી કરાયેલ પ્રેસ રિલીઝ મુજબ, આ ટ્રેનની વિગતો નીચે મુજબ છે:ટ્રેન નંબર 09133 (પ્રતાપનગર-છપરા વન-વે સ્પેશિયલ) રવિવાર, 29 નવેમ્બર, 2026ના રોજ 23:55 કલાકે પ્રતાપનગરથી ઉપડશે અને મંગળવારે 08:00 કલાકે છપરા પહોંચશે.આ ટ્રેન નીચેના સ્ટેશનો પર નિર્ધારિત સ્ટોપેજ લેશે: વડોદરા, ગોધરા, રતલામ, નાગદા, કોટા, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, બયાના, ઈદગાહ આગ્રા, ટુન્ડલા, કાનપુર સેન્ટ્રલ, આઈશબાગ, બારાબંકી, ગોંડા, બસ્તી, ગોરખપુર, દેવરિયા સદર અને સિવાન.આ ટ્રેનમાં સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસના કોચ હશે.ટ્રેન નંબર 09133 માટેનું બુકિંગ 28 નવેમ્બર, 2026થી તમામ PRS (પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ) કાઉન્ટર્સ પર અને IRCTC વેબસાઇટ દ્વારા શરૂ થશે.આ ટ્રેન ખાસ ભાડા માળખા સાથે એક વિશેષ સેવા તરીકે દોડશે.ટ્રેનના સ્ટોપેજ, સમય અને કોચની રચના (કમ્પોઝિશન) અંગેની વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

સાંતેજ પોલીસનો સપાટો : કલોલના ખાત્રજમાં કિરાણા સ્ટોરની આડમાં ગાંજાના વેચાણ નો પર્દાફાશ, 331.61 ગ્રામ ગાંજા સાથે એક શખ્સને દબોચ્યો

(એજન્સી) ગાંધીનગર | તા. 27

કલોલ તાલુકાના ખાત્રજ ગામમાં મહાકાળી માતાના મંદિર સામે સનાવડ તરફ જતા માર્ગ પર આવેલી 'રાજા કિરાણા સ્ટોર' નામની દુકાનમાં ગેરકાયદે રીતે વનસ્પતિજન્ય નશાકારક પદાર્થ ગાંજાનું છૂટક વેચાણ થતું હોવાની ચોક્કસ બાતમીના આધારે સાંતેજ પોલીસે દરોડો પાડી એક શખસને ઝડપી પાડ્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી 21,580ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી.

સાંતેજ પોલીસ સ્ટેશનના PI એસ.આર. ચૌધરીની ટીમને ખાનગી રાહે ચોક્કસ માહિતી મળી હતી કે, સનાવડ જતા રોડ પર રહેતો અને મૂળ રાજસ્થાનના ભીલવાડા જિલ્લાના માંડલગઢ તાલુકાના સુરાસ ગામનો વતની રવિન્દ્રસિંઘ શંભુસિંઘ સોલંકી પોતાની રાજા કિરાણા સ્ટોર દુકાનમાં ગાંજાનું છૂટક વેચાણ કરે છે.



આ બાતમીના આધારે પોલીસ ટીમ દુકાન પર ત્રાટકી રવિન્દ્રસિંઘ સોલંકીને કોર્ડન કરી પકડી પાડ્યો હતો. ત્યારબાદ તલાશી લેતા દુકાનમાં બેસવાના સફેદ લાકડાના ટેબલના વચ્ચેના ખાનામાંથી આછા લીલા રંગની પારદર્શક પ્લાસ્ટિકની કોથળી મળી આવી હતી. આ અંગે પૂછપરછ દરમિયાન આરોપીએ કબૂલાત કરી હતી કે તે આ કોથળીમાંથી નાની પડીકીઓમાં ગાંજો ભરી પ્રત્યેક પડીકી 200 લેખે છૂટક વેચાણ કરતો હતો.

જેના પગલે FSLની ટીમે સ્થળ પર પહોંચી પરિક્ષણ કરાતા ગાંજો હોવાનો અભિપ્રાય આપ્યો હતો. બાદમાં ડિજિટલ વજન કાંટા પર વજન કરાવતા 16 હજાર 580ની કિંમતનો 331.610 ગ્રામનો જથ્થો હોવાનું સામે આવ્યું હતું. જેના પગલે પોલીસે ગાંજો, મોબાઈલ મળીને 21, 580ના મુદ્દામાલ સાથે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

11.5°C લઘુતમ તાપમાન સાથે નલિયામાં સૌથી વધુ ઠંડી



અમદાવાદ | અમદાવાદ સહિત સમગ્ર ગુજરાતમાં આગામી સાત દિવસ દરમિયાન હવામાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી અને વાતાવરણ શુષ્ક રહેશે તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. ઉત્તર-પૂર્વથી પૂર્વ દિશાના પવનો વચ્ચે આગામી દિવસોમાં ઠંડીના પ્રમાણમાં ખાસ ફેરફાર નહીં થાય, જ્યારે સામાન્ય કરતાં 3 ડિગ્રી ઓછા એવા 11.5 ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન સાથે નલિયા રાજ્યનું સૌથી ઠંડું શહેર રહ્યું છે. હાલ અરબી સમુદ્રમાં અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમ અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર જોવા મળી રહી છે, તેમ છતાં રાજ્યમાં આગામી એક અઠવાડિયા સુધી વાતાવરણ સૂકું રહેવાની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, અમદાવાદ શહેરમાં આગામી બે દિવસ લઘુતમ તાપમાન 16થી 17 ડિગ્રી સેલ્સિયસની આસપાસ જળવાઈ રહેશે.

અમદાવાદ અને મદુરાઈ વચ્ચે ચાલશે વન-વે સ્પેશિયલ ટ્રેન

(એજન્સી) અમદાવાદ | તા. 26

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને અમદાવાદ અને મદુરાઈ વચ્ચે વિશેષ ભાડા પર વન-વે સ્પેશિયલ ટ્રેન ચલાવવામાં આવી રહી છે. આ ટ્રેનની વિગતો નીચે મુજબ છે:

ટ્રેન સંખ્યા 09473 અમદાવાદ-મદુરાઈ વન-વે સ્પેશિયલ ટ્રેન ટ્રેન સંખ્યા 09473 અમદાવાદ-મદુરાઈ વન-વે સ્પેશિયલ ટ્રેન 28 નવેમ્બર, 2026 (શનિવાર)ના રોજ અમદાવાદથી રાત્રે 01:00 વાગ્યે ઉપડશે અને બીજા દિવસે (રવિવાર) 18:30 વાગ્યે મદુરાઈ પહોંચશે. આ ટ્રેન માર્ગમાં આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, વાપી, પાલઘર, વસઈ રોડ, કલ્યાણ, પુણે, સોલાપુર, કલબુર્ગી, વાડી, રાયચૂર, ગુંતકલ, ગુત્તી, રાજમપેટા, રેણિગુન્ટા, ચેંગલપટ્ટુ, વિલ્લુપુરમ, તિરુચિરાપલ્લી અને દીંડુક્કલ સ્ટેશનો પર થોભશે. આ ટ્રેનમાં સ્લીપર શ્રેણી તથા સામાન્ય દ્વિતીય શ્રેણીના કોચ રહેશે. ટ્રેન સંખ્યા 09473 માટે બુકિંગ તાત્કાલિક અસરથી તમામ મુસાફર આરક્ષણ કેન્દ્રો તથા આઈઆરસીટીસીની વેબસાઇટ પર શરૂ થઈ ગયું છે.



ટ્રેનના સ્ટોપેજ, સમય અને કોચની સંરચના અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in વેબસાઇટની મુલાકાત લઈ શકે છે.

સાબરમતી રેલવે મેટ્રો સ્ટેશન મુસાફરો માટે શરૂ કરાશે

28 નવેમ્બરથી સ્ટેશન પર મેટ્રો ટ્રેન ઉભી રહેશે, અમદાવાદ-ગાંધીનગરના મુસાફરોને ફાયદો...



અમદાવાદ | સાબરમતી રેલવે મેટ્રો સ્ટેશન મુસાફરો માટે 28 નવેમ્બરથી શરૂ કરવામાં આવશે. એટલે કે આવતીકાલે શનિવારથી મેટ્રો સ્ટેશન પર મેટ્રો ટ્રેન ઉભી રહેશે. સાબરમતી રેલવે સ્ટેશન જવા માટે આ સ્ટેશન પર મુસાફરો ઉતરી શકશે. અમદાવાદ અને ગાંધીનગરના મુસાફરો માટે ખૂબ જ ઉપયોગી સ્ટેશન બનશે. વાસણા APMCથી મોટેરા, ગાંધીનગર તરફ તમામ સ્ટેશનો કાર્યરત અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે મેટ્રો ટ્રેન સેવા ચાલી રહી છે. સાબરમતી ચીમનભાઈ પટેલ બ્રિજ પાસે બુલેટ ટ્રેન અને રેલવે સ્ટેશન જનારા મુસાફરો માટે સાબરમતી રેલવે મેટ્રો સ્ટેશન બનાવવામાં આવ્યું છે. વાસણા APMCથી મોટેરા અને ગાંધીનગર તરફ અવરજવર માટેના રૂટ ઉપર તમામ સ્ટેશનો કાર્યરત થઈ ગયા હતા, પરંતુ રેલવે સ્ટેશન ખાતેનું મેટ્રો સ્ટેશન હજી નિર્માણાધિન હતું. જે સ્ટેશન હવે બનીને તૈયાર થઈ ગયું છે જેથી 28 નવેમ્બરના રોજ સાબરમતી મેટ્રો રેલવે સ્ટેશન મુસાફરો માટે શરૂ કરી દેવામાં આવશે.

સૌરાષ્ટ્ર તરફ જતી ટ્રેનોમાં બેસવા સાબરમતી રેલવે સ્ટેશન જવા મુસાફરો અત્યાર સુધી બસ અને રિક્ષાનો ઉપયોગ કરતા હતા. પરંતુ હવે સાબરમતી મેટ્રો રેલવે સ્ટેશન શરૂ થઈ જતા મુસાફરો મેટ્રો ટ્રેનમાં ઉતરી અને સીધા સાબરમતી રેલવે સ્ટેશન તરફ જઈ શકશે.

સાબરમતી રેલવે મેટ્રો સ્ટેશનથી APMC જવા માટે પ્રથમ ટ્રેન 6.25 વાગે મળશે જ્યારે ગાંધીનગર જવા માટે 7.15 વાગ્યે ટ્રેન મળશે. જ્યારે છેલ્લી ટ્રેન અમદાવાદ માટે રાતે 11:32 અને ગાંધીનગર ગિફ્ટ સિટી માટે 6:32 તેમજ મહાત્મા મંદિર માટે 9.10 વાગ્યે મળશે. ટ્રેનના સમય અંગેની વધુ વિગતવાર માહિતી વેબસાઇટ https://www.gujaratmetrorail.com પરથી પણ મળી રહેશે.

'કેપ્સુલ ડિઝાઇન' તૈયાર કરી વાહનોને 300 મીટરનો યુ-ટર્ન અપાશે, બંને તરફ રોડની વધુ એક લેન બનાવવાની શરૂઆત

અમદાવાદ-ગાંધીનગર હાઇવે પર ભાટ ચાર રસ્તા બંધ

(એજન્સી) અમદાવાદ | તા. 27

અમદાવાદ-ગાંધીનગર હાઇવે પર ઈન્દિરા બ્રિજ નજીક આવેલા ભાટ-કોટેશ્વર મુખ્ય ચાર રસ્તાનું જંકશન ટ્રાફિકની સમસ્યાના કારણે બંધ કરી દેવામાં આવ્યું છે. હવે ત્યાં 'કેપ્સુલ ડિઝાઇન' તૈયાર કરવાનો નિર્ણય લેવાયો છે. ગાંધીનગર માર્ગ અને મકાન વિભાગ દ્વારા રોડની બંને તરફ એક વધારાની લેન બનાવી નવા યુ-ટર્ન તૈયાર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે, જે આગામી 15 દિવસમાં પૂર્ણ થતા મોટેરા, કોટેશ્વર અને ભાટના વાહનચાલકોને મોટી રાહત મળશે.

ભાટ ચાર રસ્તા પરનું મુખ્ય જંકશન બંધ કરાતા મોટેરા-કોટેશ્વરથી એરપોર્ટ તરફ જતા વાહનચાલકોને 1 કિલોમીટર દૂર કેબલ બ્રિજ નીચેથી, જ્યારે ભાટ-ગાંધીનગર તરફથી આવતા ચાલકોને ઈન્દિરા બ્રિજ નીચેથી 2 કિલોમીટરનો ફેરો ફરીને યુ-ટર્ન લેવો પડતો હતો. સ્થાનિક નાગરિકોની હાલાકી અંગે રાજકીય નેતાઓ અને ગાંધીનગર સુધી રજૂઆત કરવામાં આવતા, ટ્રાફિક પોલીસ અને તંત્ર દ્વારા જંકશન ખોલવાના બદલે કેપ્સુલ ડિઝાઇન બનાવવાનો નિર્ણય લેવાયો છે.



અહીં રોડની કામગીરી ચાલુ છે.

રોડ પહોળો કરી બંને તરફ 300 મીટરના અંતરે નવા યુ-ટર્ન બનાવાશે અમદાવાદ અને ગાંધીનગર તરફ અવરજવર કરતા વાહનચાલકોને અડચણ ન પડે તે માટે હાલ બંને તરફના રોડ પર એક-એક વધારાની લેન બનાવી રસ્તો પહોળો કરવાની કામગીરી ચાલી રહી છે. આ કામગીરી પૂર્ણ થયા બાદ બંને તરફ 300 મીટરના નવા યુ-ટર્ન તૈયાર કરવામાં આવશે, જેનાથી 15 દિવસમાં જ વાહનવ્યવહાર સરળ બનશે.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...